ISBN-978-81-973071-8-8
First Edition




Dr. Varsha C. Brahmbhatt is the Associate Professor of the Maniben M. P. Shah Mahila Arts College, Kadi Since 1993. She has done her Graduation in Gujarati from St. Xavier's College, Gujarat University, Ahmedabad. Further there after she has completed her Master's Degree in Gujarati from School of Languages, Gujarat University, Ahmedabad. She has been Awarded Ph.D. Degree in Gujarati by Gujarat University, Ahmedabad.

She has Actively Involved in her Teaching Profession. She has having 30 years of experience at graduation level and 15 years of experience at post graduation level. She has depth knowledge in Literature. she has interest in reading, writing, music and travelling. She is also involve with cultural activities at college. She has Published many Research Paper / Articles in Reputed Educational Journals. She is working as a NAAC and IQAC Coordinator in the College.

*Publisher*

Maniben M. P. Shah Mahila Arts College,
Opp. N.C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist. : Mehsana
Gujarat, India
Ph. : (02764) 242072
Email : hina639@gmail.com
ISBN 978-81-973071-8-8



ISBN-978-81-973071-8-8
First Edition

# Gujarati Shorts in Post Modern Era

**Dr. Varsha C. Brahmbhatt**

**"Gujarati Shorts in Post Modern Era"**

**Maniben M. P. Shah Mahila Arts College**

**Publisher**

ISBN-978-81-973071-8-8
First Edition

Published by:
**MANIBEN M. P. SHAH MAHILA ARTS COLLEGE,**
Opp. N. C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist - Mehsana,
Gujarat, India
Ph.: (02764) 242072
E-Mail: hina639@gmail.com

Published - 2024

© Reserved

ISBN: 978-81-973071-8-8

All rights reserved. No part of this book may be reproduced in any form or by any mean without permission in writing from the publisher.

**Published at:** Kadi

ISBN-978-81-973071-8-8
First Edition

# પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યમાં અનુઆધુનિકયુગ વીસમી સદીના નવમાં દાયકાથી આરંભાય છે. અહીં પરંપરાગત ટૂંકીવાર્તાની સેર અનુઆધુનિક સમયગાળાના મુખ્ય પ્રવાહમાં ભળે છે. દલિતવાર્તાનો પ્રવાહ અનુઆધુનિકયુગની મહત્ત્વની ઘટના છે.

પ્રસ્તુત પુસ્તકમાં દલિત, પીડિત, નારી તથા હાંસિયામાં ધકેલાઈ ગયેલા સ્ત્રી-પુરુષોની સમસ્યાઓ તથા તેમના શારીરિક અને માનસિક શોષણને આલેખતી વાર્તાઓમાં નિરુપિત શોષણની વાત રજૂ કરવામાં આવી છે. ૧૯૮૦ થી ૨૦૧૪ સુધીના લગભગ સાડાત્રણ દાયકાના દલિતો અને અદલિત વાર્તાકારો હિમાંશી શેલત, મોહન પરમાર, દલપત ચૌહાણ, હરીશ મંગલમ, જોસેફ મેકવાન, ધરમાભાઈ શ્રીમાળી, બી.કેશર શિવમ, હરીશ નાગ્રેચા, પ્રવિણસિંહ ચાવડા, માય ડિયર જયુ, મફત ઓઝા.... જેવા સર્જકોની વાર્તાઓમાં નિરુપિત કેટલાંક દલિત અને અદલિત સર્જકો દ્વારા દલિતોની વેદના-પીડાને વાચા અપાઈ છે.

**ડૉ. વર્ષા સી. બ્રહ્મભટ્ટ**

ISBN-978-81-973071-8-8
First Edition

# CONTENTS


| Sr. No. | Title | Page No. |
|---|---|---|
| 1 | અનુઆધુનિકતાવાદ | 1 |
| 2 | હિમાંશી શેલત (8-1-1947) | 2 |
| 3 | મોહન પરમાર (15-3-1948) | 7 |
| 4 | દલપત ચૌહાણ (10-04-1940) | 14 |
| 5 | મણિલાલ હ. પટેલ (09-11-1949) | 21 |
| 6 | રમેશ ર. દવે (01-09-1947) | 23 |
| 7 | જોસેફ મેકવાન (09-10-1936) | 24 |
| 8 | હરીશ મકવાણા | 27 |
| 9 | હરીશ મંગલમ્ (15-2-1952) | 28 |
| 10 | ધરમાભાઈ શ્રીમાળી (21-12-1957) | 31 |
| 11 | બી. કેશર શિવમ (28-9-1940) | 35 |
| 12 | હરીશ નાગ્રેચા (25-12-1934) | 39 |
| 13 | માવજી મહેશ્વરી (30-12-1964) | 44 |
| 14 | માય ડિયર જયુ (27-05-1940) | 47 |
| 15 | મફત ઓઝા (01-03-1944) | 50 |
| 16 | કિરીટ દૂધાત (01-01-1961) | 51 |
| 17 | ભી.ન. વણકર | 52 |
| 18 | રવીન્દ્ર પારેખ (21-11-1946) | 57 |
| 19 | અમૃત મકવાણા | 58 |

ISBN-978-81-973071-8-8
First Edition

# અનુઆધુનિક વાર્તાઓમાં શોષણનું નિરૂપણ

## અનુઆધુનિકતાવાદ

ગુજરાતી સાહિત્યમાં વીસમી સદીના છઠ્ઠા દાયકાના અંત ભાગમાંથી આરંભાયેલ આધુનિક સાહિત્ય આઠમા દાયકાના અંત સુધી સીમિત છે. જે નવી સાહિત્યધારા શરૂ થઈ તે અનુઆધુનિક કે આધુનિકોત્તર ધારા તરીકે ઓળખાઈ. ફ્રેંચ ફિલસૂફ લ્યોતાર અનુઆધુનિકતાવાદનો જનક છે.

અનુઆધુનિક સાહિત્યમાં સ્વરૂપને બદલે સામગ્રી પર ભાર મુકાય છે. નવલકથા, કવિતા, નાટકની જેમ ટૂંકી વાર્તા સ્વરૂપમાં પરંપરાગત ટૂંકી વાર્તાની સેર અનુઆધુનિક સમયગાળામાં મુખ્યપ્રવાહરૂપે વહે છે. હિમાંશી શેલત, દિલીપ રાણપુરા, જોસેફ મેકવાન, મણિલાલ હ. પટેલ, મોહન પરમાર, હરીશ નાગ્રેચા, રમેશ દવે જેવા સર્જકોએ દલિતો, નારી, પીડિત, હાંસિયામાં ધકેલાઈ ગયેલાં સ્ત્રી-પુરુષોની સમસ્યાઓ તથા શારીરિક તેમજ માનસિક શોષણને અને તેમની સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને વાર્તાલેખન કર્યું છે. નારીવાદ અનુઆધુનિકયુગની એક પ્રમુખ વિચારધારા છે.

અનુઆધુનિક સાહિત્ય મનુષ્યની વ્યથા, પીડાને આલેખી તેના મન સુધી પહોંચવા મથે છે. દલિતવાર્તાનો પ્રવાહ અનુઆધુનિક યુગની મહત્ત્વની ઘટના છે. 'ગુજરાતી દલિતવાર્તા'ના સંપાદન બાદ દલિતવાર્તામાં દલિત પરિવેશ દલિતોની સમસ્યાઓ, અસ્પૃશ્યતાની પીડા, દલિતોના વાણીવર્તન, રીતભાત, તેમની સંવેદના દલિતોની પોતાની આગવી બોલીના ભાષાકર્મ સાથે સર્જાય છે.

1980થી 2014 સુધીના લગભગ સાડા ત્રણ દાયકાના સમયગાળામાં દલિત વાર્તાકારો પાસેથી પ્રતિબદ્ધ વાર્તાઓ મળી. દલિત વાર્તાસાહિત્યમાં દલિત સ્ત્રીઓનું જાતીય શોષણ અસરકારક રીતે નિરૂપાયું છે. આ ધારામાં મોહન પરમાર, દલપત ચૌહાણ, હરીશ મંગલમ્ જેવા સીમાચિહ્નરૂપ વાર્તાકારો મળ્યા છે.

વીસમી સદીની ચોથી પચ્ચીસીમાં વાર્તાપ્રવાહમાં અનુઆધુનિકનાં લક્ષણો પ્રવર્તે છે. તળપદી ભાષા, તળપદનાં ગ્રામસમાજનાં પાત્રો, દલિત, પીડિત, આદિવાસી પ્રજાનું શોષણ અને તેમની પ્રતિક્રિયાને કેન્દ્રમાં રાખીને વાર્તાઓ લખવાનું વલણ જોવા મળે છે. ઈ.સ.1980થી 2014 સુધીના ત્રણથી ચાર દાયકાનો સમયગાળો સમગ્ર દેશ અને વિશ્વકક્ષાએ પરિવર્તનકારી નીવડ્યો. ઈ.સ.1981 અને ઈ.સ.1985માં થયેલાં અનામત વિરોધી આંદોલનોએ શિક્ષિત દલિતોને પોતાના અધિકાર માટે જાગૃત કર્યા દલિત પેન્થર પ્રવૃત્તિ તેમજ મહારાષ્ટ્રમાં થયેલા દલિત જાગૃતિના આંદોલનના પગલે ગુજરાતમાં પણ દલિત સાહિત્યનો જન્મ થયો. દલિતો પર ગુજારાયેલા અત્યાચારે તેમને દલિત સાહિત્ય લખવા પ્રેર્યા. અનુઆધુનિક વાર્તાપ્રવાહમાં દલિતચેતના, નારીચેતના જેવા વિષયોને સ્પર્શવામાં આવ્યા. દલિતચેતનાપ્રવાહમાં દલિત અને અદલિત વાર્તાકારોએ દલિતોની દીનહીન દશાના નિરાકરણ માટેનો હક્કપૂર્વકનો આક્રોશ ઠાલવ્યો છે. આ સમયગાળાની વાર્તાઓમાં સમાજલક્ષિતા, લોકબોલીનો વિનિયોગ અને હાંસિયામાં ધકેલાયેલા વંચિતો-પીડિતો અને દલિતોની વેદના-સંવેદનાને વાચા આપવામાં આવી છે. નારીવાદી સાહિત્યમાં પોતાના અધિકાર માટે જાગૃત બનતી નારી આલેખાઈ છે. 'દલિત એટલે જેમનું દમન થયું છે તે.'

અસ્પૃશ્યતા આપણા સમાજનું મોટામાં મોટું કલંક છે. અસ્પૃશ્યતા એ મનુવાદી સમાજરચનાની દલિતવર્ગ પર પરાણે ઠોકી બેસાડેલી શાપરૂપ વ્યવસ્થા છે. દલિતવર્ગ શિક્ષિત બનીને, નાની-મોટી નોકરી મેળવી સવર્ણોના જેવી જીવનશૈલી અપનાવવા પ્રયત્ન કરે તો સવર્ણો તેમને મુખ્ય પ્રવાહથી દૂર રાખવાનો પ્રયત્ન કરે છે. દલિતવર્ગનાં સહકાર્યો, પ્રામાણિકતાની સમાજ દ્વારા નોંધ પણ લેવાતી નથી. અસ્પૃશ્યતાનું આવું સર્વવ્યાપક બનેલું દૂષણ અનુઆધુનિક યુગના દલિત વાર્તાકારોનો વિષય બન્યું છે. દલિતોના જાતીય શોષણ, આર્થિક શોષણને વાર્તાકારોએ નિરૂપ્યું છે.

અનુઆધુનિક યુગની વાર્તાસૃષ્ટિમાં વાર્તાકારોએ દલિતો સાથે થતા અન્યાયનાં વિવિધ પાસાંને નિરૂપ્યાં છે, જેવાં કે દલિતો માટે ગામમાં અલગ હવાડી, દલિતોના રૂપિયાને છાંટ નાંખી લેવો, મંદિરમાં પ્રવેશબંધી, ગામના અલગ અને છેવાડાના વિસ્તારમાં તેમનાં ઘરો માટે વ્યવસ્થા, શાળામાં પાછલા બારણેથી પ્રવેશ અને ક્યારેક પ્રવેશબંધી, સવર્ણોના વિસ્તારમાં મકાન ભાડેથી કે ખરીદીથી ન આપવું, પંચાયતમાં ચૂંટાયેલા દલિત સભ્યને જમીન પર બેસાડવો. આવી વિવિધ પ્રકારની અસ્પૃશ્યતાનો ભોગ દલિતવર્ગ બનતો આવ્યો છે.

દલિત વાર્તાઓમાં નિરૂપિત ઘટનાઓ કે પ્રસંગોના આલેખનમાં દલિતોની કોઈ ને કોઈ પીડા કે વેદના છુપાયેલી છે.

**હિમાંશી શેલત (8-1-1947)**

*આધુનિક વાર્તાકારોમાં હિમાંશી શેલત આગવું સ્થાન ધરાવે છે. સ્ત્રી સંબંધિત સામાજિક સમસ્યાઓ, વ્યક્તિના અસ્તિત્વનો સંઘર્ષ, દામ્પત્યજીવનમાં ત્રીજા પાત્રનો પ્રવેશ, રૂપજીવિનીઓની વેદના-સંવેદના, એકાકી જીવન જીવતી સ્ત્રીઓની સમસ્યાઓનું કથન તે હિમાંશી શેલતની વાર્તાઓનો વિષય છે. અનુઆધુનિક વાર્તાપ્રવાહનો પ્રાદુર્ભાવ હિમાંશી શેલતના 'અંતરાલ' વાર્તાસંગ્રહથી થયો હોવાનું માનવામાં આવે છે.*

**'ખરીદી'**

રૂપજીવિનીઓની વેદના-સંવેદનાઓને નિરૂપતી પ્રસ્તુત વાર્તા હિમાંશી શેલતની અન્ય વાર્તાઓની જેમ જ મનમાં ઊઠતી ઇચ્છા-આકાંક્ષાઓ અને એ પરિપૂર્ણ કરવા માટેનો સંઘર્ષ અને એમાં આવતી સમાજજીવનની અડચણોનું નિરૂપણ કરે છે. પળેપળે વિચારતું, શમણાઓમાં રાચતું માનવમન અને હકીકતમાં એને મૂર્તિમંત કરવામાં આવતી બાધા-અડચણો, રુકાવટો એને ક્યારેક એટલી હદે નાસીપાસ કરી દે છે કે એ અન્યથા વિચારવા મજબૂર બની જાય છે.

'ખરીદી' નામની આ કૃતિનું કથાવસ્તુ પણ કંઈક આવું જ છે. લેખિકા પોતાની આગવી ખાસિયત મુજબ કંઈ ભૂમિકા બાંધ્યા સિવાય સીધાં વિષયવસ્તુ પર આગળ વધે છે અને એ મુજબ પ્રસ્તુત કૃતિની 'અનામી' નાયિકા કે જે પોતે એક રૂપજીવિની છે અને છ મહિના પહેલાં એની મૌસીને મળવા આવેલી કેટલીક ભદ્ર સમાજની નારીઓને જોઈને એને પણ આ બીજાને રીઝવવા કરવા પડતા સાજ-શ્રૃંગાર

સિવાયની સાદી-સીધી, કોઈ પણ જાતની ટાપટીપ વગરની સ્ત્રી બનીને ફરવાનું મન થાય છે. એ એની 'મોના'ને મળવા માટે આવી જ રીતે કોઈ પણ જાતના સાજ-શ્રુંગાર વગર પેલી ભદ્ર સ્ત્રીએ પહેરી હતી તેવી બદામી રંગની, વણાટમાં મોટી રાતી બોર્ડર, અંદર ઝીણાં રાતાં ટપકાંવાળી સુતરાઉ જેવી લાગતી સાડી પહેરીને જવાનું નક્કી કરે છે અને એવી સાડી ખરીદવા માટે છ મહિનાથી ભેગા કરેલા પૈસાનું કવર લઈને નીકળે છે. અંતે એવી સાડી જેવી સાડી એને મળે છે. એ ખરીદીને એ પરત આવતી હોય છે ત્યારે એ પોતે કોઈ પણ પ્રકારના સાજ-શ્રુંગાર કર્યા વગર પેલી ભદ્ર સ્ત્રીની જેમ સાદી બનીને નીકળી હોવા છતાં એની સાથે રૂપજીવિનીઓ સાથે થતો હોય તેવો વ્યવહાર બજારમાં થાય છે અને એ વિરોધ કરે છે તો 'દેખ બે રંડીકા રૌબ તો દેખ' કરીને એની મજાક ઉડાવવામાં આવે છે. વાર્તાના અંતે અરીસામાં ચહેરો જોતી નાયિકા પોતાનું મોં કોઈ પણ સ્ત્રીનું હોય તેવું જ છે, અલગ નથી છતાં પણ એ પ્રકારના વ્યવહારથી અચબિંત થઈ. પેલી 'ખરીદી' કરેલી સાડીને સાડીઓના ઢગલામાં ગોઠવી દઈ નહિ પહેરવાનો નિર્ણય કરે છે. એટલું જ નહિ એ તો 'મોના'ને મળવાનો વિચાર પણ માંડી વાળે છે. આમ, એની ભદ્ર સ્ત્રીની જેમ દેખાવવાની, જીવવાની અદમ્ય ઇચ્છા કે જેને એ છેલ્લા છ મહિનાથી મનોમન જીવી રહી હતી તે ધરબી દે છે.

માનવમનની અંદર વહેતી સંવેદનાઓને જ્યારે ઇચ્છિત પરિણામ મેળવવામાં નિષ્ફળતા મળે છે ત્યારે એ વેદનામાં પરિણમે છે અને એની કશક મનમાં લાંબા સમય સુધી ખૂંચ્યા કરે છે. વાર્તાની લેખિકાએ નાયિકાના મનમાં ઊઠેલી સંવેદનાને વર્ણવતાં લખ્યું છે કે,

"છ એક મહિના પહેલાંની ઘટના, ભદ્રવર્ગની થોડી મહિલાઓ આ વિસ્તારમાં કંઈક પૂછપરછ કરવા આવેલી. વિગતો કાગળમાં લખી લે, અને એવુંતેવું. વાતો તો બધી એ લોકોએ મૌસી જોડે બેસીને જ કરી, છતાં એ ત્યાં હાજર હતી તે વખતે એ મહિલાઓમાં એક ચહેરો યાદ રહી ગયો. રંગરોગાન, ચીતરેલી આંખ, હોઠ, કંઈ નહિ. એકદમ સાફ, ધોયો હોય તેવો ને તેવો. સાદો ટપકી જેવો ચાંદલો. લટ એકેય કાઢી નહોતી, સાદાઈથી ઓળેલા વાળ પાછળ બાંધી દીધા હતા અને સાડી. બસ, પછી એની નજર વળગી ગઈ સાડીને. બદામી રંગની, વણાટમાં મોટી રાતી બોર્ડર, અંદર ઝીણાં રાતાં ટપકાં. આમ તો સુતરાઉ લાગતી હતી, પણ એ સાડી એવી તો ગમી ગઈ કે બનવારીએ સાડીઓથી ભરી દીધેલું પોતાનું આખું કબાટ એને નકામું લાગ્યું."(1)

ત્યાર પછી મનમાં એવી જ સાડી પહેરીને એવું જ સાદાઈથી કોઈ જાતના શ્રુંગાર કે સજધજ વગર એ જેવી છે તેવી જ એને ફરવાનું મન થયું.

"એવી સાડી ખરીદી, પહેરી, મોનાને મળવા જવું હતું. પેલી મોટરમાં બેસીને આવી હતી એ બાઈની જેમ, ચહેરા પર કોઈ રંગરોગાન નહિ, જેવો આપ્યો છે ઉપરવાળાએ, તેવો જ લઈને."(2)

અને વાર્તાને અંતે જ્યારે સાદા પરિવેશમાં પણ એની સાથે એ જ વ્યવહાર થાય છે, જેવો સજીધજીને ફરતી એક રૂપજીવિની સાથે થાય. એટલું જ નહિ, એના મનમાં એમ કે પોતે સાદા પરિવેશમાં છે માટે કોઈ ઘરેલુ સ્ત્રી જેવી જ સામાન્ય દેખાય છે અને એને રૂપજીવિની તરીકે કોણ ઓળખવાનું છે ત્યારે

એની સાથે થયેલા અભદ્ર વ્યવહાર તરફ એ અણગમો વ્યક્ત કરે છે. ત્યારે એને સાંભળવા મળે છે કે "દેખ બે રંડીકા રોબ તો દેખ..."(3)

ત્યારે એ માનસિક રીતે તૂટી જાય છે. એ અરીસામાં સાંજની તૈયારી પહેલાં પોતાની જાતને જોઈને વિચારે છે કે, "આમ તો આવું મોં કોઈ પણ સ્ત્રીનું હોઈ શકે. અલગ કંઈ જ નહોતું એમાં."(4)

અને પછી આ કુશળ સર્જક લેખિકાએ એની સંવેદનાને મનોવેદનામાં પરિણમતી ખૂબ સરસ રીતે નિરૂપી છે.

"પેલી ખરીદેલી સાડી ગડીબંધ જ કબાટમાં ગોઠવી દીધી. બનવારીએ આપેલી પાતળી ભડકરંગી સાડીઓના ઢગલામાં એ એક સાડી ક્યાંયે સંતાઈ ગઈ. આમ તો મોનાને મળવા જતી વખતે એ સાડી પહેરવાની હતી, પણ પછી તો એણે મોનાને મળવા જવાનો વિચાર જ માંડી વાળ્યો."(5)

આમ સ્ત્રીઓ જે જીવન જીવે છે એવા જીવનની એક ઝલક જીવવાની ઇચ્છામાત્રથી રૂપજીવિની કેટલી ઉત્તેજિત હોય છે પણ સમાજજીવનમાં એમનું સ્થાન અને એ સ્થાનને યાદ કરાવવાની લોકોની અપમાનજનક પદ્ધતિથી એમનાં શમણાં ચકનાચૂર થઈ જાય છે અને એનો અવાજ પણ નથી આવતો. આ માનસિક શોષણનું અદભુત નિરૂપણ એટલે હિમાંશી શેલતની કૃતિ 'ખરીદી'. એટલે જ તો લેખિકાએ લખ્યું કે "પછી કશું બન્યું નહિં" અને ત્યાર બાદ એક રૂપજીવિની નાયિકાનો એના સામાન્ય સ્ત્રીની જેમ શ્રુંગારરહિત ફરવાના વિચારનું માંડી વાળવું, વાચકને એક વિચારશીલ પરિસ્થિતિમાં છોડી જાય છે.

**'કિંમત'**

બદનામ ગલીનું બદનામ જીવન જીવતી રૂપલલનાઓના જીવનમાં પેટિયું રળવા માટે દેહવિક્રય સિવાય કદાચ કોઈ વિકલ્પ વધ્યો હોય તેવું લાગતું નથી. આવા 'વેશ્યાજીવન' જીવતી અને અંધકારમય ભવિષ્યથી ભયભીત એવી કોઈ રૂપજીવિનીમાં આશાનું કિરણ જેવા કોઈ સમાચાર માત્ર સપનાના મહેલ બનાવવાનું કારણ બની જાય છે. અને જ્યારે એ સમાચાર વાતનું વતેસર હોવાનો અહેસાસ થાય અને જેનું ફક્ત એક સમયે મળવાના વળતરથી વધુ કંઈ મહત્ત્વ નથી અને એ વળતર માટે પણ જે કામ કરવાનું છે એ કદાચ જાહેરમાં એક રૂપજીવિની સિવાય કોઈને આપી પણ ન શકાય એવો પ્રસ્તાવ અને આવા પ્રસ્તાવ માટે વળતરરૂપે આપવાની 'કિંમત' નક્કી કરવાનું પણ એને જ પુછાય!

ઉપરોક્ત કથાવસ્તુ ધરાવતી હિમાંશી શેલતની 'કિંમત' નામની કૃતિ એક સમાચારથી શરૂ થાય છે અને એ સમાચારની આસપાસ હરતીફરતી અંતે એ સમાચારની સચ્ચાઈ અને એની સાચી સમજ પડતાં એની કિંમત એક વખત મોં માગ્યું વળતર મળવા સિવાય કંઈ ન હતી, એ પણ સુજ્ઞ વાચકને સુવિદિત કરાવવામાં સર્જક સફળ છે.

મોહના નામની રૂપજીવિનીના ફોટા ફિલમવાળાએ જોઈ લીધા છે અને તેની હાઇટ હીરોઇનની હાઇટ જેટલી જ છે અને તેને ફિલ્મમાં કામ મળવાનું લગભગ નક્કી છે, એ સમાચાર લોકચર્ચાનું કારણ બન્યા, સાથેસાથે એ મોહનાના મનોવિચારનું પણ. આ બદનામગલીના બહારનું જીવન અને આર્થિક

આવકમાં વધારાની તકના વિચારોમાં ગરકાવ થઈ ગયેલી મોહનાનો પરિચય જ્યારે વાસ્તવિક પરિસ્થિતિ સાથે થાય છે અને આ કોઈ તક નથી પણ હિરોઇનની હાઇટની પણ કપડાં ઉતારવા તૈયાર થઈ જાય એવી અને એમાં પણ શકલ તો બતાવવાના નથી, પણ હિરોઇનના બદલે એની ‘ડુપ્લિકેટ’ તરીકે પાછળથી વસ્ત્રહીન હાલતમાં બતાવવાની છે, જેમાં ફકત એક વાર મોં માગ્યા પૈસા મળવા સિવાયની કોઈ વાત નથી - એ જ્યારે સમજાય છે ત્યારે એ ‘નિરુત્તર’ થઈ જાય છે. આ એક સમાચાર ઉપર એણે જે સપનાના મહેલ ચણ્યા હોય છે એ કડડભૂસ થઈ જાય છે.

‘મેરે સીને મેં ભી દિલ હૈ, હું મૈં ભી એક ઇન્સાન’ શૈલેન્દ્રજી દ્વારા લખેલા ગીતના આ શબ્દો કદાચ આવી જ પરિસ્થિતિઓ માટે લખાયા હશે અને આવા જ સમાજથી દબાયેલા, તરછોડાયેલા અને ઉપેક્ષિત લોકોના હૃદયની વાતને વાચા આપવા માટે લખાયા હોય એવું લાગે. આશાનું કિરણ ઊગે અને હાથતાળી દઈને જતું રહે ત્યારે માનસિક શોષણનો અનુભવ કેવો હોય એનું સ્પષ્ટ નિરૂપણ કરતી આ કૃતિ વાચકને નાયિકાના દર્દથી માત્ર વાકેફ જ નહિ પણ અનુભૂત થવા માટે મજબૂર કરી દે છે.

**‘શાપ’**

સવિ શર્માની અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલી ‘બેસ્ટ સેલર’ નવલકથા છે – ‘Every one has story’ જે તેજલ આચાર્યએ ‘દરેકની એક વાર્તા હોય છે’ નામથી ગુજરાતી અનુવાદ કરી છે. એની શરૂઆતમાં લેખિકા લખે છે કે,

“દરેક વ્યક્તિ પાસે કહેવા માટે એક વાર્તા હોય છે. દરેક વ્યક્તિ એક લેખક છે. જેમાંની કેટલીક પુસ્તકોમાં લખવામાં આવે છે અને કેટલીક હૃદયમાં સમાયેલી રહે છે.” આવી જ કંઈક હૃદયમાં સમાયેલી, ધરબાયેલી ભાવનાઓને વાચા આપવા સર્જાયેલી કૃતિ એટલે હિમાંશી શેલતની ‘શાપ’.

માનવજીવનમાં પ્રત્યેક સ્તરે શોષણનો અનુભવ કરતી રૂપજીવિનીઓના મનમાં વાજબી કારણો પણ છે, એનાથી વાચકને અવગત કરાવવામાં લેખિકાએ સફળતા મેળવી છે. દેહવિક્રયના ધંધામાં કેટકેટલી અડચણો છે, જોખમો છે એનું ઘટનાક્રમ મુજબ નિરૂપણ થયું છે. આ ધંધામાં પણ મંદી હોઈ શકે, સ્પર્ધા હોઈ શકે, ગ્રાહક માટેની ખેંચતાણ હોઈ શકે એ પણ લેખિકાએ રજૂ કર્યું છે. કદાચ આ બદનામ ગલીઓમાં જીવન જીવતી અભાગી નારીઓના મનોપટલને એમની શારીરિક કરતાં માનસિક પીડાઓને ઉજાગર કરતાં લેખિકાએ આ કૃતિનું સર્જન કર્યું હોય એવું પણ બને.

તોફાનો કે વરસાદની અસર આમ-જનજીવન કે આમ-ધંધા-રોજગાર પર પડે છે તેવી રીતે આ લોકોના ધંધાને પણ એ અસર કરે છે. એઇડસ્ અવેરનેસ કાર્યક્રમ એમના ધંધા માટે કેટલો ઘાતક છે એનું પણ લેખિકાએ નિરૂપણ કર્યું છે.

“અઠવાડિયાથી આખા શહેરમાં ખૂણેખાંચરે બસ એઇડ્ઝનું જ ચાલ્યું. રાતોરાત ભડકી ગયું હોય લોક તેમ સરઘસ કાઢ્યાં પાટિયાં લઈને. એમના વિસ્તાર તરફ મોટાં મોટાં પોસ્ટરો ભીંતે વળગ્યાં. ચાર-પાંચ મોટાં ફૂલ ને ફૂલના અંદરના ચકરડામાં બાઈઓના ચહેરા આમતેમ ઊડતો એક ભમરો, તે વળી

મરદના મોંવાળો એક જ સાથીને વફાદાર રહો, સલામત સેક્સ, અને આ વાપરો અને તે વાપરો જેવી સલાહસૂચન. ગુલાબે તો એ બાજુ જોઈ જોઈને દાઝ કાઢવા પચીસેક પાનની પિચકારી છોડી હશે. પણ હંસાબાઈનું તો મોં જ પડી ગયું. એને થયું કે એ કદાચ રડી પડવાની. છેલ્લા અઠવાડિયાથી આ તરફ બહુ ઓછા જ ફરકના હતા, એ હકીકત હતી. એ પહેલાં ખૂબ વરસાદ પડ્યો તેમાં ધંધો નરમ હતો, એની આગળ તોફાનો."[6]

આમ, એક તો ધંધો નરમ, જુવાન ડૉક્ટર લોકો આવીને સમજાવી ગયેલા એઇડસ્ વિશે – સાચવો નહિ તો આમ થાય, તેમ થાય. ચંપાકલીનું આ જ રોગમાં મોત થયું હતું તેવું સોનુનું કહેવું, બોલે નહિ પણ જરા ગભરાટ તો દરેકને લાગે પણ ઉપાય જડે નહિ, પોલીસની પણ જોહુકમી. આ બધાથી ફંટાળેલી રૂપજીવિનીઓએ રતન નામની બાઈની ઓરડીમાં વિડિયો જોવાનું રાખ્યું અને એમાં પણ ગુજરાતી પિક્ચર - સતી વિશેનું. સતીને છેડનાર જાલિમને સતી દ્વારા અપાતા શાપથી એને આખા શરીરે પલકવારમાં ધારાં અને ગૂમડાં ફૂટી નીકળ્યાં, લોહી-પરુથી ખદબદતા. એનો અક્કડ ચહેરો ઢીલોઢફ પડી ગયો અને તરફડવા લાગ્યો, હાથ જોડવા લાગ્યો.

આ જોઈને હંસાબાઈને પણ વિચાર આવ્યો કે જો આવા શાપથી જો આવા જાલિમોની આવી હાલત થતી હોય તો પોતે કોને કોને આવા શાપ આપે. જેમણે એને જીવનની આવી દુર્ગતિએ પહોંચાડી છે. એવા વિચારમાત્રથી એ ખુશ થઈ જાય છે અને મનોમન એના જીવનનાં વિલેન પાત્રો કે જે એની આ દુર્દશા માટે જવાબદાર છે એને શાપ આપતી અને એમની હાલત કફોડી થાય છે અને એને આ જીવન જીવવા મજબૂર કરનાર સર્વેની આખી લાઇન મનોમન બનાવી લીધી અને તમામે તમામને માટીમાં રગદોળાતા, કરગરતા અને આળોટતા કલ્પ્યા, અને પોતે આમ જ ઘરના ઓટલે ઊભી હોય પેલી સતીનો રોલ કરતી હિરોઇનની જેમ.

આ કલ્પનામાત્રથી એ ખુશ થઈ ગઈ અને ધોધમાર હસવા માંડી અને આ હાસ્યથી એનું માથુ ખાલીખમ થઈ ગયું અને એણે ખાસ ખાધું નહિ હોવા છતાં એ ઘસઘસાટ ઊંઘવા લાગી.

આમ, લેખિકાએ આવી માનસિક યાતનાઓમાં જીવતી એક રૂપજીવિનીની મનોવેદના અને એને આ યાતનામાં ધકેલનાર લોકો પ્રત્યેની એક નફરત જે ક્યાંક ધબરાયેલી પડી છે એને ઉજાગર કરી છે. એ લોકોને કરગરતા, પીડાતા જોવાની કલ્પનામાત્રથી એ સંતોષાઈ જાય છે અને ઘસઘસાટ ઊંઘી જાય છે. આમ, ઉપેક્ષિત અને અનપેક્ષિત જીવન જીવતી રૂપલલનાઓની મનોવેદનાને વાચા આપતી આ કૃતિ શોષણનું નિરૂપણ કરતી કૃતિ છે.

ISBN-978-81-973071-8-8
First Edition

**મોહન પરમાર (15-3-1948)**

*મોહન પરમારનો જન્મ તા 15-3-1948ના રોજ ભાસરિયા (તા.જિ. મહેસાણા)માં થયો હતો. પિતાનું નામ અંબાલાલ અને માતાનું નામ મંછીબેન હતું. 1થી 7 ધોરણનો અભ્યાસ વતન ભાસરિયામાં કર્યો. ધોરણ 8થી 9નો અભ્યાસ લીંચમાં તથા 10 અને 11નો અભ્યાસ આંબલિયાસણ ગામમાં કર્યો. બી.એ. મહેસાણામાં તથા એમ.એ.નો અભ્યાસ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદમાં કર્યો. 1994માં શ્રી ચંદ્રકાંત ટોપીવાળાના માર્ગદર્શન હેઠળ 'સુરેશ જોશી પછીની વાર્તાનાં વિશેષ પરિમાણો' વિષય પર પીએચ.ડી. કર્યું.*

*વાચન-લેખનનો વિશેષ રસ ધરાવતા મોહન પરમારે પરંપરાગત વાર્તાપ્રવાહને જાણ્યો. ધૂમકેતુ પન્નાલાલ પટેલ, સુંદરમ્, ચુનીલાલ મડિયા, જયંત ખત્રી, ઈશ્વર પેટલીકર, જયંતી દલાલ જેવા સર્જકોની વાર્તાઓએ તેમના મનોવિશ્વને ઘડવામાં મોટો ફાળો આપ્યો.*

*મોહન પરમાર ગુજરાતી સાહિત્યમાં વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર, વિવેચક અને સંપાદક જેવી વિવિધ પ્રતિભા ધરાવતા સર્જક છે. 'કોલાહલ', 'નકલંક', 'કુંભી', 'પોઠ', 'અંચળો' જેવા વાર્તાસંગ્રહો પ્રાપ્ત થયા છે.*

**'થળી'**

મોહન પરમારની 'થળી' વાર્તામાં રેવી નામની હરિજન અને ગરીબ સ્ત્રીની પાછળ પડીને એને પોતાની મોહજાળમાં ફસાવી એને ઇચ્છા-અનિચ્છાએ વશ થવા માટે મજબૂર કરતા દરબાર માનસિંહ દ્વારા થતું શારીરિક અને માનસિક શોષણનું નિરૂપણ થયેલ છે. આ શોષણના ત્રાસથી છૂટવા મથતી રેવી અનેક ગડમથલને અંતે માનસિંહને પોતાની વાત માનવા એ જ સામાજિક અસમાનતાને હથિયાર તરીકે સફળતાપૂર્વક ઉપયોગમાં લે છે, એ પણ સર્જકે બ-ખૂબી રજૂ કર્યું છે.

માણસ પણ પહેલાં કુદરતી આવેગો અને સંજોગોને વશ થઈ ભૂલ કરી બેસે છે અને પછી એ ભૂલ સુધારવા વલખાં મારે છે. ક્યારેક તો ભૂલના કોઈ ભવંડરમાં એવો ફસાઈ જાય છે કે જેટલો જેટલો પ્રયત્ન એમાંથી છૂટવા માટે કરે છે એ તમામ વલખાં એને વધુ ને વધુ એમાં ખૂંપાવતાં જાય છે. કંઈક આવું જ 'થળી' વાર્તાની નાયિકા રેવી સાથે થયું. જાણવા છતાં એ માનસિંહની મોહજાળમાં આવી ગઈ અને હવે તો માનસિંહે હદ કરી અને એના વાસમાં આવીને એને ખેતરે આવવા માટે દબાણ કર્યું. વાસમાં એની ઇજ્જતની પરવા કર્યા સિવાય એને ખેતરે આવવા માટેનું વચન લીધું. આ ઘટના પછી વાસમાં એના માટે ચેં ચેં – પેં પેં શરૂ થઈ ગઈ હતી. એના જેઠ ભગા તૂરીએ પણ એને ઠપકો આપ્યો. હચમચી ગયેલી રેવીનું અંતર ચિરાઈ ગયું હતું. ભગાના વેણથી, એની જેઠાણી તખીએ પણ આ માનસિંહના આવવાના કારણે એને ઠપકો આપ્યો હતો. આથી એને આ માનસિંહથી પીછો છોડાવવો હતો. મન ચકરાવે ચઢ્યું હતું. ખેતરમાં ગયેલી રેવીએ નજીકમાં બેઠેલા માનસિંહને રગદોળી નાખવાનું મન થયું. એને તાબોટા પાડતો કરી મેલવાનું મન થયું. રેવીના આંતરમનમાં ચાલતી આ ગડમથલને લેખકે એના મનોપટલ ઉપર વારેઘડીએ બદલાતાં

ISBN-978-81-973071-8-8
First Edition

ચિત્રોમાં એનો પુત્ર ધૂળો, એનો પતિ ચમન તૂરી, એનો વાસ અને આગળ-પાછળની અનેક ગણતરીઓ વચ્ચે એના બદલાના નિર્ણયો વચ્ચે એક વાત પાકી હતી કે સાંજે આ માનસિંહથી કાયમનો છુટકારો જોઈએ છે. માનસિંહની ઇચ્છા તો આજે પણ પોતાની હવસ પોષી લેવાની હતી પણ રેવીના હાથમાં આજે એ વાત આવી ગઈ જે માનસિંહને ઘૂંટણિયે પડવા મજબૂર કરી દે છે. અને એ સર્જકે બહુ સરસ રીતે નિરૂપ્યું છે.

"એને એક વિચાર આવ્યો ને એ હરખાઈ ઊઠી. મનની ગરબાઈ ત્યજીને એ ફૂદકો મારી ઊભી થઈ ગઈ. હાથમાં દાતરડું લીધું. ઘેરથી કરેલો નિર્ણય વ્યર્થ જઈ રહ્યો હતો છતાં મનમાં જે ગણતરીઓ ચાલી તે સમયસરની લાગી. ચહેરાની રેખાઓ જરાય તંગ કર્યા વિના એ કૂવાના થાળા બાજુ જવા લાગી."(7)

અને જ્યારે રેવીએ માનસિંહને કહ્યું,

"મારઅ તમારું ઘર માંડવું છઅ એટલે?"

"મારું?" માનસિંહ ફફડી ઊઠ્યો.

"હા તમારું! આમ બીતાં બીતાં રઈયે ઈના કરતાં કાયમ હંગાથ રે'વું હારું. પછઅ તમે અનઅ હું કોઈની કશી બીક જ નૈ!"

"એ તો ના બનઅ."

"ચ્યમ?"

"તું રચી હરિજન. અમે રચા બાપુ! છી છી છી, મારા ઘરમાં તું ના શોભે..." માનસિંહે નાકનું ટેરવું ચડાવીને મોં કટાણું કર્યું. રેવી કાળઝાળ થઈ ઊઠી : "આ જોનઅ મારો ભાનો દિયોર! પાંચ વરહથી મારો દેહ ચૂસી ચૂસીનઅ ચાયણી જેવો કરી મેલ્યો. નઅ ઈના ઘરમાં મીં બહેવાની વાત કરી તાણઅ હું હલકી વરણની લાજી. આંય આય હવઅ હું, તનઅ મારા પડખે ચડવા દઉં છું!" એ મકકમ બની. મોં રણચંડી જેવું કરીને ઊભી, પણ માનસિંહના દેહમાં હવસ ઉછાળા મારતો હતો. એને તો રેવીને ભીંસી નાખવી હતી. એ આગળ વધ્યો.

"રેવી હવઅ આ બધું ગાંડપણ છોડીનઅ જ્યમ ચાલસઅ ઈમ ચાલવા દે."

"ના, હોં! આ રોજના હંડમાલા મારાથી નહિ વેઠાય. હેંડો તમારા દરબારવાહમાં જ આવું છું. મનઅ તમારા ઘરનું પોણી ભરવાના અભરખા જાગ્યા છઅ."(8)

રેવીનું આ હથિયાર કામ કરી ગયું અને એણે માનસિંહ પાસેથી હવે કોઈ દિવસ હેરાન નહિ કરવાનું, વાહમાં નહિ આવવાનું અને નામ નહિ લેવાનું વચન લીધું. "પછી એ મુક્ત પંખીની જેમ કિલ્લોલ કરી ઊઠી." (9)

ઉચ્ચ વર્ણના કહેવાતા સજ્જનો દ્વારા નીચલા વર્ણના થતા શોષણના નિરૂપણની આ કૃતિ એની માવજતની રીતે પણ ઉત્તમ છે.

**'રઢ'**

રણવીર નામના પાત્રને વાર્તાકથક બનાવીને સર્જકે એના દ્વારા કહેવાતા ઘટનાક્રમો દ્વારા આ કૃતિ વાચકને પ્રવર્તતી સામાજિક માન્યતાઓ અને એમાં દલિતનું સવર્ણ દ્વારા થતું શોષણ અને આ શોષણ સામે પોતાના આત્મગૌરવને જાળવવા મથતો દલિત જેઠો મેઘવાળ અને એના સ્વાભિમાન માટેના આ પ્રયત્નથી સવર્ણ જશુભા બાપુનો અહમ્ એટલી હદે ઘવાય છે કે જેઠા મેઘવાળને મારવા નીકળેલા જશુભા એક ચિત્તાના હુમલાથી ઘવાઈને થયેલા જેઠાના મોતથી પણ નારાજ થઈ જાય છે કેમ કે એમને તો મોતના ભયથી ડરેલા જેઠા મેઘવાળને જોવાની ઇચ્છા હોય છે. અને પોતાના ઘવાયેલા સ્વમાનને કારણે એણે જશુભા ઉપર કરેલા હુમલા બદલ થતો પસ્તાવો જોઈને અહમ્ સંતોષવો હતો.

ગામના સરપંચ થયેલા જશુભા બાપુને દશેરાને દિવસે ગામમાં થતી ઘોડા દોડાવવાની હરીફાઈમાં પોતાનો જ ઘોડો જીતે એવી રઢ હતી. રણવીરને આ વાતની જાણ હતી અને એટલે હરીફાઈમાં ભાગ લેનાર દરેકને એ ચેતવી દેતો કે બાપુની આગળ ના દોડાવે. જેઠા મેઘવાળે પણ પ્રથમવાર ભાગ લીધેલો. એને પણ રણવીરે ચેતવેલો. પણ તો યે એણે તો બાપુને પાછળ પાડી દીધા. જશુભા બાપુનો અહમ્ ઘવાયો અને એમણે ત્રીજે દિવસે જેઠા મેઘવાળને ચોરે બોલાવીને "તને બહુ ચરબી ચડી છે નહિં!"[10] કહીને ધમકાવેલો જેઠો ગળગળો થઈને બોલ્યો.

"બાપુ અમે તો તમારા વસવાયા, અમને વળી ચરબી કેમની ચડે."[11]

છતાં બાપુએ "વેઠ કરવાની પણ ના પાડે છે." એવું બહાનું આગળ ધરીને જેઠા મેઘવાળને ચાબુકથી મરણતોલ માર મારેલો. આનાથી ગુસ્સે થઈને જેઠાએ ચારેક દિવસ પછી માણપરાથી પાછા ફરતા રણવીર અને જશુભાને આંતરીને જશુભાને હાથમાં રહેલા બાવળના વાંકાચૂકા લાકડાથી ફટકાર્યા. આ બનાવથી જશુભાનો અહમ્ ઘવાયેલો અને જ્યારે રણવીરે ઝાડીઓ પાસે જેઠાને જોવાની વાત કરી ત્યારે બદલો લેવા માટે જશુભા પોતાના માણસો સાથે ત્યાં જાય છે અને શોધતાં શોધતાં જેઠો દેખાય છે પણ એટલામાં આવી ચડેલા ચિત્તાથી બચવા એ લોકો ઝાડ પર ચઢી જાય છે. ચિત્તાના હુમલાથી ઘવાયેલો જેઠો મરણ પામે છે પણ તો યે જશુભાના મનને શાંતિ મળતી નથી. એ મરી ગયેલા જેઠાની આંખમાં મોતની બીક શોધીને પોતાના અહમને સંતોષવા પ્રયત્ન કરે છે. પણ એમાં નિષ્ફળતા મળતાં ગુસ્સે થઈ ચિત્તાનાં પગલાં પર કુહાડીના ઘા ઉપર ઘા કરીને જેઠા મેઘવાળને મારવાની પોતાની અધૂરી રહી ગયેલી ઇચ્છાનો રોષ વ્યક્ત કરે છે.

સર્જકે સવર્ણ જશુભા દ્વારા ડગલે ને પગલે કરવામાં આવતા શોષણનું નિરૂપણ કર્યું છે અને એ હદ તો ત્યારે વટાવી જાય છે જ્યારે જેઠાનું ચિત્તાના હુમલાથી થયેલું મોત પણ એના ગુસ્સાને કે વેરભાવને શાંત નથી પડવા દેતું. એને તો જેઠાને મારવો હતો, નમાવવો હતો અને એણે જશુભા ઉપર કરેલા હુમલા બદલ પસ્તાવો વ્યક્ત કરતો, મોતની બીકથી ફફડતો જોવો હતો. એક દલિત એવા જેઠા મેઘવાળ દ્વારા ઘોડા હરીફાઈમાં પોતાને હરાવવા અને ત્યાર બાદ પોતે ચાબુક દ્વારા માર મારતાં એના દ્વારા હુમલો કરીને બદલો લેવાની ઘટનાઓથી જશુભાનું સવર્ણ મન વિચલિત થઈ ગયું હતું એ જેઠાના મોતથી પણ ધરાતું

નથી. તેથી જ કદાચ ડો. ભરત મહેતાએ આ વાર્તાને “વેરની અતૃપ્તિની આ એક રસપ્રદ વાર્તા છે.”(12) કહી છે.

**‘આંધું’**

ભોળીદા પટેલ અને શના સેનમા - આ બે પાત્રોને આવરીને રચાયેલી આ કૃતિમાં સવર્ણ ભોળીદા પટેલના મનોપટલ પર દલિત શના માટેનો તુચ્છકાર ભાવ અને એકાદ વર્ષ પહેલાં જ શના સેનમાએ એમના ખેતરના લીમડાના ઝાડ પરથી પાડેલો લીમડો ગમે તેમ બોલીને શનાને એની ઊંટલારીમાંથી ખેતરમાં પાછો નાખવા મજબૂર કર્યો હતો, અપમાનિત કર્યો હતો અને આજે સ્ટેશનેથી પરત ગામ તરફ પાછા ફરતાં અચાનક આવેલી આંધીમાં એમને જ્યારે શનાએ એ જ ઊંટલારીમાં બેસાડ્યા અને સૂમસામ રસ્તા ઉપર એ અને શનો બે જ જણ ઊંટલારીમાં હતા, રસ્તા ઉપર ધૂળભર્યું અત્યંત ધૂંધળું વાતાવરણ હતું અને શના પાસે ધારિયું પણ હતું, જેની ઉપર એનો હાથ વારેઘડીએ જતો હતો એ જોઈને ભોળીદા પટેલનો ડર વધતો જતો હતો. ત્યાં વળી શનાએ જૂની યાદ તાજી કરાવી અને ભોળીદાએ એને કેવો અને કેટલો અપમાનિત કર્યો હતો એ યાદ કરાવ્યું એટલે તો ભોળીદાનો ડર અનેક ગણો વધી ગયો. એક આંધું બહાર હતું અને એક આંધું ભોળીદાના મનમાં ચાલી રહ્યું હતું. કદાચ, પેલા ગીતના શબ્દો અહીં વધારે સચોટ બેસે છે કે ‘હમારા ઇરાદા તો કુછ ભી ન થા, તુમ્હારી ખતા ખુદ સજા હો ગઈ’.

મૂળ વાત કરીએ તો સર્જકે ભોળીદાના મુખે કહેવાતા એમના અનુભવમાં અને એમાં વ્યક્ત થતા એમના મનોભાવોમાં સવર્ણ સમાજના મનમાં દલિતો પ્રત્યેનો એક તુચ્છકારનો ભાવ, ખેતરમાંથી લીમડા જેવી તુચ્છ ગણાય એવી વસ્તુને પણ ચૂંટણીમાં પોતાને મત નહોતો આપ્યો એવા દલિત શના સેનમાનું અપમાન કરવાનો એક મોકો ગણીને એને ગમે તેમ ઉતારી પાડવાનો લહાવો લેવો અને આવો અપમાનિત થવાનો અનુભવ હોવા છતાં ‘આંધુંમાં અસહાય અને એકલા ભોળીદાને પળનોય વિલંબ કર્યા વિના પોતાની ઊંટલારીમાં બેસાડનાર શના સેનમાની ઉદારતા તળપદી ગુજરાતી સાથે નિરૂપી છે. સર્જકે ભોળીદા પટેલના વધતા જતા ભયની સાથે એ ભયને ભાળી ગયો હોય એવું સેનમાનું અલ્લડ વર્તન અને જ્યારે રસ્તા વચ્ચે પડેલા ઝાડને હટાવવા જતાં એની નીચે દટાઈ ગયેલા ભોળીદા પટેલને શનો સેનમો એના ધારિયાથી મુક્ત કરે છે એ પહેલાં ધારિયું લઈને શનાને પોતાની તરફ આવતો જોઈને ભોળીદાને આજે એ ચોક્કસ વેર વાળવાનો એવી ભાવના થાય છે પણ શનો એના ધારિયાથી ઝાડની ડાળી અને થડને કાપીને ભોળીદા પટેલ ઉપરથી એને દૂર કરી એને બચાવે છે અને પછી સર્જકે ખૂબ સૂચક રીતે શનાને એમ કહેતો નિરૂપ્યો છે કે “આંધું મટી જ્યું છઅ હવઅ કશો ભો નથી. બેહી જાઓ લારીમાં!”(13)

અપકાર ઉપર ઉપકાર કરતા દલિતને નિરૂપતી આ કૃતિમાં સાંપ્રત સમાજમાં દલિત દ્વારા પોતાના પર અમાનવીય વ્યવહાર કરનાર સવર્ણને પણ મુસીબતના સમયમાં મદદ કરી માનવતાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે એનું સુંદર નિરૂપણ થયું છે.

ISBN-978-81-973071-8-8
First Edition

**'કોહ'**

વાર્તાનાયક મણો બહુ ભણી ન શક્યો પણ કોસ બનાવવાનો હોશિયાર કારીગર હતો. એનો self Esteem બહુ ઊંચો હોય છે. એટલે જ તો

"મણો બધાની સાથે વિવેકપૂર્ણ વર્તતો ને બધાય પોતાની સાથે એવી રીતે વર્તે તેમ એ ઇચ્છતો હતો. પોતાના પર કોઈ રોફ ચલાવે તે એને ગમતું નહિ. કામમાં મશગૂલ હોય તો ક્યારેક કોઈનો રોફ પણ સહન કરી લે, પણ પોતાની જાત બાબતમાં કોઈ જેમતેમ બોલે તે એનાથી ક્યારેય સહન થતું નહિ."(14)

મણાનું સ્વાભિમાન કહો કે સ્વમાન પણ સવર્ણ જાતિના વ્યક્તિ દ્વારા એના માટે બોલાતો 'ચમાર' શબ્દ અને એમાં રહેલી એક તુચ્છતાની ભાવના કદાચ એ અનુભવતો હશે એટલે જ તો જોઈતારામ એમના વેવાઈને લઈને મણા પાસે કોસ બનાવવા આવ્યા હતા તો યે જ્યારે એમણે પ્રશંસામાં પણ એમ કીધું કે,

"મનઅ તો ખબરેય નહિ કઅ મણીયો ચમાર આવા સરસ કોહ બનાવતો હશીં!"(15) ત્યારે એ એના ગુસ્સાને કાબૂમાં ના રાખી શક્યો અને બોલી ઊઠ્યો,

"તે તમારા વેવઇનઅ કો કઅ લૂલી હખણી રાખઅ!"(16) અને આ બાબતમાં એ જરા પણ નમતું જોખવા તૈયાર ન હતો એટલે એણે રોકડું પરખાવી દીધું,

"આ તમનઅ કહી રાખું છું કઅ જો કોહ બનાવતો હોય તો બનાવવા આલો, ના બનાવવો હોય તો રસ્તો માપો. આજ પછઅ મનઅ ચમાર કીધો છઅ તો કોહ કોહના ઠેકાણે રહી જાહઅ હો."(17)

મણો સ્વમાની હતો પણ કોહ બનાવવાનો જબરો કારીગર પણ હતો અને કોહ બનાવવાના કામનો એને આનંદ પણ ખૂબ આવતો. સર્જકે એટલે તો લખ્યું કે,

"કોસને ઘરમાં મૂકતાં પહેલાં કોસ સામે હરખભેર જોઈ રહ્યો. એક-એક બબ્બે વેંત છેટે મૂકેલાં ફાટિયાં બરાબરના ચામડા પર ઊપસ્યાં હતાં. લોખંડની કાંબી પણ ચામડામાં બરાબર ફિટ આવી ગઈ હતી. એના પર વાધડી બાંધેલી હતી. મણાએ વાધડી પર હાથ ફેરવી લીધો. પછી સૂંઢ સરખી કરી મણો મનોમન ઝૂમી ઊઠ્યોઃ 'મારો વાલો કોહ તો થાહઅ જબ્બર હોં! આ કોહ લઈ જનારા કામમાં શું સમજે? જરાય ગણ જહ જેવું જ નથી. કોહના બાનાના માતર પાંચ શેર દાણા અને એક શેર તેલ આલસ છઅ. નઅ કોહ પૂરો થયે પચાસ-સાઠ રૂપરડીઓ બસ? નઅ તે ય બે વાયદે. જવા દો - આજ તો વાઢવા જવું છઅ!"(18)

આમ, સ્વમાની મણો કોહ બનાવવાનો એક હોશિયાર કારીગર હતો, પણ કોહ બનાવવાના પૈસા મળતાં વાર લાગે એમ હતી. એ દરમ્યાનમાં દાડીના રોકડા પૈસા મળે તો કામમાં આવે એવા વિચારથી એ એની પત્ની લખીને ઘઉં વાઢવા મોકલવા માંગતો હતો પણ એના આગ્રહથી એ પણ જોડે ગયો અને ત્યાં ત્રિભોવન કાકાના ખેતરમાં લખીને તરસ લાગી એટલે એ પાણી લેવા ગયો અને ત્યાં ત્રિભોવનદાસે એને કૂવેથી પાણી લેવા મોકલ્યો.

કંઈક ઉત્સાહમાં કંઈક મદમાં કે કંઈક વિચારોમાં એણે નેંકમાંથી પાણી ભરવાનું કહેતાં છોટીઆને 'ભરું છું' કહીને થાળામાં ઠલવાતા પાણીની વચ્ચે મોરિયો ધરી દીધો અને પછી મંગોજી તાડૂક્યો;

"મારા હાળા ચમાર! તું તો કાંઈ રીતભાત શીખ્યો છઅ કઅ નહિ? થાળું અભડાવી માર્યું..."(19)

અપમાનિત થયેલા મણાએ પછી કોહ બનાવતી વખતે આ જ મંગાજી એના ઘરની ઓસરીમાં બેસતો'તો એ યાદ કરાવ્યું, એને કોસ બનાવતાં પડેલી તકલીફો યાદ કરીને અને પછી ત્રિભોવનદાસના કૂવામાં રાજાની જેમ ફરતો હતો એ યાદ કરીને એ બબડ્યોઃ

"મારો કોહ ઈમના કૂવામાં પેઠો તોય ઈમના મનનું અંધારું રામ જાણઅ ચાણઅ ઉલેચાશે?"(20)

આ હોશિયાર મણા જેવા કારીગરની પણ આભડછેટના ચક્કરમાં કેવી હાલત છે એનું નિરૂપણ સર્જકે બ-ખૂબી કર્યું છે. દલિત સમાજનું કામ હોય ત્યારે એમને કંઈ નડતું નથી, કામ પતી ગયા પછી એ જ શોષણ અને એ જ અપમાન અને એ જ તુચ્છકાર! સમાજની આ રૂઢિચુસ્તતા દ્વારા થતું એક આખા દલિતસમાજનું શોષણ કેવું, કેટલું અને કેવી રીતે કરવામાં આવે છે તેનું નિરૂપણ કરવામાં સર્જકે સફળતા મેળવી છે.

**હરિ પાર**

**'સોમલી'**

સર્જક હરિ પાર દ્વારા સોમલી નામની આદિવાસી સ્ત્રીને મુખ્ય પાત્રમાં રજૂ કરી એના પર સરપંચના ખૂનના આરોપસર ચાલતી કોર્ટ કાર્યવાહીને વાર્તાકથનરૂપે રજૂ કરી છે અને એમાં સોમલી દ્વારા સામા પક્ષના વકીલના પ્રશ્નોના સુરતી તળપદી ભાષામાં અપાતા જવાબમાં દલિતો અને આદિવાસીઓનું પેઢી દર પેઢી શોષણ થાય છે એ ઉજાગર કર્યું છે.

ગામના સરપંચના ખૂનનો આરોપ વટભેર સ્વીકારતાં સોમલીએ એના જવાબમાં સરપંચની એક પછી એક નીચતા રજૂ કરી અને સવર્ણ એવા તળપદી ભાષામાં 'ભાઠલાઓ' દ્વારા હરિજનો અને આદિવાસીઓ પર કરાતા અત્યાચારોને હૃદયસ્પર્શી રીતે રજૂ કર્યા છે.

સરકારી વકીલે જ્યારે સોમલીને એમ કહીને બોલવાની તક આપી કે, "બોલ સોમલી, તારે જે કંઈ કહેવું હોય તે બધું કહી જા."(21) ત્યારે સોમલીએ પોતાની રજૂઆત કરતાં કહ્યું, "સરકાર માય-બાપ, ઊં કાંઈ ખોટ્ટું બોલું ને તો તમારું ખાહડું ને મારું માથું! ભગવાન મને જોહે! આ અમારાં ગામનાં ભાઠલાઓનો અત્યાચાર એટલો સે કે જેણે વેયઠો સે તે જાણે! રામનાં બાણ જેને લાયગા ઓય તે જ જાણે! બધાં કે કે ભારત આઝાદ થીયું! આપણે બધાં આઝાદ થીયાં! પણ હાશું કેવ સાબ, આઝાદી સેને તે ફક્ત ઉજળિયાત કોમ માટે જ સે. અમારા માટે નથી. જેને મળી ઓહે તે લોકો ખૂસ ઓહે! ગામડામાં અરજિનવાસ અને આદિવાસીઓનાં ઝૂંપડાંમાં ખરી આઝાદી હું સે તે દેખાહે. અમારા લોકને ભાઠલાઓ કેય કે તમે તો અરિજનોથી બો ઊંચા સે પણ સાબ એમ કેવા પાસળ એ લોકોનો સવારથ જ સે. એ લોકો એમ હમજે સે કે જો ભૂલેચૂકે અરિજનો હાતે ભળી ગયાને તો અમારે ત્યાં ગુલામ કોઈ થાહેની. કારણ કે અરિજનો ભાઠલાને

ISBN-978-81-973071-8-8
First Edition

તાં અમારાં જેવું ગુલામીનું જીવન ગાળતા નથી. અરિજનોના પોતરાઓ ભણીને સેરમાં નોકરીએ જાય સે. જ્યારે અમારાં દુબરાનાં કે નાયકાનાં પોયરાંઓ જો ભૂલેચૂકે ભણવા મૂકીએ તો ભાઠલાઓ તરત જ કેસે કે ભણીને હું કરવાના આખરે! અમારા ઘેર આરી જ થવાનાને? તેનાં કરતાં અત્યારથી જ ઢોર અમારાં ચારવા મોકલો- પેટ ભરોહ ને સોકરો ઢોરમાં ઉશિયાર થાહે! સાબ, પોયરો કે પોરી હાત-આઠ વરહના થૈ ગીઆ કે આ ભાઠલાંઓનાં ત્યાંના ગુલામીના ચાંદલાં અમારા બાળકોને માથે લાગી જાય! કાળી પાટીને બદલે કાળી ભેંસ લઈ નીકળી પડે! બારીમાં બચેલું ખાવાનું અને ઉતારેલ ચીંથરેહાલ કપડાં મળતાં થઈ જાય તેમને અમારા ભલા માટે અરે હરકાર કંઈ પૈહા આપે સે એમ કેવાય સે. પણ આ ઉજળિયાત કપડી કોમ જ અમારી પાહેથી હરકારી કાગળો પર અંગૂઠા મરાવી એ બધી હગવડો અમારે નામે તેઓ ભોગવે એ પણ કેવા કોને જઈએ? હરકાર માય બાપ અમારી ઓય તો ને? અમારા નામુનાં કૂવા તેમની વાડીમાં ખોદાય ક અમારા નામ પર ઓળ બળદથી તેમની ખેતી થાય! અરે હરકાર તરફથી કંટ્રોલમાં મળતી ખાદીની હસ્તી હડીઓ પણ ભાઠલીઓ અમારી પાહે મંગાવી પેરે. બધું જ ચાલે. સાબ…"(22)

સવર્ણો દ્વારા આદિવાસીઓ પર થતા અત્યાચારનું આખું ચિત્ર સોમલીએ રજૂ કર્યું. પછી સોમલીએ પોતાના જવાબમાં આગળ કહ્યું કે એનો ધણી સાત વરસનો હતો ત્યારથી સરપંચના ઘરનાં ઢોર ચરાવતો, એના ધણીનાં માબાપ, દાદા-દાદી બધાં જ પેઢી દર પેઢી સરપંચના ઘરની ગુલામી કરતાં. એના ધણીનાં લગન માટે એનાં સાસુને સરપંચે જ પૈસા આપેલા. પછીની વાત કહેતાં પહેલાં સોમલીએ પોતાના છોકરાઓને ઓરડાની બહાર મોકલવા માટે આગ્રહ કર્યો. એમના બહાર ગયા પછી એણે કેવી રીતે સરપંચે પ્રપંચ કરી એની સાસુને પોતાના ઘરના ઓટલે સૂવાની સલાહ આપીને ત્યાં જ સુવડાવી દીધી, એના ધણીને ખૂબ દારૂ પાયો અને પછી સોમલીની ઓરડીમાં આવી એની સાથે જબરજસ્તી કરીને સંબંધ બાંધ્યો. અને એ સંબંધનો ગેરલાભ એણે આજીવન લીધે રાખ્યો. સોમલીની બહુ ઇચ્છા હતી કે એના છોકરાને કે જે સરપંચથી જ થયેલો તેને ભણાવે, પણ એ ફરજ પણ સરપંચે પૂરી ના કરી અને એને પણ એના ઘરનો ગુલામ બનાવી ઢોર ચારતો કરી દીધેલો. અત્યાચારોની પરંપરા વર્ણવતી સોમલીએ કહ્યું કે એણે દારૂ ગાળવાનો અને વેચવાનો ધંધો કરીને કરેલી કમાણીમાંથી પોતાના છોકરાનાં લગન માટે પૈસા ભેગા કરેલા, જેથી એની સાથે જે થયું એ એના છોકરાની વહુ સાથે ના થાય. પણ જ્યારે લગનના દાડે સરપંચે ઈંધણ ફાડવા પોતાને ઘેર બોલાવેલો અને સોમલી પોતે બાજુના કેયડાની પાર પરથી ચાર વાઢતી હતી ત્યારે એકાંતનો લાભ લઈને સરપંચ એની ઝૂંપડીમાં આવેલો. એની વહુની બૂમથી એ ત્યાં દાતેડું લઈને દોડી ગયેલી અને સરપંચને એની વહુનું લૂગડું ખેંચી રહેલો જોઈ એણે સરપંચને ત્યાં જ દાતેડાના ચાર-પાંચ હામટા ઘા મારી કાપી નાખ્યો.

સોમલી દ્વારા રજૂ થયેલી શોષણની આખી પેઢી દર પેઢીની પરંપરાગત અત્યાચારની દાસ્તાન સાંભળ્યા પછી ન્યાયાધીશે હિંમતભેર ફેંસલો આપતાં સોમલીને છોડી મૂકવાની પરવાનગી આપતો ચુકાદો જાણે વાચકના મનની રજૂઆતને સ્વીકારવામાં આવી હોય તે રીતે સર્જકે વાર્તાનો સુખદ અંત મૂક્યો છે.

પેઢી દર પેઢીના શોષણનું નિરૂપણ કરતી આ કૃતિ ખરેખર વાચકના મને સોમલીનું સરપંચને મારી નાંખવાનું વાજબી ભાસે છે અને લેખક પણ આ જ મનોવૃત્તિને સાચી માને છે એવું આ સર્જન વાંચતા પ્રતીત થાય છે.

**દલપત ચૌહાણ (10-04-1940)**

*10 એપ્રિલ, 1940ના રોજ મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના મંડાલી ગામમાં જન્મ. પિતા ધૂળાભાઈ પૂજાભાઈ ચૌહાણ.*

*અમદાવાદમાં પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ લીધું. ગામડાની ગાયકવાડી શાળામાં આભડછેટ પાળીને, અસ્પૃશ્યતાના ભાર હેઠળ અધૂરું રહેલું એકડો ઘૂંટવાનું કામ શાળા, કોલેજના અને શહેરના ભેદભાવમુક્ત વાતાવરણમાં શક્ય બન્યું.*

*તરસ છિપાવવા માટે પાણીની પણ ભીખ માંગવાની અને એ પણ અધ્ધર હાથે. આવો અમાનવીય અત્યાચાર સહન કરીને ઊછરેલા દલપત ચૌહાણ વતનમાં આભડછેટનો સામનો કરીને શાળામાં એકડો ઘૂંટવાની સાથે સાથે કેટલીય વેદનાઓને ઘૂંટે છે. અમદાવાદમાં આવીને કોલેજકાળ દરમ્યાન આંદોલનોમાં સક્રિય બનેલા વાર્તાકારની વૈચારિક ક્રાંતિની ભૂમિકા બંધાતી જાય છે.*

*દલિતાનુભૂતિને આલેખવાનું ભાથું તેમના વતનમાંથી પ્રાપ્ત થાય છે. કવિ, નવલકથાકાર, નાટ્યકાર, વિવેચક, સંપાદક, વાર્તાકાર દલપત ચૌહાણ પાસેથી મૂંઝારો (2002) વાર્તાસંગ્રહ પ્રાપ્ત થાય છે, જેમાં 'ભૂખ', 'ચાંલ્લો', 'ઘર', 'દરબાર', 'ગંગામા', 'ન્યાય', 'ના ખપે', 'ઠંડું લોહી' જેવી વાર્તાઓમાં દલિતાનુભૂતિ અને શોષણ વિષયક રજૂઆત અને સવર્ણ સમાજની દલિતો પરની જોહુકમીને યથાર્થરૂપે આલેખી છે.*

**'દરબાર'**

સ્વગતોક્તિના સૂરમાં લખાયેલ આ વાર્તામાં કથાનાયક એક શિક્ષક છે. એની બદલી મોતીપુરા ગામની એક શાળામાં થઈ છે. એક દલિત શિક્ષક તરીકે ગામની શાળામાં હાજર થતાં પહેલાં દલિત શિક્ષક તરીકેની જાણકારી પહેલાં પહોંચી જાય છે. "સાલ્લો માસ્તર હરિજન છે; બડો ખેપાની છે..." (23)

અહીં ગામના માથાભારે ગોબર જેવા બીજા લોકો સમાજવ્યવસ્થામાં દલિતોના સ્થાને અને હોદ્દા સામે એક પ્રકારનો અણગમો પ્રગટ કરે છે. ગોબરજી ઉઘાડે માથ ગામમાં ફરતા માસ્તરને ટોકતાં કહે છે કે, "વણકોર... ઇમ્મ...ઇન્ની હું... આ છાબડું ચ્યમ ઉઘાડું રાસ્યું સઅ?... ઓમ, કુલફટાચ્યા થઈનઅ ગોમ્મં વચ્ચે નેહર્યા સો."(24) ઉઘાડે માથે દલિત ગામમાંથી પસાર થઈ શકે નહિ તેવી રૂઢ માન્યતા અને ઉજળિયાત વર્ગનો જોહુકમીનો પરિચય મળે છે.

આવા ગામના માથાભારે ગણાતા ગોબરજી સાથે દલિત શિક્ષક પોતાની કુનેહથી જે રીતે પનારો પાડે છે તે પ્રસ્તુત વાર્તામાં નિરૂપાયું છે. ગોબરજીને 'દરબાર' જેવા માનવાચક શબ્દોથી બોલાવીને તેની સાથે દોસ્તીનો નાતો બાંધે છે.

ISBN-978-81-973071-8-8
First Edition

ગામના મુખી દ્વારા હાથોહાથ પેપર નહિ આપવાની ખટકતી વાતને રજૂ કરી વાર્તાકારે સમાજમાં ઘર કરી ગયેલી દલિતો પ્રત્યેની આભડછેટની ભાવનાને ખૂબ અસરકારક રીતે વ્યક્ત કરી છે. માથાભારે એવા ગોબરજી સાથે દોસ્તીનો નાતો બંધાતા દુકાનદારે પણ 'હાથોહાથ' પૈસા લીધા અને ગોબરજીએ પણ પૈસા આપતા રોકવા માટે વાર્તાનાયકનો 'હાથ' પકડ્યો એ સામાન્ય ઘરના પણ વાર્તાનાયકને હર્ષની અનુભૂતિ કરાવે છે.

અહીં દલિતવર્ગ સવર્ણ સમાજ દ્વારા કેટલી હદે ઉપેક્ષિત છે એ બાબત વાર્તાકારે નાની સરખી ઘટનાના નિરૂપણ દ્વારા બતાવી આપી છે.

વણકરવાસના દલિત સમાજના જ વડીલ ધનાકાકા દ્વારા માથે ફાળિયું કે રૂમાલ કે ટોપી પહેરવાની ટકોર દલિત સમાજે સવર્ણ સમાજની જોહુકમીને કેટલી હદે સ્વીકારી લીધી છે તેનો પરિચય મળે છે. ગામમાં શાંતિથી રહેવાની દાનાકાકાની સલાહ "કોઈની હારે ટંટો કરશો નઈ, નક્કર ગોમ્મઅ, તમારઅ હું! અમારઅ ડખો ઊભો થહઅ!"[25] અહીં દાનાકાકાની વાતમાં છૂપો ભય પ્રદર્શિત કરાવીને વાર્તાકારે દલિતોની સવર્ણોની જોહુકમીને સમર્પિત થઈ જવાનો ભાવ પ્રગટ કરવામાં વાર્તાકાર સફળ રહ્યા છે.

**'ઘર'**

એક પાકું ઈંટોવાળું મકાન બનાવવાના સ્વપ્ન સાથે જીવતાં પની અને કાળુ દલિત પરિવારનાં પતિ અને પત્ની છે. પોતાના પૈસે પોતાનું ઘર બનાવવું છે પણ સવર્ણ સમાજની પરવાનગી વગર એ બનાવી શકાશે નહિ એ સામાજિક વિષમતાનો સહજ સ્વીકાર કરીને પની અને કાળુ જીવી રહ્યાં છે. જો ગામમાં ઈંટોવાળું પાકું મકાન બનાવવાની 'મંજૂરી' મળી જાય તો ઘણું સારું એવી આશામાં બાધા પણ રાખે છે.

ગામમાં થનારા રાવણામાં પાકા મકાનની મંજૂરી લેવા જતાં કાળુ બીએ છે, તેથી છગનને લઈને ડરતાં ડરતાં જાય છે. પાકા મકાન માટેની પનીની જીદ સામે કાળુ પોતાની દલિત તરીકેની પરિસ્થિતિ સ્વીકારતાં કહે છે કે, "આખા મલકમઅ ઢેડનું ઘર ઇંટ્યોનું કે જોયે?"[26] વળી પોતાનો સવર્ણો પરનો ગુસ્સો વ્યક્ત કરતાં કહે છે કે, "એટલું ચેટલું કગર્યો પણ દિયોરોનઅ ઢેઢનું હખ જોયું જતુ નહિ?"[27]

ગામના મુખીની રજા મેળવવા કાળુ ઘણો પ્રયત્ન કરે છે. પણ સવર્ણોની વાતો સાંભળીને જેવી કે, "મારાં હાળાં ઢેઢાં પાક્કાં ઘરમઅ રેશે? અમારઅ આબરૂ સકઅ નૈ?"[28] કાળુનો ઉત્સાહ મરી જાય છે.

છગનને લઈને મુખી પાસે પહોંચતાં કેટલી બધી શરતોને આધીન રહીને મુખી હાથ ઊંચો કરે એટલે મોભે અડવો જોઈએ.[29] એટલું જ ઊંચું મકાન બાંધવાની રજા મળી. ગામ વચ્ચેથી ઈંટો લઈ જવાની મનાઈ ફરમાવતા મુખી કાળુને કહે છે કે, "ગામ વચાળે ગાડું લેવું પડઅ. એ હારૂ ના કેવાય, ગાડું બાવળિયોમઅ થઈ નઅ લેવરાવજે, ભલે ગાઉનો ફેર પડઅ, ગામનુંય માન તો રાખવું પડઅ, આમ ઢેઢ વસ્તી ગામ વચ્ચે ઈંટ્યો લેઈ જાય એ હારું ના કેવાય."[30]

અનેક પ્રયત્નો અને ઘણા અપમાનજનક શબ્દો અને વાતો સાંભળ્યા પછી પાકું મકાન બાંધવાની રજા મળે છે. વચેટિયો સરતાનજી પાંચ રૂપિયા અને માનીતો બકરો પણ લઈ જાય છે. ઘર તૈયાર થયું કે નહિ એવું રાવણામાં બોલાવીને મુખી પૂછે છે. તૈયાર થયેલા 'ઘર'ને રાત્રે આગ ચાંપીને સવર્ણ સમાજે દલિતની પાકું મકાન બનાવવાની ઇચ્છાને ધ્વસ્ત કરી દીધી.

પ્રસ્તુત વાર્તામાં એક પાકું ઘર બનાવવા જેવી માનવસહજ ઇચ્છા માટે દલિત પરિવારને ત્રણ-ત્રણ વર્ષ સુધી તરસતો બતાવીને વાર્તાકારે સામાજિક વિષમતાને કારણે દલિતના શોષણની પરાકાષ્ઠા નિરૂપી છે. સવર્ણોની જોહુકમી સામે નમી-નમીને, અપરાધભાવની લાગણી અનુભવતો કાળુ શોષકવર્ગનો પ્રતિનિધિ છે. દલિતની પાકા મકાનની નાની સરખી ઇચ્છા સવર્ણ સમાજ જીરવી શકતો નથી. તૈયાર થયેલા પાકા મકાનને સળગાવી દેવાની ઘટના હૃદયદ્રાવક બને છે.

**'ગંગામા'**

પ્રસ્તુત વાર્તા ઉપકાર પર અપકાર કરતા સવર્ણ સમાજની સ્વાર્થવૃત્તિને પ્રગટ કરે છે. તકલીફના સમયે મદદ માટે દલિતને બોલાવતા ન અચકાતો સવર્ણવર્ગ કામ પૂરું થયા પછી તેના ઉપકાર ભૂલી જતાં એક ક્ષણનો પણ વિચાર કરતો નથી.

રાયસંગ મુખીના છોકરા પથુની વહુને સુવાવડ આવવાની હતી. ત્રણ-ચાર દાયણોએ સુવાવડ કરાવવાનો પ્રયત્ન કરી જોયો પરંતુ છુટકારો થતો ન હતો. કોઈકે મુખીને દલિત એવાં ગંગામાને બોલાવવાની સલાહ આપી. ગંગામાને બોલાવવાની વાત સાંભળી ઘરમાંથી એક સ્ત્રી કહે છે કે- "ઓવ્વ ભઈ દિયોર સો કળજગ આયો હાળાં ઢેઢાંય ઘરમાં પેંહસીં"[31] જોકે દલિત એવાં 'ગંગામા'ને બોલાવતાં રાયસંગ મુખીનો જીવ કચવાતો હતો. પરંતુ 'ગરજના માર્યા' બોલાવ્યાં વિના છૂટકો નહોતો.

અસ્પૃશ્યતા અને આભડછેટનાં પગલાંઓ વચ્ચે ગંગામા આવીને મુખીના છોકરા પથુની વહુની સુવાવડ કરાવે છે. બદલામાં મુખી ગંગામાના ગયા પછી મુખીના ઘરમાં સાફસફાઈ શરૂ થઈ જાય છે. પાણીમાં સોનું રાખી 'સોનાવણી'થી તેમને નવડાવે છે. જે સ્ત્રીઓ ગંગામાને અડી હતી તેય નાહવા માટે પોતપોતાના ઘેર ચાલી ગઈ અને મુખીના ઘરમાં સોનાથી પવિત્ર કરવામાં આવેલ પાણીનો છંટકાવ કરી ઘરને પવિત્ર કરવામાં આવ્યું. વાર્તાકારે પ્રસ્તુત વર્ણન કરી સવર્ણ વર્ગની સ્વાર્થવૃત્તિને નિરૂપી છે.

ગંગામા પોતાના વાસમાં પાછા ફરે છે ત્યારે ભગો તેમને કહે છે કે - "તમનઅ આલ્યું હું મુખીએ"[32] સાડલો આપવાની વાત સાંભળી ભગો કટાક્ષયુક્ત વાણીમાં કહે છે કે - "તાણ તો હાડલો આઈ ર્યો"[33] અહીં ભગાનો સવર્ણોએ કરેલો સ્વાર્થી વ્યવહારનો અનુભવ પ્રગટ થયો છે.

વાર્તાના અંત ભાગમાં મુખીનો છોકરો પથુ દલિત 'ગંગામા'ના દીકરા પસાની વહુની લાજ લૂંટે છે અને તેનો વિરોધ કરતી વહુને કૂવામાં પડવા મજબૂર કરે છે. મુખીની પહોંચના કારણે ફોજદાર અને સિપાઈઓ દલિતો ઉપર વહુને કૂવામાં નાંખી દીધાનો આરોપ મૂકે છે. દીકરાની વહુના મડદા પાસે બેસેલાં

ગંગામાં ભૂતકાળમાં મુખી પર કરેલા ઉપકારને યાદ કરતાં દુઃખી થઈ પોકારી ઊઠે છે કે - "ચીયા ભવનું વેર વાળ્યું ભાયના દિયોરો"(34)

અહીં વાર્તાકારે સવર્ણ સમાજના અત્યાચારોનો ભોગ બનતા એક દલિત પરિવારની કથા રજૂ કરી છે. મુખીના દીકરાની વહુને સુવાવડ કરાવી તેને નવજીવન આપનાર ગંગામાનો ઉપકાર ભૂલી જઈને મુખી પોતાના ગુનેગાર પુત્ર પથુને બચાવવા બધો આરોપ ગંગામાના પરિવાર પર મૂકતાં અચકાતા નથી. ગંગામાનો પરિવાર નિર્દોષ હોવા છતાં પોતાના બચાવમાં કંઈ જ કરી શકતો નથી. સવર્ણોની જોહુકમી સામે નમતું આપી દેતા દલિતોના શોષણને નિરૂપ્યું છે.

'ગંગામા' વાર્તા સત્યઘટનાને નિરૂપે છે. વાર્તાકારે તેમના નજીકના ગામના ગંગામાના મોઢામોઢ સાંભળેલી વાત છે. ગંગામાની આંખોમાં લોહીભીનાં આંસુ વાર્તાકારે જોયેલાં. અહીં ગંગામાની વેદનાને વાર્તાકારે વાચા આપી છે.

**'ચાંલ્લો'**

પંચ્યાસી-સત્યાશીની ઉંમરે પહોંચેલા શિવા પંડ્યા મરણપથારીએ પડ્યા છે. વર્ષો પહેલાં માથા પર પડેલો ઘા અને એના કરતાંયે વધારે મન ઉપર પડેલા ઘાએ આજે એમને દુઃખી કરી દીધા છે. છોકરા-વહુ અને પૌત્રોથી હર્યાભર્યા ઘર અને લીલી વાડી હોવા છતાં ભૂતકાળની અપમાનની ઘટનાને ભૂલી શકતા નથી.

શિવા પંડ્યા દલિત છે અને જવાનીમાં પત્નીની હાજરીમાં 'આભડછેટ'ના દૂષણનો શિકાર થઈ જે રીતે અપમાનિત થવું પડેલું એનો ઘા હૃદયમાં તાજો જ છે. મેળો માણવા ગયેલા શિવા અને એની પત્ની ગામ જોવા નીકળે છે. બ્રાહ્મણ વેશે તૈયાર થયેલો અને પત્નીએ ગામ જોવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. પોતે દલિત હોવાથી ગામમાં બધી જગ્યાએ ફરી ન શકાય એવી ચિંતા શિવા પોતાની પત્ની આગળ રજૂ કરે છે. તેમ છતાં પત્નીની ઇચ્છાને પૂરી કરવા ગામ વચ્ચેથી નીકળે છે ત્યારે શિવા પંડ્યા પત્નીને કહે છે કે, "આ પાઘડી હંતાડું, પણ આ કેડિયું બામણસાઈ ચ્યાં કાઢી નાંખવું? આ ચાંલ્લાય ભૂહવા પડઅ નઅ જોડા આથમઅ ઝાલવા પડઅ."(35)

રસ્તામાં એક બ્રાહ્મણ એમની ઓળખાણ માંગે છે અને શિવો ગભરાતાં ગભરાતાં સાચી ઓળખાણ આપે છે ત્યારે બ્રાહ્મણ તેમને શબ્દોથી અપમાનિત કરે છે "દિયોર ગરોડો થઈ નઅ ચેવા ચૂપચૂપ વાહમાં પેઠા સઅ?"(36) "અલ્યા ચ્યાં જ્યો તરભો? મારો જેડિયો લાય, મારાં ખાહડાં લાય, દિયોર ઢેઢું ચાંલ્લો કરીનઅ ભાટવાડામાં પેંઠું?"(37)

વાસમાં ભેગું થયેલું બ્રાહ્મણોનું ટોળું શિવા અને તેની પત્ની પર કાંકરીચાળો કરે છે અને બ્રાહ્મણ પોતાના જોડાને ઊંધું કરી ઉપર થૂંકીને શિવાને એના કપાળનો ચાંલ્લો હાથ અડાડ્યા વગર થૂંકથી લૂછવા વિવશ કરે છે. ચાંલ્લો બરાબર ભૂંસાતો નથી ત્યારે હાથમાંનો ડંગોરો શિવાના કપાળમાં મારે છે. એ ઘાનું નિશાન શિવા પંડ્યા જ્યારે ચાંલ્લો કરતા ત્યારે ઢંકાઈ જતું પણ આજે મરણપથારીએ પડેલા શિવા પંડ્યા

એ 'ઘા' સાથે જીવનભર જીવ્યા હતા. એ ઘા ઢંકાઈ ન જાય માટે મૃત્યુ બાદ પણ છોકરાઓ પાસેથી વચન લે છે કે, તેઓ તેના મૃતદેહને પણ કપાળે 'ચાંલ્લો' કરશે નહિ.

પ્રસ્તુત વાર્તા 'ચાંલ્લો' દલિતોનું શોષણ કરતા સવર્ણોના જોરજુલમને પ્રત્યક્ષ કરે છે. સવર્ણોના વાસમાંથી દલિતો જૂતા પહેરીને કે કપાળે ચાંલ્લો કરીને પસાર પણ થઈ શકતા નહિ. આવા અમાનવીય અત્યાચારનું નિરૂપણ વાર્તાકારે કરીને વાચકોના હૃદયને દ્રવિત કર્યું છે. જૂના જમાનામાં સવર્ણોનો અમાનુષી અત્યાચાર દલિતોએ કેટલી હદે સહન કર્યો છે તેનું આલેખન પ્રસ્તુત વાર્તામાં કરવામાં આવ્યું છે.

**'ઠંડું લોહી'**

વાર્તાની શરૂઆતમાં જ પોતાના કલાત્મક લેટર પેડ ઉપર આડા-અવળા લીટા દોરતા ડોક્ટર અને કેવો ભયંકર રોગ!... જેવી વાત મૂકીને વાર્તાકાર 'અસ્પૃશ્યતા'ના સામાજિક રોગની વાત કરે છે.

"શું ભલાનો ડાયો ક્યારેય દેવેન્દ્ર ના બની શકે? એણે કાયમ ડાયો જ રહેવું?"(38) જેવી દલિત ડોક્ટર દેવેન્દ્ર પરીખની સ્વગતોક્તિ ઘણું બધું સૂચવી જાય છે. ગામના ભલાભાઈ પરમારનો છોકરો ડાયો મોટો ડોક્ટર બની એનું નામ દેવેન્દ્ર અને અટક પરીખ કરાવે છે ત્યારે ગામમાં સવર્ણોમાં તે ચર્ચાનો વિષય બને છે. ગામના મુખી તો ભલા પરમારને ન કહેવાના શબ્દો કહે છે. મુખી પોતાની નારાજગી વ્યક્ત કરતાં કહે છે કે, "ઈમ પરીખ સાયેબ? વાણિયા-ભરામણ થઈ જ્યા, ચ્યમ? ઢેઢ મટી જ્યાં હેંડો ચોરામઅ ખાટલો ઢાળી આલું, હેંડો સાયેબના ભા!"(39)

અહીં ગામ વચ્ચે અપમાનિત થયેલ પિતાનો પડછાયો વિરાટ થઈને ડોક્ટર દેવેન્દ્રના માનસ ઉપર છવાતો જાય છે. પણ જ્યારે એ જ મુખીનો છોકરો માંદો પડે છે ત્યારે ડો. દેવેન્દ્ર એનો ઇલાજ કરે છે. દલિત સમાજનો છોકરો ભણીગણીને ડોક્ટર બને તે સવર્ણ સમાજ સહન કરી શકતો નથી. પરંતુ દલિત ડોક્ટર પાસે પોતાના છોકરાનો ઇલાજ કરાવવામાં કે જરૂર પડે દલિતનું લોહી ચઢાવવામાં આભડછેટ નડતી નથી. પરંતુ એ જ દલિત ડોક્ટરના ઘરનું પાણી પીવાનું આવે ત્યારે 'તરહ નહિ, તરહ નહિ' કહીને આભડછેટ પાળે છે.

પ્રસ્તુત વાર્તામાં દલિત વર્ગનો પ્રતિનિધિ ડોક્ટર સવર્ણોના દોગલાપણાંથી વ્યથિત બની જાય છે. ઠંડી થઈ ગયેલી ચાનો રંગ તેને ઠંડું લોહી બનીને દેખાય છે. વાર્તાકારે વાર્તામાં પ્રસંગો અને ઘટનાઓ નિરૂપીને સમાજમાં ઘર કરી ગયેલા અસ્પૃશ્યતા અને 'આભડછેટ'ના એરુની ભીંસની પ્રબળતાને સચોટ રીતે રજૂ કરી છે. દલિતવર્ગનો છોકરો મોટો ડોક્ટર બન્યા પછી પણ ઉજળિયાત વર્ગ તેની સાથે આભડછેટ રાખીને તેને વામણો બનાવી દે છે. પોતાની આટલી મોટી સિદ્ધિનો દલિત આનંદ પણ ન લઈ શકે એવી સામાજિક પરિસ્થિતિ વાર્તાકારે આલેખીને દલિતોના થતા શોષણનું એક નવું પાસું દર્શાવ્યું છે. શૈક્ષણિક, બૌદ્ધિક અને આર્થિક રીતે સંપન્ન થયો હોવા છતાં સવર્ણ સમાજની અસ્પૃશ્યતા વાર્તાનાયકના કાળજા પર, માનસ પર કુઠારાઘાત કરે છે. પ્રથમ પુરુષ એકવચનનું કથનકેન્દ્ર વાર્તાનાયકના માનસનો અને સવર્ણોની

દલિતો તરફની સૂગનો સાક્ષાત્કાર કરાવે છે. સવર્ણ ન હોવું એ દલિતોનો ગૂનો પણ સવર્ણો જેવા નોકરી-ધંધા કરવા એ પણ ગુનો છે.

**'ભૂખ'**

પ્રસ્તુત વાર્તા દલિતાનુભૂતિને પ્રગટ કરે છે. ઉનાળાની ભરબપોરે મુખી એની બહેનને ત્યાં દોઢ મણ બાજરી લઈ જવાનું કામ દલિત મજૂરને સોંપે છે. રસ્તામાં તરસ લાગતાં પાણી પીવાની ઇચ્છા થઈ. પરબ સુધી પહોંચે પણ પાણી પાનાર કોઈ હતું નહિ. દલિત હોવાથી તે પાણીની પરબ કે માટલાને અડી શકે તેમ ન હતો. દલિતો માટે થતી આભડછેટને યાદ કરી તે મનોમન બોલે છે કે, "હાહરાં બધાં પરબે જાતી પાણી પીવે... અમારે જ પરબે ના અડાય? અડીએ તો પરબ અભડાઈ જાય, હત તમારું બેટ જાય?"(40) તરસ્યો હોવા છતાં ઉજળિયાત વર્ગની બીકને કારણે પાણી પિવડાવનાર આવે તેની રાહ જોતો ઊભો રહે છે. પાણી પિવડાવનાર ડોસા આવીને તેને ખોબામાં અધ્ધર હાથે પાણી પિવડાવે છે. અહીં વાર્તાકારે દલિતોની થતી અવમાનના અને તેમને માણસ જ ન ગણવાની ઉજળિયાત વર્ગની જોહુકમીને નિરૂપી છે.

દોઢ મણ બાજરીનો ભાર ઊંચકીને ખરા બપોરનો તાપ માથે લઈ કોરોટો ગામના માઢ આગળ પહોંચેલા મજૂરને રતનફોઈ પ્રેમથી આવકારે છે. ત્યાં જ ઘરમાંથી રતન ફોઈનાં સાસુ તેને ઘરમાં ન લાવવાની સૂચના આપે છે અને તેને કૂતરાની ચાટ પાસે બેસાડવાની સૂચના આપતાં કહે છે કે- "...એ વેઠીયાં નઅ કૂતરાં હરખા હા... મું તો હારી સું તે વાટકો રાસ્યો સઅ નકર ઇનઅ ચાટમઅ ખાવાનું આલોય..."(41)

આ સાંભળીને મજૂરના માથે સો મણનો ભાર મુકાઈ ગયો. એની ભૂખ અને તરસ સાતમા પાતાળે ધરબાઈ ગઈ. તે મનોમન વેદનામય બનીને બોલી ઊઠે છે કે,

"મું માણસના લેખામાંય નઈ" (42)

પ્રસ્તુત વાર્તામાં દલિતો સાથેનો ઉજળિયાત વર્ગનો અમાનવીય વ્યવહાર અને તેમને પશુ સમાન ગણવાનું વલણ તિરસ્કારને પાત્ર બને છે. ઈશ્વર તરફથી દલિતો પર અત્યાચાર કરવાનો પરવાનો મળ્યો હોય તેવા સવર્ણોનાં વાણી-વ્યવહાર જોઈને વાચકના મનમાંથી ચિત્કાર ઊઠી જાય છે.

**'ન્યાય'**

'ન્યાય' વાર્તા સવર્ણોનો દલિત પ્રજા પરનો અત્યાચાર અને શોષણની ઘટનાને નિરૂપે છે. જોકે વાર્તાકારે વાર્તાને અંતે વાર્તાનાયક કાળુને સવર્ણોની જોહુકમી સામે બળવો પોકારતો દર્શાવ્યો છે.

વાર્તાનાયક કાળુ પાસે પોતાનું નાનુ બે વીઘાનું ખેતર જેમાં તે બાજરી વાવતો હોય છે. પરંતુ ભૂતકાળમાં ગામના ઠાકોર હઠોજી સાથે બોલાચાલી થઈ હોય છે. પરિણામે તેનો બદલો લેવા હઠોજી કાળાના ખેતરની બાજરીના ડૂંડા રાતોરાત લણીને ચોરી જાય છે. ગામના પોલીસ પટેલ પાસે ફરિયાદ નોંધાવવા જાય છે પણ તેની ફરિયાદ કોઈ સાંભળતું નથી. રોષે ભરાયેલો કાળો હઠાજીના દારૂ ગાળવાનાં માટલાં

ફોડી નાંખે છે. ચોરા વચ્ચોવચ ભરાયેલો પંચ કાળુને ગુનેગાર ઠેરવી, સજારૂપે બે મણ બાજરી કબૂતરના ચબૂતરે નાંખવાનો દંડ કરે છે. ‘પડ્યા ઉપર પાટુ’ જેવો ઘાટ કાળુનો થાય છે.

જેના આધારે આખું વરસ ભરણપોષણ થવાનું હતું તે પાક તો ચોરાય છે અને ઉપરથી બે મણ બાજરી પક્ષીઓને ચણમાં નાંખવાનો અન્યાય કાળુને સહન કરવો પડે છે. પંચમાં બેઠેલ એક વ્યક્તિ કાળુને ધમકાવતાં કહે છે, “આ તો ગોમના ભલા, બે મણ બાજરીએ સોડી મેલ્યો, ચબૂતરે બાજરી નાખજે પાસો, ગોમમાં રેવું સઅ કઅ નઈ. આમ અડબંગાઈ કરશો તે કોક ટીચી નાખશે..”(43)

કાળો પોતાની સાથે થયેલા અન્યાયનો વિરોધ કરતાં કહે છે કે, “પણ ભા, મારી બે વીઘું પાયેલી બાજરી પેલો વાઢી જ્યો. ઈનો ન્યા?” સરપંચ કાળુને કહે છે કે, “જા અમઅ ન્યા થઈ જ્યો...”(44)

સમગ્ર ઘટનામાં દલિત કાળુની લાચારી અને પરવશતાને વાર્તાકારે અસરકારક રીતે નિરૂપી છે. કાળુને થયેલો અન્યાય એ સવર્ણ સમાજની જોહુકમી દર્શાવે છે. કાળો સવારે બાજરી નાંખવાનો વિચાર પડતો મૂકતાં કહે છે - “દિયોર! ગોમનઅ જે નાગલા વાઢી લેવા હોય એ વાઢી લે, વાહનચ કરવું હોય એ કરઅ? જા દાણાં નહીં નાખવા.”(45)

અહીં કાળો પોતાના છોકરાઓના હાથમાંથી ઝૂંટવાતો રોટલો જોઈ શકતો નથી. સરપંચના ન્યાયમાં પોતે એકલો દંડાતો હતો એનો એને ડંખ હતો. અહીં વાર્તાકારે સદીઓથી ચાલ્યો આવતો દલિતો સાથેનો અમાનવીય વ્યવહાર નિરૂપીને તેની સામે એકલ-દોકલ વ્યક્તિનો વિરોધ દર્શાવ્યો છે. વાર્તાના અંતે કાળાએ દાણા ન નાંખવાનો કરેલો નિર્ણય જાણે કે દલિતો માટે એક નવી આશાભરી સવાર લઈને આવશે એવાં એંધાણ આપ્યાં છે.

**‘ના ખપે’**

પ્રસ્તુત વાર્તામાં અસ્પૃશ્યતાનો પ્રશ્ન રજૂ થયો છે. આવી આભડછેટ દલિતો માટે માનસિક શોષણનું કારણ બને છે. વાર્તાનાયક શહેરમાંથી ગામડામાં પોતાનું ઘર બનાવવા આવે છે. તેના માટે ડાહ્યાભાઈ તપોધનને બોલાવે છે. પરંતુ વાર્તાકારનો મિત્ર જીવાભાઈ તેમને જણાવે છે કે ગામડામાં હજી પણ આભડછેટને ગણવામાં આવે છે.

જીવાભાઈ વાર્તાનાયકને મકાન બનાવવાનું કામકાજ સોંપે તો પણ તેમને ચા-પાણીની બોલી ન કરવા કહે છે. કેમ કે ડાહ્યાભાઈને દલિતોના ઘરની ચા-પાણી ના ખપે. આ વાત સાંભળતાં જ વાર્તાકારનું મન ખિન્ન થઈ જાય છે. ડાહ્યાભાઈના શબ્દો - “તમારે બીજા શાહુકારના ઘેર ચા બનાબ્બી પડશે, તમારી... તમારા ઘરની ચા ના ખપે”(46) ડાહ્યાભાઈના મોઢામોઢના આવા આભડછેટસૂચક શબ્દો સાંભળી વાર્તાનાયકને ડાહ્યાભાઈ તરફ ઘૃણા થઈ આવે છે. હવે ડાહ્યાભાઈ મફત કામ કરી આપે તો પણ તેની પાસે ન કરાવવું એવો દૃઢ સંકલ્પ વાર્તાકાર કરે છે. વાર્તાને અંતે રામજી વાર્તાકારને છાશવારાની છાશ લઈ જવા માટે કહે છે ત્યારે વાર્તાકારના મોઢામાંથી શબ્દો સરી પડે છે કે - “જાને દિયોર તારી છાશ અમને ના ખપે.”(47)

અહીં વાર્તાકારે દલિત સમાજનો આક્રોશ વ્યક્ત કર્યો છે. સદીઓથી અસ્પૃશ્યતાને સહન કરતો દલિતવર્ગ સવર્ણ સમાજની સામે પોતાનો બંડ પોકારતો આલેખ્યો છે. પ્રસ્તુત વાર્તામાં માનસિક શોષણની પીડા આલેખાઈ છે. ગામડાગામનો મજૂરી કરતો સવર્ણ વર્ગના પ્રતિનિધિ ડાહ્યાભાઈ અને રામજીભાઈ જેવાં પાત્રો શિક્ષિત એવા વાર્તાનાયક સાથે અણછાજતું વર્તન કરે છે ત્યારે દલિત એવા વાર્તાકાર સવર્ણ સમાજ તરફની પોતાની આભડછેટને રજૂ કરી પોતાનો વિરોધ પ્રગટ કરે છે.

**મણિલાલ હ. પટેલ (09-11-1949)**

**'મગન સોમાની આશા'**

ગામડાગામમમાં બાપના નામથી ઓળખાતી દીકરી અને લગ્ન પછી પતિના નામથી ઓળખાતી પત્ની, આ બંને પાત્રો મૂળ તો એક પાત્રમાંથી જ ઉદભવેલાં છે, પણ છે તો મનુષ્ય. અને મનુષ્ય હોય ત્યાં ઇચ્છા, આશા, અરમાન, અહમ્ ધરાવતું મન પણ હોય જ. મનુષ્ય અને એમાંય ખાસ કરીને સ્ત્રી ભલભલા ઘા સહન કરી જાય છે, પણ ક્યારેક કોઈ નજીકના વ્યક્તિ દ્વારા આપવામાં આવેલા માનસિક આઘાતનો પ્રત્યાઘાત એના અસ્તિત્વની સાથે વણાઈને જીવે છે અને એ આજીવન એ પ્રત્યાઘાત આપ્યા જ કરે છે. મગન સોમાની આશા એક આવું જ પાત્ર છે. પોતાના સગા બાપ મગન સોમાએ એના જેવી દેખાવડી અને સુંદર છોકરીને મોતી કાળુ જેવા પૈસાદારના પણ મંદબુદ્ધિ અને દાધારંગા છોકરા મનહર સાથે વળાવી એનું આશાને એટલું તો ભરપૂર દુઃખ છે કે "પડોશ ગામે જ પિયર હોવા છતાં ત્રણ ત્રણ વર્ષથી ત્યાં ગઈ નથી. બાપનું મોઢું જોયેય બે બે વર્ષ થયાં હતાં. બાપને ધિક્કારતાં ધિક્કારતાં એ રાતોની રાતો જાગી હતી."[48]

સગા બાપ દ્વારા દીકરીના આખા જન્મારાને બાળી મૂકતો માત્ર એક વખત મળનારા રૂપિયા સાટે થયેલો આ સોદો જોઈને એનું મન ભાંગી ગયું હતું. "પોતાની સગાઈ મનહર સાથે થઈ તે દિવસે આશા ભાંગી પડી હતી, ને વળતી પળે બાપ ઉપર આવો જ ક્રોધ આવ્યો હતો. મગન સોમા દેખતી આંખે દીવા જેવી દીકરીને અંધારિયા કૂવામાં ધકેલી રહ્યા હતા. આખું ગામ ને બધું સગુંવહાલું અચંબિત હતું. પણ મગન સોમાના પગમાં જોર આવ્યું હતું. પડું પડું થતા ઘરનો અડધો ભાગ ઉતરાવી લઈને એમણે ધાબું ભરાવી બે મોટા ઓરડા ઉતરાવ્યા હતા. ગીરો મૂકેલાં બે ખેતર છોડાવ્યાં હતાં ને હવે કારખાનામાં કામે જતા છોકરાને દહેજદાપાવાળી કન્યા મળે એવી વેતરણમાં ફરતા હતા. ભરજુવાનીમાં વરણાગી કરીને બધું વેડફી કાઢેલું, પત્ની સમેત. આશા જોતી રહેતી કે બાપા દર વર્ષે પૈસા માટે ભેંસ-ગાય વેચતા ને આ વર્ષે? ઘરમાં રૂપિયાના બંડલો જોઈને પહેલાં તો એ અવાચક થઈ ગયેલી. પણ પછી બધું સમજી જતાં સમસમીને રહી ગયેલી. એ મજબૂરીવશ આગળ વિચારી નહોતી શકી. એના મનમાં મડાગાંઠ શી મૂઠ વળી ગઈ હતી કે એ મનહરને મન વગર પરણશે; સાસરેય જશે ને ઘરકુટુંબને અજવાળશે, પણ એનાં તનમન તો આવાં જ અબોટ, કોરાંધાકોર રાખશે. બળવાનો અનુભવ આ પહેલવારકો થોડો હતો."[49]

એક તરફ નમાઈ આશાને ભણાવવા લઈ ગયેલાં એનાં ફોઈએ શિખામણ આપેલી!

ISBN-978-81-973071-8-8
First Edition

"ભૂખ પાળીનેય આબરૂ રાખવી. એ વના અસ્ત્રીની જાતનો સમાવ ના થાય. આદમીનો ઓછાયોય અભડાવે એનાથી ચેતતાં રહેવું. મન-કાયાને વટલાવાં ના દેવાં. કાયા તો જણસ છે કુંવારકાની. પરણ્યો જ આપણો ભગવાન... તન ને મન બેઉંનો એ જ ધણી..."(50)

આશાએ ધણીની બહુ મોટી કલ્પનાઓ પણ નહોતી કરી પણ દેખાવડી હતી એટલે દેશનાને પરદેશના મુરતિયાઓએ આશાની ઉપર એની ઉમેદવારી સિવાય પણ પસંદ કરેલી. બે પાર્ટીઓ દરખાસ્ત લઈને પણ આવેલી અને શિકાગોવાળા શૈલેષે તો દહેજ વગર પણ આશાને પરણવાની હઠ પકડેલી... પણ મગન સોમાએ મગનું નામ મરી ન પાડ્યું, ત્યારે આશાને એમ થયું કે એની મા જો જીવતી હોત તો? પણ પછી એમાં જીવનમાં કેટલા લોહી ઉકાળા હતા એ યાદ કરી મન વાળી લીધું.

આમ, સગા બાપ દ્વારા પૈસાની લેવડદેવડ કરી એને એક મંદબુદ્ધિ, દાધારંગા છોકરા જોડે વળાવી એના જીવતરને ધૂળ કરવામાં આવતાં એણે આ શોષિત જીવનમાં પણ મનહરને પોતાની જાતથી અળગો રાખવાનું અને બાપની જોડે કોઈ સંબંધ નહિ રાખવાનું નક્કી કરેલું અને એનાં સાસુ-સસરા કે દેરાણી-જેઠાણી કોઈની સમજાવટથી પણ એણે નમતું ન જોખતાં આખરે એ બાપ મગન સોમાને એને સમજાવવા બોલાવ્યા હતા. પણ બાપ પર ખીજે ભરાયેલી આશા એની વાત સાંભળવાનું તો દૂર એની સામે આવવાની પણ ના પાડી દે છે અને જ્યારે એનો બાપ જમવાની ના પાડે છે ત્યારે પણ સ્પષ્ટ સંભળાવી દે છે,

"એય જાણું છું કે તમે કોના બોલાયેલા આયા છો ને શું વાત કહેવા આયા છો... વાતો કરીને પટાવવા સિવાય આખો જન્મારો તમને બીજું આવડ્યું શું? તમારી જીભ કેમની ઊપડે છે. છોરીને કહેતાં, લાજતાય નથી. જમીને ચાલ્યા જાવ. ફરીથી આ ઘરનું આંગણું ચઢ્યા તો મારા જેવી ભૂંડી-"(51) એનો બાપ ભૂખ્યો ચાલ્યો જાય છે એનું દુઃખ છે એને, પણ રોષ એટલો બધો છે એના બાપ પ્રત્યે એના મનમાં કે એ એ પણ જીરવી જાય છે પણ ટસની મસ નથી થતી.

અંતે જ્યારે મનહર દ્વારા એની પર જોરજબરજસ્તી કરવાનો પ્રયત્ન થાય છે ત્યારે એ ઘર છોડીને ભાગી જાય છે અને ક્યાંક અગોચરમાં ગુમ થઈ જાય છે.

આમ, મણિલાલ પટેલની મગન સોમાની આશા સમાજજીવનમાં મન મારીને એક શોષિત જીવન જીવવા મજબૂર બનતી કંઈકેટલીયે આશાભરી ને કોડભરી છોકરીઓની વાત કહેવા સર્જાયેલી હોય એમ જણાય છે. સમાજના, સગાવહાલાના અને કંઈકેટલાંયે દબાણો વચ્ચે દરેક છોકરી આશાની જેમ અડગ બની ઊભી રહી શકતી અને આશા પણ ક્યાં સુધી - એને પણ છેવટે ઘરબાર છોડીને અગોચર ભૂમિમાં અદૃશ્ય થતી નિરૂપી છે સર્જકે. લાચાર, મજબૂર અને અસહાય એવી આશાના શોષણનું અદભુત નિરૂપણ છે.

**રમેશ ર. દવે (01-09-1947)**

**'શબવત્'**

રમેશ ર. દવેની વાર્તા 'શબવત્'માં જાતીય જીવનમાં અસંતુષ્ટ સ્ત્રીની પોતાની કોઈ ઇચ્છાઓ હોઈ શકે તેવું આજનો સમાજ સ્વીકારી શકતો નથી. સ્ત્રી-પુરુષના જાતીય સંબંધની સંકુલતાને કુશળતાપૂર્વક 'શબવત્' વાર્તામાં રજૂ કરવામાં આવી છે.

બદલાયેલી સામાજિક પરિસ્થિતિમાં સ્ત્રીના જાતીય અસંતોષને વાચા આપતું વિષયનું નિરૂપણ શક્ય બન્યું છે. પ્રસ્તુત વાર્તામાં પતિના પ્રમોશન માટે વાર્તાનાયિકાને લાચારીથી સાહેબને ત્યાં જતી દર્શાવી છે. તે શિક્ષિત, સુંદર અને કોમળ-ઋજુ પ્રેમભાવને ઝંખતી સ્ત્રી છે. પરંતુ પતિ તરફથી માત્ર શારીરિક વાસનાનો શિકાર બનતી નાયિકાને સાહેબનું સંયમિત અને સ્ત્રીની ઇચ્છાઓને માન આપતું વર્તન પ્રીતિકર બને છે.

વાર્તાના આરંભે નાયિકાની સ્વગતોક્તિરૂપે પતિનું પ્રમોશન અને તે મેળવવા માટે પોતાના સાહેબને ખુશ કરવા માટે થતું વાર્તાનાયિકાને દબાણ. આ સમગ્ર નિરૂપણ નારીશોષણની પરાકાષ્ઠારૂપ બને છે. તે વિચારે છે કે જો પોતે રૂપાળી અને ભણેલગણેલ ન હોત તો કેવું સારું? પતિના દબાણ સામે તેને આવા માણસની ઘરવાળી હોવા અંગે પોતાની જાત માટે નફરત થઈ જાય છે.

નફરતના ગુસ્સામાં તે મનોમન નક્કી કરી લે છે કે તે પતિને એકવાર પ્રમોશન તો અપાવશે જ. અને એ પતી જાય પછી પોતે પોતાનો માર્ગ કરી લેશે. "પછી જલસા કરે જલ્પુના પપ્પા અને એમનું પ્રમોશન! સાલા હલકટ! જેવો સાહેબ એવો જ નમાલો એમનો ચમચો! પોતાની બૈરીને..."(52) પરંતુ જ્યારે તે સાહેબના સંપર્ક અને સંસર્ગમાં આવે છે ત્યારે તેમનું મર્યાદાપૂર્ણ અને વિવેકી વર્તન વાર્તાનાયિકાનું મન જીતી લે છે. સાહેબના વર્તન સાથે નાયિકા પતિના વર્તનને સતત સરખાવતી રહે છે. નાયિકા મનોમન પતિના રોજે રોજના બળાત્કારી વર્તન સામે સાહેબનું સમભાગે સુખ માણવાનું ઈજન નાયિકાને સુખદ લાગે છે. લાગણીના સ્તરે શોષાતી નારીના મન-અંતરમાં વાર્તાકારે ડોકિયું કરાવ્યું છે અને પોતાની ઇચ્છાઓને મારતી નાયિકા જાણે કે શબવત્ થઈ જીવી રહે છે.

પ્રસ્તુત વાર્તામાં પતિની હૂંફ અને સાચો પ્રેમ ઝંખતી નાયિકાને તેનો પતિ પોતે જ પરપુરુષ તરફ ધકેલે છે. અહીં સ્ત્રી જાણે કે પતિના પ્રમોશન મેળવવા માટેનું રમકડું બની રહે છે. નાયિકાને માત્ર ઉપભોગની વસ્તુ સમજતા પતિના વર્તન સામે નાયિકા મનોમન સમસમીને જીવી રહેતી દર્શાવી છે. પતિ અને તેના સાહેબની પ્રણયચેષ્ટા વચ્ચે આમથી તેમ ફંગોળાતી નાયિકાના સૂક્ષ્મ શોષણને વાર્તાકારે કલાત્મકતાથી નિરૂપ્યું છે.

ISBN-978-81-973071-8-8
First Edition

**જોસેફ મેકવાન (09-10-1936)**

**‘છગનાને ન સમજાતા સવાલો’**

આદિવાસી છોકરો છગનો. એના બાપે કુમલી જોડે એના બાળવિવાહ કુમલીના બાપને મોં-માગ્યા ત્રણ હજાર રોકડા આપીને નક્કી કરેલા. છગનો મેટ્રિક પાસ થયો એ જાણીને કુમલીના હરખનો પાર નહોતો. એને ગોલગધેડાના મેળામાં મળવા બોલાવ્યો અને એ મેળામાં જ બેયનાં મન મળી ગયેલાં. કુમલીએ છગનાને કહેલું કે મારો બાપ દશ હજાર લઈને મને બીજે વળાવવાની વેતરણમાં છે, પણ તું ગમે એમ કરીને નોકરી મેળવીને બે હજાર એના મોં પર માર તો એ મારું આણું તારા ઘેર કરવા રાજી થઈ જાય અને જો આભ ફાટતું લાગશે તો હું (કુમલી) કાળી રાતે તારા ઘેર આવી જઈશ. અને કહ્યા પ્રમાણે કુમલી આવી ગઈ. કુમલીનો બાપ જરાક આગળ પડતો હતો. નાતની પંચાયતે પઢાયેલા પોપટની જેમ કડદો કરેલોઃ “છોરીનો બાપ કૈસે ઇન બે હજાર સીડી દ્યો. કુમલી જેવી છોરી તોય સસ્તામાં પડી ઇમ લેખાશે.’

ને, લાજ મેલીને કુમલીને કહેવું પડ્યું હતું, ‘સીડી દેહું વિયાજ હોતા. નઈ સીડીએ તાં લગણ ઊં ઘર નઈ માંડું, ન માંડું તો મુન ચેંધરિયા દેવ પૂસે!”(53)

કદાચ સર્જક આ ઘટનાને છગના અને કુમલીનો એકબીજા પ્રત્યેનો લગાવ દેહના સંબંધોથી આગળ નીકળી ગયેલો દર્શાવવા વાર્તાના અંતે બનતી ઘટનાને કારણે છગના સાથે થયેલા ભરપૂર અન્યાયથી વાચકને અવગત કરાવવા માટેનું પ્રયોજન ધરાવતા હોય એમ જણાય છે.

આમ, જોસેફ મેકવાનની આ કૃતિ ડગલે ને પગલે મનુષ્ય દ્વારા મનુષ્યના થતા શોષણનું અદભુત નિરૂપણ છે. છગનાને ન સમજાતા સવાલોમાં સર્જકે નીચે બતાવ્યા પ્રમાણે આલેખ્યું છે -

(1) “એને સમજાતું નહિ કે, અમે માંહોમાંહે બોળીએ છીએ, ગામ-હારના વે’વાર કરીએ છીએ એ ભાષા અને આ થોથાંમાંની ભાષામાં અટકટા ડુંગરા જેવડો ભેદ કેમ છે?”(54)

(2) “ગુજરાતીના સાહેબ એને નિબંધની નોટ પાછી આપતાં હંમેશાં એક વાક્ય ઉચ્ચારતા - ‘તમને આદિવાસીઓને સંસ્કારી ભાષા કદી નહીં આવડવાની. સરકારને પાછા તમને ભણાવવાના ધખારા છે. છોગામાં અનામત દેશનો દાટ વાળી દેવાના છો તમે અનામતિયા!’

‘છગનાને આ અસૂયાનાં આરણ-કારણ ના સમજાતાં...” (55)

(3) છગનાને આવા જાતિગત શોષણમાંથી છૂટવું હતું, “એને ભણવું હતું. ભણીને સારી નોકરી મેળવવી હતી. એના જાતભાઈઓ અને મા-બાપે હાડ તોડતાં ગધ્ધાંવૈતરાં કીધાં હતાં. એમાં એને નહોતું જોતરાવું.”(56)

(4) “એને અંકગણિતમાં થોડી સમજ પડતી અને સાહેબ પણ સારા હતા અને કહેતા - ‘આટલું શીખી લઈશ તોય તારા લોકનું જે શોષણ કરાઈ રહ્યું છે એ સમજી શકીશ.” (57)

આમ ભણીગણીને નોકરી મેળવવાના અરમાન સાથે છગનો આગળ વધતો હતો. નોકરી માટે એણે મેટ્રિક પાસ થયા પછી પ્રયત્નો પણ કર્યા, પણ એમાં પણ એને ભ્રષ્ટાચારના કારણે નિરાશા સાંપડી. રોજેરોજનું જીવન-જીવતી આ આદિવાસી પ્રજાનાં માણસો પચ્ચીસ હજાર કે વીસ હજાર જેવી એમના માટે

માતબર ગણાય એવી રકમ ક્યાંથી લાવે? રૂ.2000ની સીડી નહિ આપી શકનાર છગના માટે નોકરી મેળવવા માટે આપવી પડતી લાંચની રકમ આપવી અશક્ય હતી. આથી પોતાની જાતિ માટેની અનામત સીટમાં પસંદ થવા યોગ્ય ઉમેદવાર હોવા છતાં એ ના મેળવી શક્યો અને એના નસીબમાં હાડતોડ મહેનત જ આવી.

સર્જકે મેટ્રિક પાસ છગનાના મનમાં ઊઠતા સવાલો દ્વારા સામાજિક અને આર્થિક શોષણના શિકાર બનતા છગના જેવા કંઈક સંવેદનશીલ માણસોની વાત મૂકી દીધી છે. છગનાને એના ગણિત શિક્ષક ભ્રષ્ટાચારના કારણે નોકરી ના મળી એની સામે એની જાતિના નેતા થવાની સલાહ આપે છે પણ એ માટે જોઈતી અસંવેદનશીલતા અથવા જાડી ચામડી જેવા ગુણોના અભાવે એ વિકલ્પ સ્વીકારવા છગનો તૈયાર નથી. છગનાને આવા ઘણા સવાલો થતાં બાપનું પડી ગયેલું ઘર છોડીને મજૂરીની શોધમાં નીકળેલાં છગના અને કુમલીને છબીલદાસે ધક્કો મારવાની ગરજે મોટરમાં બેસાડેલાં અને પછી પોતાની સાથે આવવાની ઓફર મૂકી એમાંય આ ભણેલું મન સમજી ચૂક્યું હતું.

"આ બધું કુમલી કાજ તો નહીં થતું હોય?" (58)

ત્યાર બાદ છબીલદાસે મહિને રૂપિયા ચારસોના ઉચ્ચક દરે ખાતામાં જમા કરતાં છગનાની સેવા અને કુમલી જે કામ કરે એના રોજના 15 રૂપિયા લેખે અઠવાડિયે રોકડા ચૂકવાય એ રીતે એમને રાખી દીધાં. આમાંય રોજના સાડી બાવીસનો લઘુતમ વેતનદર જે સરકારે નક્કી કર્યો હતો એનાથી અજાણ છગના અને કુમલીનું ભરપૂર શોષણ હતું એ સર્જકે રજૂ કર્યું છે.

પોતાના બનતા બંગલાને 'પરિશ્રમ કુટિર' જેવું નામ આપતા છબીલદાસ દ્વારા ડગલે ને પગલે થતું છગના અને કુમલીનું શોષણ જાહેર સમારંભમાં છગના જેવા આદિવાસીને પોતાના ત્રીજા પુત્ર તરીકે દત્તક લેવાની જાહેરાત કરીને વાહવાહી લૂંટ્યા બાદ છગનાને શરાબ માટે બરફ ખૂટ્યો છે, ચાલ લઈ આવીએ જેવું નજીવું કામનું બહાનું કરીને દૂર કરવો અને પરત આવતાં કુમલીનું ત્રીજે મજલેથી પટકાઈ પડેલી કુમલી એના પર કાળગોઝારી રાતે શું વીત્યું હશે એ કહેવા જીવતી નહોતી રહી - એ દર્શાવીને અંતનું વાક્ય મૂક્યું - "ને ત્યારે, છગનાને સમજાતું હતું કે એને કશું જ નથી સમજાતું!"(59)

આમ, આ કૃતિ એ મનુષ્યનું મનુષ્ય દ્વારા, સમાજ દ્વારા જીવનના દરેક તબક્કે થતું શોષણનું સચોટ નિરૂપણ છે.

છગનાની પત્નીનું થતું જાતીય શોષણ સવર્ણોની હીનવૃત્તિને પ્રગટ કરે છે. છગનાના મનમાં ઊઠતા સવાલોનો ઉકેલ આપણી રૂઢ પરંપરા કે સમાજવ્યવસ્થામાં વણઊકલ્યો જ રહે છે.

### 'રોટલો નજરાઈ ગયો'

મજૂરીકામ કરીને જીવનનિર્વાહ ચલાવતા ધનજી અને હેતાનો છોકરો રઘુ શહેરની સ્કૂલમાં ભણવા જાય છે. બે ટંક ભોજનનાં ફાંફાં હોય એવી આર્થિક પાયમાલી વચ્ચે પણ હેતા એના દીકરા રઘુને શહેરની

શાળામાં ભણવા મૂકે છે. એના ભવિષ્યને સુધારવા એ લોકો પેટે પાટા બાંધીનેય દીકરાને ભણાવવા માંગે છે.

'...દીકરો હોશિયાર છે એટલે એક મોટા માણસની લાગવગ લગાવીને એને શહેરની શાળામાં દાખલ કરાવ્યો છે. ત્રણ માઇલ ચાલીને રઘુ બસ પકડે છે ને વીસ માઇલ આઘી નિશાળમાં પહોંચે છે. શહેરની નિશાળ એટલે સારું ભણતર! કાલે દીકરાનું ભવિષ્ય સુધરી જશે, અમે તો આખી જંદગાની કપાળે મજૂરી લખાઈને અવતર્યા પણ બધું વેઠ્યે ડીચરાના દા'ડા તો પલટે!'

આ તો થઈ એમના વિચારોની વાત. પણ એમની આર્થિક પરિસ્થિતિ કેવી હતી એ સર્જકે બતાવી, "હેતાના હૈયામાં હામ છે પણ ગાંઠે દામ નથી. દરરોજ એ પવાલાં ગણીને બાજરી બહાર કાઢે છે. બે રોટલા રઘુના બાપ હારુ. ભારે હાડ ને કાઠું વૈતરું, મરદ માણહને ખાવા જોઈએ. એક પોતાની હાટુ, ધણી ધરાય એટલે એને ઓડકાર આવે, એક તે ઓછો છ? નં એક રઘુ હારુ! ફાડ્ય હવારે ન ફાડ્ય બપોરે!" બસ અહીં જ હેતાનું હૈયું ચરરચરર કરતું ચચરે છે. હઝ્ઝા પેટને એ ધરાઈને ધાન નથી આલી હકતી. રઘુ ફાડ પૂરી કરી રહે કે ફટ કરતીક ને હેતા પોતાનો રોટલો એની સામે ધરી દે છે. 'લે બેટા ખઈ લે આટલો!'

પણ રઘુ સમજણો છે. જાણે છે કે માને આખો દા'ડો મે'નત કરવાની છે, એ કહેઃ 'બસ માડી! ધરઈ ગ્યો. અવે ભૂખ નથી! ને રઘુ સાચમાચનો ઓડકાર ખાય છે.

હેતાથી નિસાસો નખાઈ જાય છે. 'ભગવાનિયા! આવું, નેહાચિયું જીવતર શા હાતર તેં અમારે જ લમણે લછ્યું!'[60]

આથી આર્થિક પાયમાલીમાં જીવતા આ પરિવારનો ખોરાક રોટલાથી શરૂ થાય છે અને રોટલાથી પૂરો થાય છે. હેતા રઘુને રિસેસમાં ખાવા પણ રોટલો આપે છે. શરૂ શરૂમાં તો રઘુ લઈ જાય છે અને રિસેસમાં કકડીને લાગેલી ભૂખને કારણે એ ફટાફટ એનો રોટલો ખાઈ લે છે પણ ધીરે ધીરે એનું ધ્યાન જાય છે કે એના સહાધ્યાયી એવાં ભદ્ર સમાજનાં છોકરાં એની સામે વિચિત્ર રીતે જુએ છે અને કાયમ એના લંચ બોક્સમાં રોટલો જ હોય છે એ જોઈને એનાથી દૂર રહે છે અને એ લોકો એમનાં લંચબોક્સમાં લાવેલી વાનગીઓ એકબીજાંની સાથે આપ-લે પણ કરે છે. ત્યારે એને એના રોટલાની શરમ આવવાની શરૂ થાય છે અને એ રોટલો લઈ જવાનું બંધ કરે છે. અન્ય વિકલ્પની માંગને એની મા હેતા પહોંચી વળતી નથી. આમ, રઘુની ભૂખનો એકમાત્ર ઇલાજ એવો 'રોટલો' નજરાઈ ગયો એમ દર્શાવીને સર્જક વાચકને એ વાતથી અવગત કરાવે છે કે ડાહ્યોડમરો રઘુ ભદ્ર સમાજના અમીર છોકરાંના દુર્ભાવ અને અસૂયાનો શિકાર બને છે. રઘુ જેવો હોશિયાર અને ડાહ્યા છોકરાનું ભવિષ્ય જે શિક્ષણના કારણે બનવાની શક્યતાઓ હોય છે એ આર્થિક ભેદભાવના કારણે ભયમાં મુકાય છે અને છેલ્લે જ્યારે ભૂખ અને કુતૂહલવશ એ એના સહાધ્યી મિન્ટુના દફ્તરમાં ડોકાતું પ્લાસ્ટિકનું ડબલું જોઈને માનવસહજ નબળાઈથી પ્રેરાઈને એ ડબલાને લઈ શાળાની સામે જ નગરપાલિકાના દવાખાનામાં પાછલાં સૂનાં દેખાતાં પગથિયાં ઉપર બેસીને ખાઈ લે છે જે કમ્પાઉન્ડર જોઈ જાય છે અને એ વાતની જાણ થતાં મિન્ટુના ડોક્ટર પિતા આવીને પ્રિન્સિપાલને એમનાં

ISBN-978-81-973071-8-8
First Edition

છોકરાંઓના સંસ્કાર ના બગડે તે માટે પણ આવા ચોરો માટે કેળવણી કંઈ કામની નથી જણાવીને એને રસ્ટિકેટ કરવાનું કહે છે ત્યારે વાચક પણ રઘુના ડહાપણ અને સંઘર્ષથી પરિચિત થયા પછી એના 'ભવિષ્ય' સામે ઊભા થતા અવરોધને જોઈ દુઃખી થઈ જાય છે.

ગરીબ પરિવારના રોજિંદા જીવનના સંઘર્ષની ઘટનાઓ સર્જકે બ-ખૂબી રજૂ કરી છે. આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓના કારણે માનસિક સંતાપમાં જીવતાં હેતા જેવી મા અને રઘુ જેવા ડાહ્યા છોકરાના જીવનમાં અભાવ અને ભેદભાવ કેવો ભાગ ભજવે છે, એ પણ નિરૂપ્યું છે.

**હરીશ મકવાણા**

**'મૂંગી ચીસ'**

હરીશકુમાર મકવાણાની 'મૂંગી ચીસ' વાર્તા એક દલિત શિક્ષક સાથે થતા આભડછેટયુક્ત વર્તનની ગાથા બની રહે છે. શિક્ષક બન્યા પછી પોતે સહન કરેલા અપમાનજનક શબ્દોને પરિણામે વાર્તાનાયક છગન માસ્તર નોકરી કરવા જવાની અનિચ્છા દર્શાવે છે.

વાર્તાના આરંભે વાર્તાનાયક છગનાની માતાના શબ્દો, 'બેટા, તારો બાપો અને હું વહેલી સવારે બાવટાનો રોટલો લઈને આખો દિવસ માટી નાંખતાં ત્યારે માંડ માંડ એક રૂપિયો મળતો અને તું... ખુરશીમાં બેઠાં બેઠાં દા'ડાના પાંચ રૂપિયા! બેટા, નોકરી ના છોડાય...'(61) વાર્તાનાયક પોતાની માતાને નોકરીના સ્થળે થતા સવર્ણોના વર્તનની વાત કરતાં જણાવે છે કે, 'શાળાનાં બાળકોએ જ મને પૂછ્યું કે, 'સાહેબ! તમે શી ન્યાતના છો?... અને પછી બાળકોનો ગણગણાટ – 'આ તો ઢેઢા છે.'(62)

પોતાની આર્થિક અને સામાજિક પ્રગતિ ઇચ્છતા છગનને બાળકોનો આ પ્રશ્ન તેના સ્વમાન પર ઘા કરનાર બને છે. છગનના જીવન અને નોકરી સામે અસ્પૃશ્યતાનો પ્રશ્ન દીવાલ બનીને ઊભો રહે છે. દલિત શિક્ષક ઉપર ગામના લોકો દ્વારા હુમલો, 'અલ્યા, ઢેઢો માસ્તર આવ્યો છે. એને સમજાવો. જતો રહે. નહીં તો ઝૂડી મારીશું...!'(63)

આવા અપમાનજનક શબ્દો અને વર્તનને સહન કરતો છગન સવર્ણો સામે વિદ્રોહ નથી કરતો. જાણે કે દલિતવર્ગ અને સવર્ણ સમાજ વચ્ચેનું અંતર દૂર કરવા મથતો વાર્તાનાયક જોવા મળે છે. વાર્તાનાયક પોતાની હૈયાવરાળ માતા સમક્ષ રજૂ કરી હવે એ ગામમાં નોકરી ન કરવાનો નિર્ણય જણાવે છે તે ઘટના કેટલી કરુણતા જન્માવે છે.

વાર્તાના આરંભે છગનને દુઃખ વેઠીને નોકરી ન છોડવાનું કહેતી મા વાર્તાના અંતે 'બેટા, બળી એ નોકરી નથી કરવી. અને આપણે આગળેય નથી લખવું! એ મોટા લોકનું પૂરું ન થાય. રાતે આવીને ઝૂંપડું ધીકાવી મૂકે તો શું કરીએ?'(64) પ્રસ્તુત વાક્ય દલિત છગન અને તેની માતાની નિરાધારી રજૂ કરે છે.

ગામલોકોએ ડેપ્યુટીસાહેબની હાજરીમાં શિક્ષકને કરેલી મારઝૂડ તેમના સ્વમાન ઉપર ઘણી મોટી ઠેસ પહોંચાડે છે. માતા આગળ પોતાની વ્યથાને રજૂ કરતો છગન માસ્તર મૃત્યુ પામે છે.

ISBN-978-81-973071-8-8
First Edition

પ્રસ્તુત વાર્તા સમાજરચનાની વિસંવાદિતાને પ્રગટ કરતી દલિત વાર્તા બને છે. શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી પણ એક દલિત શિક્ષક સવર્ણોના ગામમાં સ્વમાનભેર નોકરી પણ કરી શકતો નથી. આ છે આપણા કહેવાતા સવર્ણ સમાજનું વરવું દૃશ્ય! અન્યાય સહન કરી લેવાની દલિતવૃત્તિ પાછળ સવર્ણોની ઊંચી પહોંચની ભયંકરતા પણ જવાબદાર છે.

**હરીશ મંગલમ્ (15-2-1952)**

*મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ફલુ ગામના વતની. પિતા જેઠાભાઈ વણકર અને માતા દીવાબેન. 15 ફેબ્રુઆરી 1952માં જન્મેલા હરીશ મંગલમ્ દલિત સાહિત્યસર્જન કરતા એક પ્રતિબદ્ધ સર્જક છે. 'તલપ' વાર્તાસંગ્રહના નિવેદનમાં 'હિંદુ સમાજવ્યવસ્થામાં જળોની જેમ ચોંટેલી અસ્પૃશ્યતાની પીડા, કહો કે વ્યથા-શોષણ, અન્યાયો, અત્યાચારો વગેરે અકથ્ય અને અકલ્પ્ય અમાનવીયતા ભર્યાં વલણોને લીધે છાશવારે ભોગ બનતાં લોકોનો હું હૂબહૂ સાક્ષી...'[65]*

*દલિત તરીકે આખા ગામમાંથી વેઠેલી-ભોગવેલી આભડછેટમાંથી સર્જકની સર્જનચેતના જાગૃત બની. કવિતા, નવલકથા, વાર્તા, વિવેચન અને સંપાદન જેવા વિવિધ ક્ષેત્રે સર્જન કરનાર હરીશ મંગલમ્ પાસેથી મળતા 'તલપ' (2001) વાર્તાસંગ્રહમાંથી દલિતચેતના પ્રગટ કરતી વાર્તાઓ પ્રાપ્ત થાય છે.*

**'દાયણ'**

'તલપ' વાર્તાસંગ્રહમાં સમાવિષ્ટ 'દાયણ' વાર્તા દલિતોના ઉપકાર સામે સવર્ણોના અપકારને આલેખે છે. વાર્તાનું મુખ્ય પાત્ર 'બેનીમા'ની પીડા, વિડંબના અને વ્યથાને આલેખતી વાર્તા બને છે.

બેનીમા ગામમાં પાકી કેરી વેચીને ગુજરાન ચલાવતાં. તે જેટલાં કેરી પકવવામાં પાવરધાં તેટલાં જ પાવરધાં દાયણના કામમાં. દલિત વર્ગનાં બેનીમા ગામમાં કોઈ પણ સુવાવડી સ્ત્રીની સુવાવડ એક પણ પૈસો લીધા વિના અને દિવસ કે રાત જોયા વગર કરાવી આપતાં.

બેનીમા અછૂત હોવા છતાં પણ તેમને દાયણ તરીકે ગામના પ્રત્યેક ઘર અરે, સવર્ણોના ઘરમાં પણ પ્રવેશ મળતો. દાયણ તરીકે પાવરધાં બેનીમાને એક દિવસ ગામની દલી પટલાણી આવીને કહે છે કે- "હા બેનીમા, હું દલી... મારાં જેઠાણી પશીમાને પીડા ઉપડી સઅ... બેના ચાર કલાક થ્યા તોય ન તો સુવાવડ થૈ ક ન તો પશીમાનં પીડા એઠી બેઠી. બેનીમા તમે ઝટ હેંડો.'[66] આ સાંભળી પરગજુ સ્વભાવ ધરાવતાં બેનીમા હંમેશની જેમ સહેજ પણ વિલંબ કર્યા વગર સાડલાનો છેડો ખોસી દોડ્યાં. પશીમાની હેમખેમ સુવાવડ કરાવી.

દોઢેક વર્ષનો સમય પસાર થયા બાદ કેરીઓ વેચવા નીકળેલાં બેનીમાએ પશીને છોકરાના ખબર-અંતર પૂછ્યા. સવા વરસનો થયેલો છોકરો પા-પા પગલી ભરતો બેનીમા તરફ આગળ વધે છે ત્યારે સાવધ થઈ ગયેલી પશી છોકરાને બાવડાથી પકડીને રોકી લેતાં કહે છે કે- 'જોજે કીકલા... બેનીમાનઅ અડતો!!'[67]

આ શબ્દો સાંભળતાં જ બેનીમાના લંબાયેલા હાથને જાણે કે લકવો થયો હોય તેમ ધ્રૂજતાં ધ્રૂજતાં હવામાં લટકી રહ્યા! અગાઉ કસુવાવડનો ભોગ બનેલી પશી અને એના દીકરાને બચાવનાર બેનીમાનો આભાર માનવાને બદલે તેને બેનીમાની આભડછેટ નડે છે. ગરજ હોય, સ્વાર્થ હોય જરૂરિયાત હોય ત્યારે સવર્ણ સમાજને આભડછેટ નડતી નથી. પરંતુ કામ પૂરું થઈ ગયા પછી એ જ બેનીમાને સ્પર્શતાં પશી અભડાઈ જાય છે.

કેરીઓ વેચવા આગળ જતાં રસ્તામાં વડ નીચે રમતા છોકરા બેનીમાને આઘી ખસેડતાં કહે છે કે- 'એ ઢેઢી! આઘી જા, અભડાયે! ભારતી નથી?'(68) આ સાંભળી આઘાત પામેલાં બેનીમા વર્ષો પહેલાં સુવાવડ કરાવેલી તે દલીના ડાયાને ઓળખે છે અને મનોમન બબડે છે કે- 'હં દહ વરહ પેલ્લાં દલીની હુવાવડ વેળાઅ મૂઆનં મેં જ બચાયો'તો.'(69)

બેનીમા જેવા પરગજુ મનેખ સવર્ણોની આવી અપમાનજનક વર્તણૂકથી 'આભ તૂટી પડ્યા જેવી' વેદના અનુભવે છે. પોતાના ભારેખમ પગ ઘર તરફ ઉપાડતાં બેનીમાનાં ડગ ઉપર પોતે કરેલાં સત્કર્મોનો ભાર જાણે કે મુકાઈ જાય છે. વાર્તાના અંતે વાર્તાકાર કહે છે કે- 'ત્યાં તો વડલાની કો'ક ડાળથી ટપાક... ટપ...ટેટો ખર્યો, જાણે ડાયલાનો ડૂંટો ખર્યો!!' (70)

વાર્તાના અંત સંદર્ભે બાબુ દાવલપુરાનું મંતવ્ય છે કે- 'ટેટો ખરવાની આ ઘટનાનો સૂચિતાર્થ એ છે કે દલિત અછૂત બેનીમાએ ભલે સવર્ણ સ્ત્રીઓના સપૂતોને સુવાવડ ટાણે માતૃસહજ વાત્સલ્યપૂર્વક જીવની જેમ જાળવીને ઉગારી લીધા હોય, પણ એ ડાયલાઓ તો ડૂંટો ખર્યા પછી દલિતોને અછૂત ગણીને વેગળાં જ રાખશે.'(71)

પ્રસ્તુત વાર્તા સવર્ણ સમાજના કુંઠિત થઈ ગયેલા વિચારોને રજૂ કરે છે. ગામની સ્ત્રીઓ સુવાવડ કરાવવા બેનીમા અડે ત્યારે અભડાતી નથી. એ જ સ્ત્રીઓ જાહેરજીવનમાં બેનીમાને અડતાં અભડાય છે. સવર્ણોનું આવું દોગલાપણું તેમની માનસિક સંકુચિતતાને પ્રગટ કરે છે. પ્રસ્તુત વાર્તામાં દલિત એવા પરગજુવૃત્તિના 'બેનીમા' તેમના સંસ્કારોને કારણે કહેવાતા સવર્ણો કરતાં મૂઠી ઊંચેરા માનવીનો દરજ્જો મેળવે છે. બેનીમાની માનવતાને ઉજાગર કરતી અને દલિતોના ગુણો સામે આંખ-મીંચામણા કરતા સમાજનો દંભ અહીં પ્રગટ થયો છે. દલિતોના શોષણને હૃદયદ્રાવક રીતે અભિવ્યક્તિ આપવામાં વાર્તાકાર સફળ રહ્યા છે.

'બેનીમા'નું જીવંત પાત્ર શબ્દરૂપે કલારૂપ ધારણ કરે છે. તળપદી વાણી, વર્ણનો દ્વારા બેનીમાના સંવેદનને ચરિતાર્થ કર્યું છે.

વાર્તાની વક્રતા તે પેઢીઓથી ચાલ્યું આવતું કાળું કલંક વાર્તાના આરંભે આવતા વર્ણન 'કાળાભાને ગુજરી ગયે બે દાયકા વીતી ગયા હશે ત્યારથી બેનીમા આ અંધારિયા છાપરામાં જીવન વ્યતીત કરી રહ્યાં હતાં.... બાકી તો સાવ અંધારુ ઘોર.'(72) શબ્દોથી વાચક સમક્ષ રજૂ થયું છે. અર્થસંકેતોથી સભર આવું વર્ણન બેનીમાના પાત્ર દ્વારા બિનઅંગત બની સમગ્ર દલિત પીડિત માનવસમુદાયના અપમાનનો ઉદગાર

બની રહે છે. વાર્તાના અંતે 'અંધકાર જેવું થઈ જતાં 'હાશ' અનુભવતાં બેનીમાના આ શબ્દોમાં ભારોભાર યાતના અને વ્યથા અનુભવાય છે.

**'પગદંડી'**

'પગદંડી' વાર્તામાં દલિતો સાથે થતા અન્યાય, શોષણ અને દમન સામે દલિતવર્ગની નવી પેઢીને પ્રતિકાર કરતી બતાવી છે સાથે દલિતવર્ગની સમસ્યાને ઉજાગર કરી છે. વાર્તાના આરંભે દિવસ ઊગતાં લોકો ખેતરમાં મજૂરી માટે જઈ રહ્યા છે. ત્રણ દલિત મિત્રો ઈશ્વર, ધનજી અને શિવો શેઢે થઈને જવામાં રસ્તો લાંબો પડતો હોવાથી ટૂંકા પગદંડીના રસ્તેથી પસાર થાય છે. પોતાના ખેતરની પગદંડી પરથી પસાર થતા દલિતોને જોઈને બહેચર કણબી સમસમી ઊઠે છે અને વાંદરાને કાઢતો હોય એવો હાકોટો કરે છે- "મારા હાહરો... ઊભા રે જો?"(73) હાથમાં પાવડો ઉગામીને ત્રણે જણની પાછળ પડે છે.

ત્રણે મિત્રો જીવ બચાવવા દોડે છે અને બાળપણના મિત્ર ધૂળસિંહ દરબાર પાસે મદદ માંગે છે. બહેચર ત્યાં પહોંચીને ત્રણ દલિતોને માર મારવાની વાત કરતાં બોલે છે- 'આજ તો મેથીપાક ખવડાવવો જ પડશે, ઇના વગર પોશરા નૈં થાય."(74) ધૂળસિંહ બહેચર પર તાડૂકે છે- 'મેથીપાકવાળી, હેંડતી પકડ! નૈતર આ દાંતી ભાળી સઅ?'(75) ધૂળસિંહ દરબારનો ક્રોધ પારખીને ગામનો લબાડ એવો બહેચર પાછો ફરે છે.

ઘેર પાછા ફરેલા શિવાના મનમાં બહેચરને બરાબરનો મેથીપાક આપવાનો મનસૂબો ઘડાય છે. પરંતુ ઉજળિયાતોની બીકને કારણે બીજા વિચારો તેના મનમાં જન્મે છે કે- 'ઉજળિયાતને મારીને પછી ગામમાં રહેવાનું છે કે નહિ? ગામ એ લોકનું ને સરપંચ પણ એમનો જ. વાંક એમનો હોય તો પણ વેઠવાનું તો દલિતોને જ!'(76) અહીં દલિતોના મનમાં સવર્ણો પર આધારિત જીવન છે એવી ઘર કરી ગયેલી માન્યતાનો પડઘો સંભળાય છે.

શિવાએ 'સાપ મરે પણ લાકડી ના તૂટે' એવી યોજના ઘડી કાઢી. અંધારાનો લાભ લઈ ત્રણે મિત્રો બહેચર પટેલને બરાબરનો ફટકારે છે. પોતે સવર્ણ છે અને દલિતોના હાથે માર ખાઈ ચૂકેલો બહેચર પોતાને માર માર્યાની વાત કોઈને કહી પણ શકતો નથી. પોતાના જબરાપણાથી ગામમાં પંકાયેલો બહેચર પોતાની લાજ બચાવવા ચક્કર આવવાથી પટકાયો અને પથ્થર વાગ્યાનું બહાનું કરે છે.

વાર્તાના અંતે નરમઘેંશ જેવો થઈ ગયેલો બહેચર શિવાને નમ્રતાથી આજીજી કરતાં કહે છે કે- 'શિવા, આ શેઢે શેઢે જતો હોય તો!'(77) શિવો બહેચરની વાતને અવગણતાં આગળ વધે છે. ગામની ભાગોળે ગદેલિયાની રમત રમતાં બાળકો જોડે શિવાએ ગદેલિયાને પૂરા જોરથી દર સુધી ગદગદાવતાં શિવાને વખાણતા ધૂળસિંહને જવાબ આપતા શિવો કહે છે કે- 'વાત અનં વા રોક્યાં રોકાય કોઈનાથી!'(78) શિવાનું આ વાક્ય દલિતોની ઊજળી આવતીકાલની એંધાણીરૂપ છે. ગદેલિયાની જેમ બહેચર થૂંકાળને ફંગોળી દેતાં શિવાનો અન્યાય અને શોષણ સામેનો આક્રોશ વાજબી ઠરે છે. પ્રસ્તુત વાર્તા દલિતોના વિદ્રોહને પ્રગટ

ISBN-978-81-973071-8-8
First Edition

કરવામાં સફળ પુરવાર થાય છે. વાર્તામાં દલિતકોમની તળપદી બોલીનો સંયમપૂર્વક વિનિયોગ કરવામાં આવ્યો છે.

**'વરપડું'**

વણાટનું કામ કરતા માધોભા, મંછીમા, હંસા અને ધર્મેન્દ્ર દલિત પરિવારનાં પાત્રો છે. વણકરોની વસાહત ગામથી તદ્દન અતડી એવું કહીને વાર્તાકાર દલિતોના ગામની પાછળ આવેલા રહેણાકનો ઉલ્લેખ કરે છે અને સદીઓથી ચાલી આવતી આભડછેટની વાત કરે છે.

સુવાવડમાં પિયર ગયેલી હંસાને વળગેલા વળગાડને ભૂવો પોતાનો ઇલ્મ અજમાવીને કાઢવાનો પ્રયાસ કરે છે પરંતુ સંજોગવશાત્ હંસાનું મૃત્યુ થાય છે. વાર્તાના અંતે હંસાના સસરા માધોભા જૂગા રબારીને શોક મિશ્રિત ગુસ્સા સાથે પૂછે છે કે- 'ભૈ, જૂગા! તારી ઈહલ મા રયાં જૈ?'(79) તેના જવાબમાં જૂગો રબારી ફોડ પાડતાં કહે છે કે- 'મા, માડિયો ઇહલ મા, અરિજનની દેયમાં ચેવી રીતે પરવેશ કરઅ? અનં જયો હુંથી પરવેશઅ નૈ ત્યો હુધી મોંયલું વંતરુ બ્હાર ચેવી રીતે નેકળઅ?'(80)

જૂગા રબારીની વાત સાંભળી સવર્ણોની માન્યતા સામેનો આક્રોશ ઠાલવવા માધોભા લાકડી ઉઠાવી જૂગા રબારીની પાછળ દોડ્યા. તેના પર લાકડી ઉગામીને બોલતા ગયા કે 'બસ, એજ ઇહલ મા. તારી માડી! લેત્તી જા!!'(81) જૂગા રબારીને પોતાના સવર્ણોના માતાજી દલિતની કાયામાં ન પ્રવેશી શકે એવું અજૂગતું કહેવાને કારણે જૂગા રબારીને માર્યો અને સાથે સાથે લાકડીના ડંડાનો દેરી પર જોરથી ઘા કરી ભારોભાર ગુસ્સો અને નફરત વ્યક્ત કર્યાં.

પ્રસ્તુત વાર્તામાં આછા-પાતળા વિષયવસ્તુ પાછળ દલિતોનો પોતાની સાથે ભેદભાવભર્યું અને અન્યાયી વર્તન કરનાર સવર્ણો સામેનો આક્રોશ પ્રગટ થયો છે. વાર્તામાં તળપદી બોલી અને ભૂત-પ્રેતને ભગાડતા ભૂવાની વિશિષ્ટ બોલીનો વિનિયોગ થયો છે.

**ધરમાભાઈ શ્રીમાળી (21-12-1957)**

*21 ડિસેમ્બર 1957ના રોજ બનાસકાંઠાના ગાદલવાડા ગામમાં જન્મ. પિતાનું નામ નાગરદાસ અને માતાનું નામ રાજુબેન. અભાવ વચ્ચે વીતેલું બાળપણ. બાળપણમાં માતા પાસેથી સાંભળેલી વાર્તાઓમાં ભૂખ, ગરીબી, શોષણ, અસ્પૃશ્યતા જેવા વાર્તાવિષયોએ સર્જકનું ઘડતર કર્યું. માની વાર્તા કહેવાની લઢણે સર્જકને વાર્તાસર્જન તરફ ઢાળ્યા.*

*વાર્તાકાર ધરમાભાઈ શ્રીમાળીના ત્રણ વાર્તાસંગ્રહો (1) 'સાંકળ' (1997, 2001), (2) 'નરક' (2003), (3) 'રવેશ' (2005) પ્રાપ્ત થાય છે.*

*'નરક' વાર્તાસંગ્રહની વાર્તાઓમાં અસ્પૃશ્યતાનાં બિહામણા રૂપો જેવાં કે મંદિરમાં પ્રવેશબંધી, જુદાં વાસણોમાં ચા આપવી, વરઘોડા પર પ્રતિબંધ, જાતીય-આર્થિક શોષણ, ગામડાંની શાળામાં અને પરબમાં અસ્પૃશ્યતા પાળવી, પહેરવેશ પર પ્રતિબંધ જેવાં આભડછેટનાં વિવિધ રૂપોને વાર્તાસર્જન દ્વારા રજૂ કર્યાં.*

ISBN-978-81-973071-8-8
First Edition

**'નરક'**

સર્જક દલિત પરિવારની દીકરીના મનોભાવ વ્યક્ત કરાવતાં કરાવતાં વાચકને એ વાતથી અવગત કરાવે છે કે ગંદકી એ ગંદકી છે અને એની સૂગ દરેક વ્યક્તિને એકસરખી હોય છે. દરેક મનુષ્યની જીવનથી આશા-અપેક્ષાઓ ઘણી હોય છે પણ આર્થિક-સામાજિક સંજોગો એને અણગમતું કામ કરવા મજબૂર કરે છે. આખેઆખો સમાજ અને એ સમાજની પ્રત્યેક વ્યક્તિ કેવી રીતે શોષણનો શિકાર બને છે અને આ શોષણ સહન કરવા માટે એમને કેવી રીતે મજબૂર કરવામાં આવે છે એનું સર્જકે ખૂબ સુંદર નિરૂપણ કર્યું છે.

નાનપણથી જ મેલું ઉપાડવાની કામગીરીથી રતનને કેટલી સૂગ છે એ દર્શાવી, આગળ જતાં એના રૂપથી અંજાયેલો એનો પતિ સોમો એને મ્યુનિસિપાલિટીનું કમ કરવા જવાની એને ના પાડે છે પરંતુ સમય જતાં આર્થિક સંકડામણના કારણે મ્યુનિસાપાલિટીનું કામ કરવા પ્રેરે છે. રતનને રોડ વાળવા જવાનો એટલો વાંધો નથી હોતો પણ અંતે જ્યારે મુકાદમ એનું જાતીય શોષણ કરવામાં નિષ્ફળ જાય છે ત્યારે એને મ્યુનિસિપાલિટીના સંડાસ સાફ કરવાનું કામ આપે છે, જેનાથી એ એટલી હદે ત્રસ્ત થઈ જાય છે કે એ નક્કી કરે છે કે 'આજ તો નેનકીનો બાપ મારી નાંખે તોય ભલે, પણ બળ્યું આ નરક તો હવે નઈ જ વેઠાય...'

અમુક સમાજમાં જન્મ થવા માત્રથી વ્યક્તિને મેલું ઉપાડવાના કે સફાઈ કામદાર તરીકે કામ કરવાનું ફરજિયાત થઈ પડે એ સામાજિક શોષણ નહીં તો બીજું શું છે?

વાર્તાનું શીર્ષક 'નરક' અને વાર્તાનાયિકા રતનના મનોભાવને સર્જકે વણી લીધા છે. દલિત વાસમાં બતાવવામાં આવતાં પિક્ચરમાં મેલું ઉપાડતી મા-દીકરીનું સુગાળ દૃશ્ય અને મળના ઢગલા વચ્ચે ઊભેલા વૃદ્ધ દંપતીના ચહેરા પરની ખેંચતાણ અને દ્વારા અપાયેલો જવાબ.

"સા'બ... કશું પૂસવા જેવું જ નથ... જીવતે જીવત... પણ પેટ માટે વેઠ..." (82)

અને આ જવાબ પછી રતનના મનોભાવ અને એનું પિક્ચર જોવા માટે વધુ બેસવાનું મુશ્કેલ થતું તથા ત્યાર બાદ પતિ સોમાનો અનપેક્ષિત પણ એની લાચારી વ્યક્ત કરતો પ્રતિભાવ એવા વિરોધને મજબૂત સાથ આપે છે.

આમ, મેલું ઉપાડવાનું કામ કરતો દલિત સમાજ પણ એ કામથી કેટલો ત્રસ્ત છે અને શોષણનો અનુભવ કરે છે એનું નિરૂપણ સર્જકે કર્યું છે.

**'ભાત'**

રત્નો દલિત છે એ જેઠીમાના ખેતરનો ભાગિયો છે. મજૂરી કરીને એનું શરીર ખડતલ થઈ ગયું છે. જેઠીમાનો છોકરો ઘેમર અફીણનો બંધાણી છે અને નશામાં પડ્યો રહે છે. એની પત્ની ઈજુ જે આજે ભાત લઈને આવી છે. ખેતરે એ રત્નાને આગ્રહ કરીને ભાત જમાડે છે, જેમાં ગવાર ફળીનું શાક, બાજરીના બે રોટલા ઉપર નવશેક ઘીનો લૂંદો અને ગોળનું દડબું જોઈને રત્નો ખુશ થઈ જાય છે. એ મનથી ઈજુનો

ISBN-978-81-973071-8-8
First Edition

આભાર પણ માને છે. એને જેઠીમાના દ્વારા અપાતા ખાઈ ના શકાય તેવા 'ભાત'નો અનુભવ હતો અને એ પણ અપમાનિત કરી કરીને. ત્યાર બાદ ઈજુ એને બોર ચાલુ કરવાના બહાને બોરની ઓરડીમાં મોકલે છે અને પછી આવીને લાઇટની સ્વિચ બંધ કરીને એને ચોંટી પડે છે. રત્નો ગભરાઈ જાય છે. કોઈ જોઈ જશે તો? કે ઈજુનો પતિ ઘેમર આવી જશે તો એવી ચિંતા વ્યક્ત કરે છે પણ ઈજુ એને પોતાની ઇચ્છા સંતોષવા મજબૂર કરે છે અને ત્યાં તો જેઠી ડોસીનો અવાજ સંભળાતા અને એ બોર બંધ કરવાની બૂમ પાડતી હોય છે એ સાંભળીને રત્નો હાંફળોફાંફળો બોર બંધ કરીને દોડે છે ત્યારે એનો પગ ઘેમરના ભાતને અથડાય છે ત્યારે જેઠી ડોસી દ્વારા 'મારા પીટ્ ભાળતોય નથી... ઘેમરાનું ભાત અભડાયુંન!'(83) બોલવું ખૂબ સૂચક રીતે રજૂ કરાયું છે. સમગ્ર વાર્તા સવર્ણ જમીનમાલિક અને એનાં કુટુંબીજનો દ્વારા દલિત ભાગિયા રત્નાના ડગલે ને પગલે થતા શોષણને નિરૂપે છે.

**'તરસ'**

'તરસ'એ પ્રત્યેક જીવને સહજ રીતે આવતી નૈસર્ગિક જરૂરિયાત છે. લેખકે એનો ઉપયોગ કરી ગામડામાં સવર્ણો દ્વારા દલિતોનું થતું શોષણ નિરૂપ્યું છે. સ્વગતોક્તિમાં લખાયેલી આ વાર્તામાં વર્ષો પહેલાં ગામની શાળામાં ભણતાં કથાનાયકને લાગેલી તરસના કારણે અને રિસેસ પૂરી થવાનો ઘંટ વાગવાથી બધાં સવર્ણ બાળકો જે સ્કૂલના માટલેથી દલિત બાળકોના ખોબામાં ડોયાથી પાણી રેડતાં તે જતાં રહેતાં અને તરસ ખૂબ લાગી હોવાથી અને આસપાસ કોઈ ન હોવાના અહેસાસથી ડોયાનું પાણી જમણી હથેળીમાં લઈ પાણી પી રહેલા એને જે પાનના ગલ્લાવાળા સવર્ણ ચમનાજીએ ઝાપટ મારેલી આજે વર્ષો પછી ગામના બસ સ્ટેન્ડ ઉપર ઊભેલા પોતાના છોકરા અને પત્ની માટે એ પાણી લેવા એ જ શાળાએ આવે છે અને પાણીના નળ નીચે વોટરબેગ મૂકી ભરે છે ત્યારે એને બધું બદલાઈ ગયાનો અહેસાસ થાય છે અને એ જ્યારે એ પાણી લઈ બસ સ્ટેન્ડ પહોંચે છે ત્યાં એ જ ચમનાજી એનાં બાળકો અને પત્નીને ધમકાવતો હોય છે કેમ કે એનું છોકરું તરસના કારણે ગલ્લા નીચે પડેલાં માટલે પાણી પીવા અડક્યુંતું, ત્યારે એનો ભ્રમ ભાગી ગયો. વર્ષો પછી પણ ગામડાગામમાં એ જ માન્યતાઓ અને એ જ વર્તન એ જ શોષણનું નિરૂપણ કરીને સર્જકે વાચકને આ ઘટમાળ ક્યારે તૂટશે એમ વિચારતો કરી દીધો છે.

**'સામૈયું'**

'આખો વાસ હિલ્લોળે ચડ્યો હતો.'થી આખા હરિજનવાસનો આનંદ-ઉલ્લાસ રજૂ કરીને વાર્તાની શરૂઆતમાં જ દલિત પ્રજા માટે આ પ્રસંગનું કેટલું મૂલ્ય છે એ બતાવ્યું છે. પ્રસંગ છે – પ્રધાનની હાજરીમાં ગામના હરિજનવાસની છોકરીઓ દ્વારા ગામકૂવેથી પાણી ભરીને સામૈયું કરવાનો અને આ સામૈયાને હરિજનવાસ સુધી લાવીને ગામમાંથી અસ્પૃશ્યતા અને આભડછેટ દૂર કરવાનો.

હરખપદૂડા થઈને હરિજનો અને એમની દીકરીઓ વાસમાંથી ઘડા લઈને આ કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચે છે પણ ત્યાં તો જુએ છે કે પ્રધાનને કુંભારની છોકરીઓને હરિજનની છોકરીઓ તરીકે બતાવી. એમની જોડે ગામકૂવેથી પાણી ભરાવી 'સામૈયું' કરવાની વિધિ પતાવી દેવામાં આવી હતી અને પ્રવચનમાં

ISBN-978-81-973071-8-8
First Edition

પ્રધાને ગામમાં સૌ દલિત-સવર્ણ હળીમળીને રહે છે તે માટે આનંદ વ્યક્ત કર્યો અને સરપંચે પ્રધાનને અન્ય કાર્યક્રમમાં જવાનું હોવાથી હરિજનવાસમાં જવાનો કાર્યક્રમ રદ કર્યો છે તેમ સમજાવવામાં આવ્યા. ગાડીમાં બેસવા જતાં પ્રધાનને સાચી વાત કહેવા ચંપાનો બાપ અમરો દોડે છે પણ એ વાત સમજાવે એ પહેલાં પ્રધાનની ગાડી રવાના થઈ જાય છે.

સમાનતાના અધિકાર માટે વર્ષોથી ઝૂરતાં દલિતો માટે આ એક મહામૂલો પ્રસંગ પણ સવર્ણો દ્વારા છળકપટ કરીને ઝૂંટવી લેવામાં આવે છે અને વળી પાછાં વર્ષો સુધી એ જ અપમાન અને હડધૂતની જિંદગી જીવવા માટે મજબૂર કરવામાં આવે છે. સવર્ણ સમાજ દ્વારા દલિતોનું થતું રહેલું શોષણ નિરૂપવામાં સર્જકે આ પ્રસંગ અને એમાં રજૂ થયેલા ઘટનાઓનો સુપેરે ઉપયોગ કર્યો છે.

**'ભવાઈ'**

રૂપાળો દેખાતો દલભા તૂરીનો ખેલ જોઈ અંજાઈ ગયેલી રૂપકુંવરની નજર એની ઉપર રહેતી આથી ભાગી છૂટવા મથતા દલભાને મેનેજર મુગટલાલ જવા નથી દેતો. એ રાતે એના ભાભાના કાને વાત જતાં એ રૂપકુંવર ઉપર નજર રાખતો હતો. રૂપકુંવરે પોતાના દિલની વાત કહેવા દલભાને રાતે ભવાઈ પૂરી થયા પછી રસ્તામાં આંતર્યો ત્યારે એના ભાભાએ દલભાને મારવા ધારિયું ઉપાડ્યું પણ દલભાના "ના..., ના... એવું ના થાય. મું તો તૂરીનો દીકરો સું મારી બૂન! છોડ મનઅ... આ ગામમંઅ મીં ભવાઈ રમી ખાધી સઅ... એવું વિચારવુંય મારા માટઅ પાપ શઅ મારી બૂન. તું તો... મારી બૂન બરોબર... ભવાઈનો મોહ ન હોય... એને તો જોઈનઅ રાજી થવાય..."[(84)]

શબ્દો સાંભળીને એ રૂપકુંવરને મારતો મારતો ઘેર લઈ ગયો અને દલભાને એ ગામમાં ફરી નહીં આવવાની ધમકી આપતો ગયો. એ લોકો રાતોરાત એ ગામ છોડીને જતા રહ્યા. પણ પાછળથી દલભાને સાંભળવા મળ્યું કે સગા બાપે થઈને એકની એક છોકરીને.... આ વાતથી દલભા દુઃખી થઈ ગયો અને રૂપકુંવરના મૃત્યુના માટે પોતે જવાબદાર હોય એમ ભવાઈને તિલાંજલિ આપી દીધી અને દર-બ-દરની ઠોકરો ખાતો અનેક ધંધા કરીને એણે જીવનની હાડમારીઓ વેઠી.

દલભાની માની સલાહ '...નજર સાફ રાસીન વેહ ભજવે તો કદી થાકેલો નઈ આવઅ...'[(85)]

અને તૂરીના દીકરા ઉપર મોહી પડેલી રૂપકુંવરનું એના બાપ દ્વારા જ... મૃત્યુ પામવું અને આ સમાચારથી ભવાઈને દલભા જેવા વખણાયેલા અને પંકાયેલા નટ દ્વારા તિલાંજલિ આપી આજીવિકાનું સરળ અને સરસ સાધનને તરછોડવું આ બધું સામાજિક જીવનના જાતિવાદ આધારિત માનસિક શોષણનું નિરૂપણ છે.

## દાઝવું તે...

લખુભા દરબારના પરબતની જાન નીકળે છે અને તેમાં પેટ્રોમેક્ષ લઈને આવેલા દલિત પરિવારની દીકરી બબલીની મનોવેદના વ્યક્ત કરતી આ વાર્તામાં પેટ્રોમેક્ષથી વારંવાર દાઝતી અને દાઝેલા ભાગ ઉપર ફરીવાર દાઝતી બબલીના પેટની વેદના પણ ઘોડા ઉપર સવાર પરબતની જ દેન હોય છે. આમ,

આર્થિક અને સામાજિક રીતે સંપન્ન એવો પરબત કેવી રીતે પાછળ પડીને બબલીને મજબૂર કરે છે અને આજે પરણવા જવા ઘોડીએ બેઠો હોવા છતાં પણ 'હખણો' રેતો નથી અને એની એવી નજર અને હરકતોથી બબલી પરેશાન થયા કરે છે, એટલું જ નહિ 'અંધારિયા' અને 'અજવાળિયા'ના પંદર પંદર દિવસ ગણીને, પછી બીજી અમાસ પણ ગઈ, પરબતે જ્યારે એને ખેતરમાં આંતરી તેને બે મહિના ઉપર વીતી ગયું અને હજુ...

એની ચિંતા, એમાં પેટનું ઝીણું દર્દ, પરબતની અત્યારે પરણવા જતાં પહેલાં પણ કરવામાં આવતી હરકતો અને આ બધાથી પરેશાન બબલી - આ બધું શારીરિક અને માનસિક શોષણનું સર્જકે કરેલું નિરૂપણ છે.

**'સડો'**

મગનભાઈ દલિત હોવાના કારણે અનામત સીટ ઉપર ચૂંટાઈને સરપંચ બને છે. એ એવા ભ્રમમાં છે કે હવે ગામમાં આભડછેટ જેવું કંઈ રહ્યું નથી. પણ જ્યારે એ ચૂંટણી હારી જવાના કારણે લાઇબ્રેરીનું વર્ષોથી સંચાલન કરતા ખોડભાઈ કે જે સવર્ણ જ્ઞાતિના છે. એમનો લાઇબ્રેરી ચલાવવામાંથી રસ ઊડી જાય છે. એમના ત્યાં લાઇબ્રેરીનાં પુસ્તકો લેવા જાય છે ત્યારે દલિત એવા મગનભાઈ અને એમની સાથે ગયેલા કથાનાયકને ખુરશી-ખાટલાના બદલે પાથરણા ઉપર બેસાડે છે ત્યારે આભડછેટ જતી રહી હોવાનો એમનો ભ્રમ ચકનાચૂર થઈ જાય છે. જૂનાં પુસ્તકોમાંથી નીકળતી ઉધઈનો ઉપયોગ સર્જકે પ્રતીક તરીકે કરીને આ બદી સમાજને 'ઉધઈ'ની જેમ સડો લગાડી ચૂકી છે એમ સૂચવતા હોય એમ જણાય છે.

સમાજજીવનનાં બદલાતાં સ્વરૂપો અને અનામત વ્યવસ્થાના કારણે દલિતોને મળતાં કેટલાંક ઉચ્ચ પદો પણ એમના સામાજિક સ્તરને ઉપર ઉઠાવવામાં નિષ્ફળ જાય છે. સમાજમાં પ્રવર્તતી માનસિકતા બદલાતાં કદાચ હજુ વર્ષો લાગશે એમ સર્જક રજૂ કરવા માંગતા હોય એમ જણાય છે. સમાજજીવનને લાગેલો આ હીન માનસિકતાનો સડો સમાનતાના હક્ક માટે ઝૂરતા દલિતસમાજને સામાજિક ન્યાય માટે હજુ અનેક વર્ષો સુધી ઉધઈની જેમ ખાધા કરશે.

**બી. કેશર શિવમ (28-9-1940)**

*લેખકનું મૂળ નામ ભીખાભાઈ જાદવ. વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર, આત્મકથાકાર અને કવિ તથા વિવેચક તરીકેની સર્જકપ્રતિભા ધરાવતા બી. કેશરશિવમ્ પ્રાચીનકાળથી ચાલી આવતી આભડછેટની વેદનાને કળાસ્વરૂપે પ્રગટ કરે છે.*

*નારીચેતનાકેન્દ્રી વાર્તાઓમાં વાર્તાકારે મોટા ભાગની વાર્તાઓમાં દલિત નારી ઉપર થતા અત્યાચારના વિષયવસ્તુને નિરૂપ્યું છે. 'રાતી રાયણની રતાશ', 'જેલના રોટલાં', 'જોગણી', 'મંકોડા', 'ચામડી ઘસાવાની વેદના' જેવી વાર્તાઓ પુરુષપ્રધાન સમાજમાં નારીને માત્ર ઉપભોગની વસ્તુ સમજતા વર્ગ સામે પ્રશ્ન ઊભો કર્યો છે. તેમની વાર્તાઓની નાયિકા અત્યાચારોનો વિરોધ કરનારી અને સ્વરક્ષા માટે સબળ પ્રતિકાર કરતી નિરૂપાઈ છે. એક તો 'દલિત હોવું' અને તેમાં પણ 'નારી હોવું' આવા બેવડા*

*અભિશાપને ઘેરા કરુણ રંગે નિરૂપ્યો છે. વાર્તાકારની વાર્તાઓનાં પાત્રો સ્વબચાવ માટે કંઈ પણ કરી છૂટવાની હિંમત ધરાવે છે. તેમની વાર્તાઓમાં ઉત્તર ગુજરાતની લોકબોલીનો વિનિયોગ થયેલો જોવા મળે છે.*

**'રાતી રાયણની રતાશ'**

વાર્તાસંગ્રહની પ્રથમ વાર્તા 'રાતી રાયણની રતાશ'માં દેખાવડી અને પરિણીત એવી દલિત કોમની કેશલીને હેરાન કરતા દીપાનો પ્રતિકાર તે કઈ રીતે કરે છે તેની વાત રજૂ થઈ છે.

ગામડાગામની દલિત પરિણીત કેશલીને જોઈને તેને રંજાડતા દીપાના નારીના હૃદય સોંસરવા ઊતરી જતા સંવાદો જેવા કે 'ભગવાન નવરા હસઅ અનઅ માટી વધારે હસઅ એટલઅ જ ઇમણે આ રમકડું બનાયું સઅ.'(86) દીપાના એક સ્ત્રી માટે ઉચ્ચારાયેલા આ સંવાદો જેમાં સ્ત્રીને 'રમકડું' સમજતા પુરુષવર્ગની વિચારધારાનો પડઘો પડે છે. વારે વારે થતી દીપાની રંજાડથી કંટાળેલી કેશલી ભરબજારે દીપાને પડકારે છે. 'તારી માએ હવાશેર હૂંઠ ખાધી હોય તો મનઅ તારી વઉં બનાયે…'(87) કેશલીના પડકારથી ગભરાયેલો દીપો કેશલીની માફી માંગે છે.

પ્રસ્તુત વાર્તામાં દલિત નારીના શોષણ સામે અવાજ ઉઠાવતી નારીના વિદ્રોહનો સૂર વાર્તાકારે પ્રગટ કર્યો છે.

દીપાની જાહેરમાં ફજેતી થયા પછી કેશલી દીપાને ફિટકાર આપીને ચાલતી થાય છે. દીપા અને પૂંજિયાના સંવાદોમાંથી કેશલીનાં સૌંદર્ય અને વ્યક્તિત્વનો પરિચય મળે છે. બોલચાલની લઢણો સાથેના સંવાદો વાર્તાને જીવંત બનાવે છે.

**'જેલના રોટલા'**

સીતાપુર ગામની ભીડ ભરેલી બસમાં ગોરધન પૂજારી ભગવાનની વજનદાર મૂર્તિ સાથે પ્રવેશે છે. પૂજારી ભગવાનની મૂર્તિ ગામના જ દલિત છોકરા મગનને આપ્યા પછી પસ્તાવો કરતાં કહે છે કે- 'ભગવાનની મૂર્તિ મેં ક્યાં આ દલિત છોકરાને આપી!… હવે નીચે ઊતરીને છાંટ લેવી પડશે!'(88)

ગામમાં પહોંચીને તે મૂર્તિને છાંટ નાંખે છે. મગનને પૂજારીના માનસની આવી દુર્ગંધ અસહ્ય બને છે. વર્ષો પહેલાંની ઘટનાનું સ્મરણ થાય છે કે, નિશાળમાં દલિતો સાથે ભણતાં સવર્ણ છોકરાં ઘરે જઈને છાંટ લેતાં. પેઢી બદલાઈ હોવા છતાં ગામમાં આજે પણ પરિસ્થિતિ બદલાઈ નથી.

ગામમાં મગનનો મેળાપ કાચી ઉંમરમાં રાંડેલી કમુ સાથે થાય છે. મગન ભણેલો હોવા છતાં તેને નોકરી મળતી નથી. ઓછું ભણેલા દલિતો સાથે થતો વ્યવહાર ભણેલા મગન સાથે થાય છે, જેનો તેને ઘણો રંજ છે. ઓછું ભણેલા મિત્રો સાથે તેને કડિયાકામે પણ જવું પડે છે.

વાર્તાના અંતે મંદિરમાં થતી ચોરીનો પ્રસંગ, મંદિરપ્રવેશનો નિષેધ અને અંતે ચોરી કરતા જીવણ અને ગોરધન પૂજારીનું મૃત્યુ થતું બતાવ્યું છે. કમુની લાજ લેવાનો પ્રયત્ન કરતા જીવણને તે ત્રિશૂળના ઘાએ મારી નાંખે છે.

ISBN-978-81-973071-8-8
First Edition

અહીં દલિતવર્ગનું શોષણ, મંદિર પ્રવેશબંધી જેવા આભડછેટના નિયમોની વાત કરવાની સાથે સવર્ણોની દાંભિકતા જેવી કે દલિત સ્ત્રીની લાજ લેવા જતા આ સવર્ણો અભડાતા નથી. વર્ષોથી ઘર કરી ગયેલી આવી આભડછેટની ઘટનાઓ સામે પોતાના અધિકાર અને સ્વરક્ષા માટે જાગ્રત બનેલી નારી આવા દંભી લોકો સામે ત્રિશૂળ ઉગામતાં પણ અચકાતી નથી. કમુનો આરોપ પોતાના માથે લઈ મગન જેલમાં જાય છે અને વિચારે છે કે જેલમાં મહેણાં-ટોણા અને તિરસ્કાર તો સહેવાં નહિ પડે. અહીં દલિત વર્ગના જીવનને ગ્રહણયુક્ત કરનાર અસ્પૃશ્યતાની સમસ્યા તારસ્વરૂપે વ્યક્ત થઈ છે. સામાજિક બંધનો સામે પોતાનો વિરોધ નોંધાવતાં પાત્રો નિરૂપાયાં છે.

**'જોગણી'**

પ્રસ્તુત વાર્તામાં સામાજિક નિષેધનો સામનો કરતી વાર્તાનાયિકા વાલીનું પાત્ર આલેખાયું છે. રોજિંદા જીવનની હાડમારી ગરીબી જેવા પડકારો ઝીલતી દલિત નારીને જાતીય શોષણ અને સતામણીનો ભોગ બનવું પડે છે ત્યારે તે સાક્ષાત્ જોગણી બની સ્વબચાવ કરતી આલેખાઈ છે.

'જોગણી' વાર્તાની નાયિકા વાલી વૈધવ્યની સાથે પોતાના દીકરા ઉપરાંત ઘરડા સસરાની જવાબદારી સ્વીકારીને જીવતી બતાવી છે. લારી ખેંચી, દીકરાને ઉછેરતાં, રાંધતા, ઘર સાચવતી, સસરાની સેવા કરતી વાલી દુકાનદારના અણછાજતા વર્તન સામે સ્વ-બચાવ કરતાં તેને બાલ્કનીમાંથી નીચે નાંખી દે છે.

પોલીસની બીકે રૂપાજી ચિંતામાં જાગતા બેઠા છે ત્યારે પોતે નહિ હોય ત્યારે વાલીનું શું થશે? એવું વિચારે છે. ત્યારે વાલી સસરાને હૈયાધારણ આપતાં કહે છે કે- "તમે મારી ચંત્યા ના કરતા. મનઅ કઅ કાનુડાનઅ કાંય થવાનું નહીં. મારી પાંહ મારવા કંઈ નંઈ હોય તાંણઅ આ મારા દાંત અનઅ આ નખ તો સનઅ? એ મારાં તરિશૂર સઅ."(89)

વાલીના આ શબ્દો સાંભળી તેનું જોગમાયા જેવું રૂપ અને હિંમત જોઈ તેમને હૈયે ટાઢક વળે છે. નારીના માત્ર દૈહિક નહિ પણ આંતરિક સૌંદર્યને પણ પ્રગટ કર્યું છે. આત્મરક્ષા માટે સબળ એવી વાલીનું પાત્ર સમય આવે 'જોગણી' બનીને સ્વરક્ષણ કરવા તૈયાર છે. સીધી ગતિમાં આગળ વધતી પ્રસ્તુત વાર્તામાં વિધવા વાલી અને વૃદ્ધ સસરા રૂપાજીની આંતરમનની વેદના અને સતત અસલામતીનો ભય અનુભવતાં બતાવ્યાં છે.

**'ચામડી ઘસાવાની વેદના'**

'ચામડી ઘસાવાની વેદના' વાર્તાની કમળાનો શારીરિક કરતાં માનસિક સંઘર્ષ વિશેષ પ્રમાણમાં નિરૂપાયો છે. છતાં કમળા માટે પોતાના સ્વમાન કરતાં વિશેષ બીજું કંઈ જ નથી.

**'મંકોડા'**

'મંકોડા' વાર્તામાં નારી પર અત્યાચારની વાત રજૂ કરી છે. નારીનું પતિ દ્વારા અને ગામના રણછોડ જેવા જોહુકમ પુરુષવર્ગ દ્વારા થતું શોષણ નિરૂપ્યું છે. 'મકોડા'ના પ્રતીક વડે નાના દેવાના રડવાનું રહસ્ય, શેરીનાં બૈરાંઓની વાતચીતમાંથી પ્રગટતી બાધા-આખડીની લોકમાન્યતા એક સબળ ભૂમિકા રચે છે.

આઠેક માસની ઉંમરના નાનકડા બાળકને જીભ નીચે કરડેલા મંકોડાની ઘટનાથી વાતનો આરંભ થાય છે. ગામનાં બૈરાં સંતોકને બાધા-આખડી લેવાની સલાહ આપે છે.

"ચતુરભાઈ તમે ઈના મુઢામઅ જરા જુઓ તો ખરા! કાંય મકોડો-બકોડો તો બાજી જ્યો નહીં નઅ! આંય મકોડા બઉ વધી જ્યા સઅ."(90) દેવાની જીભ નીચેથી મકોડો ખેંચી કાઢતાં મંકોડાનો આંકડો જીભ નીચે ભરાઈ રહેતાં નાનકડો દેવો પીડાને કારણે ચીસો પાડતો હોય છે. તેની માતા સંતોક તેને શાંત કરવાનો પ્રયત્ન કરે છે.

સરકારી મકાનની ચર્ચા કરતાં ચંપા બોલે છે કે, "આ ભઈની દિયોર સરકારે ચેવાં મકાન બનાયાં સઅ! નેચે નરી રેત, નરી ચીડીઓ નઅ મકોડાં જ નેકર્યા કરઅ સઅ..."(91)

ખેતરેથી પાછો આવેલો સંતોકનો પતિ ગાભો સંતોકને દીકરાની કાળજી ન લેવા બાબતે ધમકાવે છે. સંતોક ગુસ્સાના આવેશમાં પતિને 'બાયલો' કહેતાં ગાભો સાંબેલું લઈ સંતોકને મારતાં ઘરમાં 'રાંધ્યા ધાન' રખડી પડે છે. લગ્ન વખતે ચોપડેલી પીઠીને યાદ કરતાં આજે માર્યાની વેદના ઓછી કરવા સંતોક જાણે પીઠી લગાવી રહી હતી. જીવતરની આવી ખારાશથી સંતોકનું મન વિક્ષુબ્ધ બની જાય છે.

વળી, લગ્ન કરીને આવી ત્યારથી ગામનો યુવક રણછોડ તેનો કેડો મૂકતો નથી. વાર્તાના અંતે સંતોકની લાજ લૂંટવા રણછોડ સંતોકના ઘરમાં ઘૂસી જાય છે ત્યારે સંતોકે જગદંબા જેવું રૂપ ધરીને રણછોડની છરીથી રણછોડના શરીરના અંગને કાપ નાખ્યું.

દલિત નારી પર થતા અત્યાચારની વાત રજૂ કરી વાર્તાકારે આત્મરક્ષા માટે સબળ પ્રતિકાર કરતી નારીના નવા જ અવતારનો પરિચય કરાવ્યો છે. પ્રસ્તુત વાર્તા નારી-ચેતના અને નારીશક્તિની અનુભૂતિ કરાવે છે. દલિત નારીને 'જાતીય શોષણ' અને સતામણીનો સામનો કરતી આલેખવામાં આવી છે. વાર્તાનાયિકાને હિંમત ને સ્વાભિમાનથી જીવનના પડકાર ઝીલતી બતાવી છે.

**'ઉકરડા'**

બી. કેશરશિવમનું સર્જક તરીકેનું એક આગવું અને અનોખું વિશ્વ છે. પોતે જે વાતાવરણમાં જીવ્યા છે, જે અનુભવના તાપે તપ્યા છે તેને દલિતોની વ્યથા અને વેદનાને વાચા આપતી વાર્તાઓ આપી છે. મોટા ભાગની વાર્તાઓમાં વેઠ, અસ્પૃશ્યતા, નારીશોષણ અને સવર્ણોનું અમાનુષીપણું નિરૂપાયું છે.

'ઉકરડા' વાર્તામાં ગામના સવર્ણોએ ઊભો કરેલો ઉકરડો દલિતોના મહોલ્લાની બાજુમાં છે. મહોલ્લાની સંકડાશ ઉકરડાની દુર્ગંધ, જાન આવે ત્યારની અગવડ જેવી તકલીફોનો સામનો કરતા દલિતો સવર્ણોને ઉકરડો ખસેડવાનું કહેતાં પણ ગભરાય છે. ગામમાં આવેલી જાનમાંથી એક જાનૈયાએ આક્રોશ

ISBN-978-81-973071-8-8
First Edition

વ્યક્ત કરતાં કહેલું કે, 'હવે ક્યાં સુધી દબાયેલા રહેશો? ના ખસેડે તો પોલીસ કેસ કરો.'(92) આ સાંભળી સવર્ણોનું ટોળું દલિતોના મહોલ્લા પર ચઢી આવી દલિતોને ખૂબ માર્યા અને શીરાની કઢાઈ જોઈને બોલ્યા - 'સાલાઓએ શીરો બનાવ્યો છે! દિયોરોથી ઘી ના ખવાય, એ ભૂલી ગ્યા? પાછા પોલીસમાં ફરિયાદ કરવી છે?'(93) દલિતોના રાંધેલા ધાનમાં રેત-માટી નાંખી લગ્નનો આખો પ્રસંગ આંસુમાં પલટી નાખ્યો. સવર્ણોની ધાક-બીકના લીધે દલિતો ફરિયાદ પણ ના કરી શક્યા. આ ઘટના દલિતો પરના અત્યાચાર અને શોષણની પરાકાષ્ઠા બની રહે છે. દલિતોના મહોલ્લાનું પાણી નેળિયામાં ન આવે તેની કાળજી દલિતોએ રાખવી પડતી. પંચાયતમાં મુખી સામે મૌખિક રજૂઆત કરનાર દલિતોને ઢોરમાર મારવામાં આવતો. દલિત વર્ગમાંથી ભણી-ગણીને ડોક્ટર, નાયબ કલેક્ટર અને મંત્રી બનેલા દલિતો દ્વારા પ્રયત્ન કરવા છતાં ગામના મુખી અને સરપંચ કોઈ ને કોઈ બહાના હેઠળ ઉકરડો ખસેડતા નથી.

વાર્તાના અંતે મંત્રી બનેલા વાલાભાઈ કડકાઈભરી વાણીમાં ઉકરડો ખસેડવાનું કહેતાં સરપંચ કહે છે કે - 'વાલાભાઈ, તમે એકલા દલિતોના જ મતથી ચૂંટાતા નથી. દલિતોના મતોય કેટલા? અમારા સહકાર વિના તમે કેવી રીતે ચૂંટાઈ આવશો?'(94) મુખી અને સરપંચના પ્રયાસોથી ઉકરડા તો ન ખસ્યા પણ મુખ્યમંત્રીશ્રીએ વાલાભાઈનું રાજીનામું માગી લીધું. મંત્રીપદ ગુમાવીને પાછા ફરેલા વાલાભાઈ મહોલ્લામાં આવતાં જ પેલા ઉકરડા જાણે તેમનું સ્વાગત કરી રહ્યા હતા.

પ્રસ્તુત વાર્તામાં સવર્ણ વર્ગ દ્વારા દલિતો પર થતા અત્યાચારો, દલિત હોવામાત્રથી થતી તેમની અવગણના, આ બાબતો દલિતના ચિત્ત પર પડતા ઘસરકાની વેદનાને અને એમાંથી ફૂટતા લોહિયાળ ટશિયાથી વાચકને અવગત કરાવે છે. દલિત હોવું એ ગુનો! અને તેમની સાથે થતા પશુ કરતાં પણ બદતર વ્યવહારની વેદના અને પીડાને પ્રસ્તુત વાર્તામાં વાર્તાકારે અસરકારક ઘટના અને પ્રસંગો દ્વારા નિરૂપી છે.

**હરીશ નાગ્રેચા (25-12-1934)**

**'ખીંટી'**

પ્રસ્તુત વાર્તા 'ખીંટી' નારીના અસ્તિત્વને ઉજાગર કરવાનો પ્રયત્ન કરતી નારીની વાર્તા છે. નારીના પોતાના ગમા-અણગમા કે ઇચ્છા હોઈ શકે તેનો પુરુષપ્રધાન વર્ગે કોઈ વિચાર જ નથી કર્યો. નોકરી કરતી દીકરીની કમાણી પરિવાર માટે એટલી જરૂરી બની જાય છે કે દીકરીને પરણાવવાનો વિચાર પણ તેમને નથી આવતો. આવા વિષયવસ્તુને એક નવા જ દૃષ્ટિકોણ સાથે વાર્તાકારે પ્રસ્તુત વાર્તામાં રજૂ કર્યો છે.

વાર્તાના આરંભમાં જ વાર્તાનાયિકા હેતલની સ્વગતોક્તિ – 'ઘરકામ કરી છેલ્લે શ્વાસે નોકરીએ પહોંચવા રોજ ભાગદોડ કરતી શહેરની અસંખ્ય યુવતીઓમાંની એક હું પણ છું.'(95) કહેતી હેતલ પોતાની શારીરિક વેદના-પીડાને વ્યક્ત કરે છે. તેની માતા પુષ્પા પર જુલમ કરતો બાપ જયંતી તેને ક્યારેય બાપ લાગ્યો જ નથી. પગાર લાવતી થયેલી હેતલને પરણાવી દેવાના બાપના ઉધામા શાંત થઈ ગયા. બે વર્ષ પહેલાં પુષ્પા ગુજરી ગઈ. 'મારી મા છૂટી ગઈ, જયંતીથી. હું ઘરમાં દીકરી તે અપેક્ષાની જાળમાં ફસાઈ ગઈ. જયંતીએ પુષ્પાને સુખેથી જીવવા તો ન દીધી, સુખથી મરવાય ન દીધી.'(96) પરિવારમાંથી બે ભાઈઓ

ઘર છોડી પોતાનો રસ્તો શોધી લે છે. મેન્ટલી રિટાર્ડેડ ચંદ્રુ જે હેતલનો ભાઈ છે અને બીજા હેતલના બાપા જયંતી. આ બંનેની જવાબદારી હેતલના માથે આવી. હેતલની સ્વગતોક્તિમાં કહીએ તો - 'પોતાના ઉમંગ-ઓરતા કોરે મૂકીને મેં માની ગેરહાજરીમાં ઘરડા બાપ અને ગાંડા ભાઈની જવાબદારી ઉપાડી લીધી...' (97)

ઘર સાંભળવાની જવાબદારી સ્વીકારતી હેતલને તેના પિતા જયંતી દ્વારા નોકરી છોડી ચંદ્રુનું ધ્યાન રાખવા માટે દબાણ કરવામાં આવે છે. પંકજને ચાહતી હેતલ આ જવાબદારીના બોજમાંથી છૂટવા માંગે છે. 'દીકરી છું એટલે શું ઘર સંભાળવાની ફરજ ફક્ત મારી જ?' (98)

અહીં હેતલની ગૂંગળામણ, પોતાના પિતા દ્વારા જ થતું દીકરીનું માનસિક શોષણ અભિવ્યક્તિ પામ્યું છે. પિતા દ્વારા કહેવાતા અપમાનજનક શબ્દો અને અસહ્ય પરિસ્થિતિ તેને ઘર છોડવા મજબૂર કરે છે. પંકજ સાથે લગ્ન કરી પોતે શાંતિની જિંદગી જીવવા માગે છે. પંકજ તરફથી પણ હેતલને નોકરી છોડી શાંતિથી જીવવાની સલાહ મળે છે. પરંતુ આ શરતી સલાહ હેતલના પગ નીચેથી જમી સરકાવી દે છે. 'બા સખત બીમાર છે હેતલ, ઘરમાં કોઈ પોતીકું નથી એમની સંભાળ લેવા. લગ્ન પછી નોકરી કરવાની તારે જરૂર નથી. હવે તું રાજીનામું આપી દે.'(99)

પંકજની વાત સાંભળી હેતલ ત્યાં ને ત્યાં જ ખીંટી જેવી ખોડાઈ જાય છે. હેતલનો ઉપયોગ એક ખીંટીની જેમ થઈ રહ્યો છે. જેના ઉપર પહેલાં બાપા જયંતીએ અને હવે પંકજે પોતાની જરૂરિયાતો ટિંગાડી દીધી. ગારુડીના સાણસામાં સપડાયેલી સાપણ જેવી હેતલ મહુવરના સૂરે ડોલું કે ઇચ્છાધારી થઈ ફૂંફાડો મારું? એવો પોતાની જાતને પ્રશ્ન કરતી જગ્યા પર જ ખોડાઈ જાય છે.

લગ્ન માટે 'મરજી' પૂછતો પંકજ તેની પાછળ છુપાયેલા ગર્ભિત ધમકીના શબ્દો પણ સંભળાય છે. હેતલ દ્વિધામાં છે - જયંતી કે પંકજ, પોતે તો ખીંટી જ બનવાનું છે.

આમ, 'ખીંટી' વાર્તામાં નારીના સ્વતંત્ર વ્યક્તિત્વની સમસ્યા નિરૂપાઈ છે. નોકરી કરતી, ઘરની સંભાળ રાખતી હેતલને પંકજ તેને પોતાના પૂરા સ્વાતંત્ર્યથી જીવવા દેશે તેવી આશા છે પરંતુ આ આશા ઠગારી નીવડે છે.

પ્રસ્તુત વાર્તામાં 'હેતલ' એ એવા નારીસમાજનું પ્રતિનિધિત્વ કરે છે કે જ્યાં સ્ત્રીને પોતાની રીતે જીવવા માટેનો અવકાશ જ આપવામાં આવતો નથી. પુરુષવર્ગની જોહુકમી સામે નારી 'ગુલામ' બનીને રહી જાય છે. ઘર અને નોકરી એમ બેવડા શોષણનો ભોગ બનતી નારીનું ચિત્ર આલેખાયું છે. બે જવાબદારીઓ વચ્ચે પિસાતી નાયિકા પોતાની જિંદગી જીવવા વલખાં મારે છે પરંતુ પુરુષોના આધિપત્ય સામે નમતું જોખી દે છે. પરિસ્થિતિને સ્વીકારી લેવાનું વલણ અપનાવે છે.

**'એ'**

'એ' વાર્તામાં નાયિકા કમાતી હોવા છતાં પતિના વર્તનથી દબાઈને, ડરીને જીવતી બતાવી છે. મીતા જેમ જેમ વધુ ને વધુ દબાતી જાય છે તેમ તેનો પતિ ઉમેશ તેનું વધુ ને વધુ માનસિક શોષણ કરતો જાય છે.

આર્થિક રીતે પગભર થયા પછી પણ સ્ત્રી પતિ સામે અવાજ ઉઠાવી ન શકે એવી રૂઢિગત માનસિકતા તેણે સ્વીકારેલી છે. વાતે વાતે વાંકું પાડતો ઉમેશ મીતાને તેના પગમાં પાડવાના બધા જ પેંતરા અપનાવે છે.

નાની-નાની બાબતોમાં વાંકું પાડતા ઉમેશથી કંટાળેલી મીતા તેની મિત્ર દક્ષાના શબ્દો યાદ કરતા વિચારે છે કે - 'જેટલા મારા કરું છું એટલા છળે છે. મૂક પડતો વાયડાને, કોઈ વાતે સંતોષ જ નહીં. બસ જીવ બાળવાનો.'(100)

પોતાનામાં જ કંઈક ઊણપ છે તેમ માનતી મીતાને તેની મિત્ર દક્ષા સલાહ આપતાં કહે છે કે - 'ઊણપ તારામાં જ છે એમ તું જે ધારી લે છે એ જ તારી મોટી ઊણપ છે... જ્યાં સુધી તારા પર એની ઉપેક્ષાની અસર થતી જોશે, ત્યાં સુધી એ ભડ તારી લાગણીઓ જોડે ધીંગાણાં કરતો રહેશે.'(101) વળી પતિને પરમેશ્વર માનતી અને પતિના શરણે જતી, હાથ જોડીને સમાધાન કરતી મીતા પતિનો બચાવ કરતાં કહે છે કે - 'સાવ એવા નથી 'એ'.'(102)

પતિની મનગમતી રસોઈ બનાવી પતિને પ્રસન્ન કરવા પ્રયત્ન કરતી મીતાને ઉમેશ ઘરે ન આવીને ટટળાવે છે. બેચેન થયેલી મીતા મનોમન પોતાની જાતને કોસે છે - 'મહેતરાણી ક્યાંની? સામે થઈશ તો શું થશે? ધક્કો મારશે ને, જા તારા બાપના ઘરે. એ એક જ તો છે સુદર્શનચક્ર એમના હાથમાં તાગડધિન્ના કરવા...' (103)

'મારે જ કહ્યાગરી બનીને વેઠ્યા કરવાનું! એ શરતે જ શું હું હેતની હક્કદાર બનું! એ તો મને દોષી ઠેરવીને જ જંપે.'(104)

મીતા પોતાની જાતને ફીટકાર વરસાવે છે. પોતાના ભણતર, નોકરી અને ચૂલાની વેઠમાંથી પોતાને પ્રાપ્ત શું થયું? તો માત્ર દોષનો ટોપલો. માફી માગી માગીને પોતાની જાતને વામણી થયેલી અનુભવતી મીતા પોતાના બીકણ સ્વભાવ માટે પોતાની જાતને ધિક્કારે છે.

વાર્તાના અંતે મીતાના કપાળે ઉમેશે મારેલા જોડાનું નિશાન છે. તે જોઈને મીતા સાચું બોલ્યાનું ઇનામ છે કે સામું બોલ્યાની સજા? કહીને પોતાની નિર્માલ્ય અવસ્થા માટે પોતાની જાત અને પોતાના બીકણ સ્વભાવને જવાબદાર ગણે છે.

સવારે નોકરી જતી મીતા પોતાનું દુઃખ છુપાવતાં 'રાતે અંધારામાં પાણી પીવા ઊઠી, ઊંઘમાં ધ્યાન ન રહેતાં પાણિયારા જોડે અથડાઈ પડી.'(105) મીતાનો જાનકીને અપાતો આ જવાબ સહનશીલા નારીના સમાધાનકારી વલણને પ્રગટ કરે છે.

સ્ત્રીએ પુરુષના અહમને પાળવા કેટલાં બધાં સમાધાન કરવાં પડતાં હોય છે. કુટુંબને, સગાંસંબંધીઓને સાચવવાની જવાબદારી નિભાવવી પડે છે. લગ્નજીવન ટકાવી રાખવા, ઘરમાં શાંતિ જળવાઈ રહે તે માટે જતું કરવાની ઉદારતા હંમેશા સ્ત્રીના ભાગે જ આવે છે.

ISBN-978-81-973071-8-8
First Edition

પતિની પસંદ-નાપસંદનું ધ્યાન રાખતી મીતા જેવી સ્ત્રીઓ પોતાનું આત્મસન્માન, સપનાં, ગમા-અણગમાને બાજુ પર મૂકીને પુરુષોના જોહુકમી વલણનો ભોગ બનતી જ રહે છે. જ્યાં સુધી સામાજિક માળખાએ ઘડેલી માનસિકતા સુધરશે નહીં ત્યાં સુધી ઉમેશ જેવા પુરુષો મીતા જેવી સ્ત્રીઓના શરીર અને હૃદય પર ઉઝરડા પાડતા જ રહેવાના.

**'કેટવોક'**

'કેટવોક' વાર્તામાં સ્વતંત્ર વ્યક્તિત્વ સાથે જીવવા માંગતી વાર્તાનાયિકા સંજનાના મનોમંથનને પ્રગટ કરવામાં આવ્યું છે. ભદ્રવર્ગના ઉદય અને મીનાની દીકરી સંજના ખૂબ જ દેખાવડી હોવાને કારણે મિલમાલિકના પુત્ર કપિલનું સામેથી માગું આવે છે.

પોતાના સૌંદર્યથી અભિભૂત સંજના ગ્લેમરની દુનિયામાં પોતાની કારકિર્દી બનાવવા ઇચ્છે છે. આધુનિક વિચારો ધરાવતી સંજના પોતાની મોડેલ બનવાની ઇચ્છા માતા-પિતા સામે રજૂ કરે છે. સંજનાના પિતા ઉદય અન્ય મોડેલને જોઈને વાહ-વાહ પણ કરી શકે છે તથા પોતાના અભિપ્રાયો પણ રજૂ કરે છે. પરંતુ પોતાની દીકરી બ્યૂટી કોન્ટેસ્ટમાં ભાગ લે એ વાત સ્વીકારી શકતા નથી.

સંજનાના સ્વપ્નની દુનિયા રોળાઈ જાય છે. ઉદય પોતાનો નિર્ણય જણાવતાં કહે છે કે - 'હું.. હજી, સિધાવી નથી ગયો હું... જાઉં પછી કરજો કાખલીઓ...ને જો આ ઘરમાં રહેવું હોય તો...!'(106) અહીં પુરુષના આધિપત્યભર્યા ઉદગારો સંજનાના મનને વ્યથિત કરી મૂકે છે. 'કોલેજ બંધ કરાવી દઈશ'ની ધમકી સંજનાને વિચાર કરતી કરી મૂકે છે. થોડી પણ અવગણના કે પ્રતિકાર સહેવાની ઉદયની શક્તિ નથી. 'તારે ઘેર જઈને જે કરવું હોય તે કરજે...' સાંભળતાં જ સંજના પોતાના ઘરમાં મોકળાશની રૂપાળી ક્ષણો બનીને જીવવા માગે છે.

'ભાગ લઈશ તો એ રળિયામણી ક્ષણોનો સહવાસ ખોઈશ, નહીં લઉં તો હું મારી ઓળખથી વંચિત રહી જઈશ.' (107)

આટલાં વર્ષો પછી પણ ઘર માત્ર પપ્પાનું? તો મમ્મીનું ઘર કયું? પ્રશ્ન પૂછતી સંજના પોતાના ઘરની મોકળાશ ઝંખે છે. તેના ભાવિ પતિ કપિલને બ્યૂટી કોન્ટેસ્ટમાં ભાગ લેવા માટેની કન્સેન્ટ લેતાં કપિલે કહેલા શબ્દો તેના ભવિષ્યના સપના પર પૂર્ણવિરામ મૂકી દે છે. 'ઇચ્છા હોય તો જરૂર ભાગ લે તું... જીતશે તો મારી મિલના ટેક્સટાઇલની તું સુપર મોડેલ બનશે અને ભાગ નહીં લે તો મારી પત્ની. ધ ચોઇસ.. ઇઝ... ઇઝ...' (108)

વાર્તાના અંતે એક સ્ત્રીની મહત્ત્વાકાંક્ષા તરફ પુરુષો પોતાનો અહમ્ સામે લાવી દે છે તેની વાત કરી છે. સંજના મનોમન પોતાની જાતને આઘાતમાંથી બહાર લાવવાનો પ્રયાસ કરતાં કહે છે. 'ભાગ લઉં, ન લઉં, કશું જ મહત્ત્વનું નથી. મહત્ત્વનો છે જવાબ...!' (109)

સંબંધો પોતાનાથી જન્મે છે કે પોતે સંબંધોથી? સંજનાના આ ઉદગારો પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ પ્રગટ કરવા માંગતી નારીના બની રહે છે. સ્ત્રીને ખરેખર પોતાનું કોઈ ઘર હોય છે કે પછી એ હંમેશા પારકા

ઘરે રહેવા જ જન્મી છે. જો તેના પોતાના લીધેલા નિર્ણયોમાં પિતા કે ભાવિ પતિનો સાથ ન હોય તો સ્ત્રીની પોતાની પસંદગી કે નિર્ણયશક્તિનું શું? જેવો યક્ષપ્રશ્ન વાર્તા મૂકી જાય છે.

પ્રસ્તુત વાર્તા બદલાયેલા સમય સાથે સ્ત્રીઓની બદલાયેલી સમસ્યાઓ અને પ્રશ્નો પણ બદલાયા છે. સ્ત્રી શિક્ષિત બનતાં પરિસ્થિતિ સાથે સમાધાન કરતી અટકાવી છે. ભણતી, કમાતી સ્ત્રી પોતાના જીવન માટે પ્રશ્નો પૂછતી થઈ છે. આ પ્રશ્નો તેના અજંપાને સુપેરે અભિવ્યક્ત કરે છે.

વાર્તાની નાયિકા સંજનાને પુરુષની સામંતશાહી દૃષ્ટિ સામે સંઘર્ષમાં ઊતરવું પડે છે. પોતાના વ્યક્તિત્વને ઘડવામાં રસ લેનાર પપ્પા દ્વારા તેના વ્યક્તિત્વના વિકાસને રૂંધવામાં આવે છે. સ્વાતંત્ર્યતાની સભાનતાને ઊગતી જ ડામી દેવાના પુરુષવર્ગના પ્રયાસો સામે નારીશક્તિનો અવાજ 'આઇ એમ નોટ અ થિંગ' શબ્દોમાં પ્રતિઘોષ પામે છે.

**'કૂબો'**

'કૂબો' વાર્તામાં સ્ત્રીની સમસ્યા અને શોષણના એક નવા પાસાને રજૂ કરવામાં આવ્યું છે. સાંપ્રત સમયની નારી સ્વતંત્ર વિચારસરણી ધરાવતી શિક્ષિત અને પગભર બની છે. પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રી પરના પુરુષના માલિકીભાવ અંતર્ગત થતા તેના માનસિક શોષણને તે પડકારી શકે તેવી જાગૃતિ આવી છે.

'કૂબો' વાર્તાની નાયિકા કુંજ પતિ વિરમ સાથે ખભેખભા મેળવીને પોતાનું 'ઘર' ઊભું કરે છે. પોતાના ઘરમાં પોતાની અંગત વ્યક્તિને આવકારતાં પહેલાં પતિની મંજૂરી લેવી પડે છે. કુંજ નિયતિને પોતાના ઘરે આશરો આપવા માટે હા કહે છે ત્યારે તેનો પતિ વિરમ કુંજને - 'ખરી છે તું, નિને ઘરે બોલાવે છે, હું સામે ઊભો છું તોય તું તો પૂછતીય નથી મને, કેમ?'[110] આ વાક્ય સાંભળતાં જ આ ઘર પોતાનું પણ છે એમ માનીને જીવતી કુંજનો વહેમ ઓગળી જાય છે.

આજે આટલાં વર્ષે બાનું 'પૂછી જોઈશ તારા બાપુને' વાક્યનો મર્મ સમજાયો. કુંજ વિરમે કરેલા સવાલના સંદર્ભે પોતાની જાતને મક્કમ કરતાં કહે છે કે - 'જો નિયતિનો ફોન ન આવ્યો હોત તો ખબર કેમ પડત કે મારે મારા ઘરમાં હજી પૂછવાનું હોય. મારા રાજીપા, મારા હક્કનું શું? જાગેલી સભાનતાને પગલે તે નિર્ણય કરે છે કે દીકરી સૌમ્યાને લગ્નમાં સાડી-ઘરેણાં આપવાને બદલે સાચવેલા પૈસાથી સૌમ્યાના નામનું ઘર આપવા માંગે છે. જ્યાં કચવાતા જીવે એણે કોઈની રજા માગવી ન પડે.'[111]

અહીં શિક્ષિત અને આર્થિક સહયોગ આપતી નારી હોવા છતાં તેની અસહાયતા અને લાચારીનો સૂર વાર્તામાંથી સાંભળવા મળે છે.

**'કુલડી'**

'કુલડી' વાર્તામાં દેહથી પર થઈને સ્ત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર થતો નથી એવું આલેખાયું છે. બળાત્કારનો ભોગ બનતી સ્ત્રીએ શારીરિક-માનસિક આઘાત સહન કરનારી સ્ત્રીને સજા પણ ભોગવવાની. સ્ત્રી પોતે પણ બીજી સ્ત્રીને માટે વપરાઈ ગયેલી જેવા શબ્દો પ્રયોજી શકે.

ISBN-978-81-973071-8-8
First Edition

જાતીય શોષણને વિષય બનાવતી વાર્તામાં બળાત્કારનો ભોગ બનેલી પડોશી રીંકુને શોષાવું, પીડાવું પડે છે. આથી આ વાર્તાની નાયિકા પિયાસીને રીંકુની પીડાને સમજવાને બદલે 'વપરાયેલી કુલડીઓ શા કામની?'(112)

અહીં 'કુલડી' પ્રતીક બને છે. જેમ માટીની કુલડીમાં ચા પીધા પછી એંઠી કુલડી ફેંકી દેવામાં આવે છે એમ પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રી ઉપર બળાત્કાર થાય એટલે તેનું મહત્ત્વ એંઠી કુલડી જેટલું! પિયાસીનું નારીહૃદય હચમચી ઊઠે છે.

સ્વતંત્ર મિજાજ ધરાવતી પિયાસી પોતાની મમ્મીને ચોખ્ખા શબ્દોમાં સંભળાવી દે છે કે તે બીજી આર્ય નારીઓની જેમ અત્યાચાર સહન કરી લે તેવી સ્ત્રી નથી. પોતાના દાંપત્યનો લેશમાત્ર વિચાર કર્યા વગર ભાવિ પતિ આકાશને પણ પોતાને મૂંઝવતો પ્રશ્ન કરે છે. આ પ્રશ્નનો ઉત્તર તેને કામવાળી જમના પાસેથી મળે છે. 'ખાંજરે નાંખે મૂઓ, કાન તૂટેલા કપની જેમ, પછી શું સાદ પડે એને...!'(113)

વાર્તામાં નિરૂપિત ઘટનાક્રમ એ આજના યુગની નારીની સ્વતંત્રતા અને પોતાના અસ્તિત્વની ખોજ તથા બિનસમાધાનકારી વલણને નિરૂપે છે. પિયાસીનો આક્રોશ માત્ર પુરુષો સામે જ નહિ, પરંતુ પુરુષો જેવી જ માન્યતા ધરાવતી સ્ત્રીઓ સામેનો પણ છે. 'વપરાવું' શબ્દના સાંકેતિક પ્રયોગ દ્વારા વાર્તાકારે નારીદેહ પર લાગતા લાંછનને જોતા સમાજ તરફ અંગૂલીનિર્દેશ કર્યો છે. નારીજીવનની વાસ્તવિકતાને ઉજાગર કરવામાં ત્રીજા પુરુષના કથનકેન્દ્રની પ્રયુક્તિ ઉપયોગી સાબિત થાય છે. 'કુલડી' શબ્દનો વ્યંજનાત્મક વિનિયોગ વાર્તાકારની સર્જનાત્મકતાને ઉજાગર કરે છે.

**માવજી મહેશ્વરી (30-12-1964)**

**'સેઇફ ડિસ્ટન્સ'**

પ્રસ્તુત વાર્તા 'સેઇફ ડિસ્ટન્સ'મા નગરમાં વસતા ઉજળિયાત વર્ગની દલિતો પ્રત્યેની અસ્પૃશ્યતાને પ્રગટ કરી છે. રવજીભાઈ વતનથી શહેરમાં સવર્ણોની સોસાયટીમાં રહેવા આવે છે. પોતે દલિત હોવાથી સવર્ણોની સોસાયટીમાં ઘર લેતાં પહેલાં મનમાં એક ડર હતો. પરંતુ વર્ષો સુધી સવર્ણોની વચ્ચે રહેવા છતાં તેમને ક્યાંય ઓછું આવતું નથી. પડોશમાં જ રહેતા વ્યાસભાઈ અને તેમના આખા પરિવારનો સારો સહકાર મળી રહે છે.

રવજીભાઈની દીકરી ભારતીના લગ્નપ્રસંગમાં વ્યાસભાઈ ઓફિસમાંથી રજા લઈ લગ્નપ્રસંગની કામગીરીમાં પૂરો સહકાર આપે છે. ગરબા વખતે વ્યાસભાઈ ઢોલી પર રૂપિયાનો વરસાદ વરસાવે છે, જાનના ઉતારાથી માંડીને ભારતીની વિદાય સુધી સગા ભાઈ જેવું જ કામ તેમણે કર્યું. વ્યાસભાઈ અને તેમનો પુત્ર ચિંતન ભારતીનાં લગ્નમાં જે દોડધામ કરે છે તે જોઈને રવજીભાઈના નાતીલા દંગ થઈ જાય છે.

લગ્નપ્રસંગમાં પૂરેપૂરો સહકાર આપનાર વ્યાસભાઈનું કુટુંબ જમણવારમાં જોડાતું નથી. રવજીભાઈને દલિત ગણીને વ્યાસ પરિવાર જમતો નથી. લગ્નનું બધું કામ પૂરું થયા પછી રવજીભાઈ લગ્નનો હિસાબ માંડતા દીકરા વિનોદને પૂછે છે કે - 'વિનોદ, જમવામાં કોઈ બાકી તો નહોતું રહ્યું ને?'(114)

જવાબમાં 'પપ્પા, બધા તો આવ્યા હતા, પણ તમારા પ્રિયભાઈ વ્યાસકાકાનું કુટુંબ નહોતું જમ્યું.'(115) હેં, કહેતા રવજીભાઈ આશ્ચર્ય અને આઘાતની લાગણી અનુભવતાં સોફામાં અડધા ઊભા થઈ જાય છે.

લગ્નસમારંભ કે સમૂહભોજન જેવા પ્રસંગોમાં સવર્ણોની દલિતો પ્રત્યેની સૂગ પ્રગટતી જોવા મળે છે. રવજીભાઈ દલિત હોવાથી વ્યાસ પરિવારનું જમણવારમાં સહભાગી ન થવાની આ ઘટના રવજીભાઈને દસ વર્ષ સુધીના વ્યાસકુટુંબ સાથેના સંબંધને અંતે આઘાતક બને છે.

સવર્ણ સમાજની રૂઢિજડતા દલિતોના કોમળ ભાવોને કેવી ઠેસ પહોંચાડે છે તે વાર્તાકારે આલેખ્યું છે. દલિત વર્ગની પીડા સુધરેલા સમાજમાં પણ તેમની સાથે પાળવામાં આવતી આભડછેટની છે. અહીં દલિતોનું માનસિક શોષણ નિરૂપાયું છે.

**પ્રવીણસિંહ ચાવડા**

**'પારેવડાં'**

'પારેવડાં' વાર્તાનું શીર્ષક ઘણું સૂચક છે. વાર્તાકારે શાળાના આચાર્ય એવા રશ્મિકાંત દેસાઈસાહેબના પાત્ર દ્વારા શિક્ષણજગતમાં ફેલાયેલા શોષણના એક નવા જ રૂપને સરળ અને સહજ શબ્દોમાં નિરૂપ્યું છે.

વાર્તાના આરંભે શાળાના આચાર્ય રશ્મિકાંતનાં સ્વભાવ લક્ષણોને કલમના આછા લસરકે પ્રગટ કર્યાં છે. જેમ કે, 'રશ્મિકાંત દેસાઈસાહેબને અમુક નિયમો હતા. એમાંનો એક નિયમ હતો સ્કૂલમાં સૌથી પહેલાં પહોંચી જવું તે... દર મહિને આવતી પાકા પૂંઠાની અંગ્રેજી ચોપડીઓ આવનારને સ્પષ્ટ દેખાય તે રીતે ગોઠવવી, ઓફિસમાં ખુરશીની પીઠને માથું ફેરવીને બારીના કાચમાંથી નિશાળની કન્યાઓ તરફ નજર કરવી.'(116)

વાર્તામાં સાહેબની 'બીજી પ્રવૃત્તિઓનો આછો ઉલ્લેખ ઘણું બધું સૂચવી જાય છે. આચાર્યની ઓફિસમાં કર્મચારી બહેનોએ હાજરીપત્રકમાં સહી કરવા જવું પડતું. કર્મચારી બહેનોને 'સાડી સારી પહેરી છે' કે 'નવી પેઢીને કંઈક શીખવો', 'ગુજરાતી નારીનું સૌંદર્ય શામાં રહેલું છે તે સમજાવો'.(117) આચાર્યશ્રીની શાળાની શિક્ષિકાબહેનો સાથેની થતી વાતચીત પરથી તેમનું નબળું ચારિત્ર્ય હોવાની પ્રતીતિ વાચકને થાય છે.

એક દિવસ શિક્ષિકા રંજનબેનને 'તમારી ચા બહુ કડક બને છે... એકવાર પીવા આવવું પડશે.'(118) કહેતા આચાર્યશ્રીના ઉપકારના બોજ હેઠળ દબાયેલી શિક્ષિકા તેમના બદઇરાદાને ઓળખે છે.

'પારેવડા' જેવી રંજનબેન માટે આવી પરિસ્થિતિમાં શું કરવું તેનો નિર્ણય લઈ શકાતો નથી. તેમનું માનવું છે કે સાહેબ વડીલ છે. આવડી મોટી નોકરી અપાવી છે.(119) તેમ છતાં મનમાં છૂપો ભય તેમને

ISBN-978-81-973071-8-8
First Edition

બેચેન કરી મૂકે છે. પોતાની શાળાની શિક્ષિકા નીલમ ગાંધીને આંખમાં આંસુ સાથે આચાર્ય સાથે થયેલી વાતચીત જણાવે છે. બપોરે આચાર્ય પોતાના ઘરે આવવાના છે એ વાત સાંભળતાં જ નીલમ બોલી ઊઠે છે કે – 'તું ભેખડે ભરાણી'[120] સાહેબના નબળા ચારિત્ર્યની વાતો જાણતી નીલમ રંજન પ્રત્યે સહાનુભૂતિ પ્રગટ કરે છે. નીલમ કહે છે કે - 'મારું નામ તો લે! હું ઇતિહાસ નહીં, ભૂમિતિ ભણાવું છું. કંપાસનું પાંખિયું લઈ એની બે આંખો જ ફોડી નાખું, ખબર છે?'[121]

નીલમની વાત પરથી રંજનને 'સાપ મરે નહિ અને લાઠી ટૂટે નહિ' કહેવત મુજબ પોતાના ચારિત્ર્યની રક્ષા કરવાનો એક ઉપાય સૂઝે છે. ઘરમાં પતિ કે બાળકોને જાણ ન કરતાં સિફતપૂર્વક માર્ગ શોધી લે છે. દેસાઈસાહેબ 'સાડા ત્રણે એક મિટિંગ છે. જરા યાદ કરાવજો' એમ પત્નીને કહીને પોતાની કૂટબુદ્ધિનો વિજય થતો અનુભવે છે. રેખા કે રંજન અને 'રેખા તો પાંચ-સાત વર્ષ પહેલાં પરણીને જયપુર ચાલી ગઈ.'[122] આવી ઉક્તિ આચાર્યના નબળા ચારિત્ર્યની દ્યોતક બને છે. આજ દિન સુધી આવી કેટલીયે નોકરી માટેની ગરજ કરતી સ્ત્રીઓનું આ સાહેબે શોષણ કર્યું છે તે દર્શાવે છે.

વાર્તાના અંતે રોમાંચ અનુભવતા આચાર્ય રંજનબહેનના ત્યાં પહોંચે છે. ત્યાં રંજનબહેને ઘઉં સાફ કરાવવા માટે બોલાવેલી બહેનોનો અવાજ સંભળાય છે. 'ઓરડાની વચ્ચે ઘઉંનો ઢગલો પડ્યો હતો અને એની આજુબાજુ ચાર-પાંચ સ્ત્રીઓ હાથમાં સૂપડાં લઈને ઝાટકતી હતી.'[123]

ઉંબર ઉપર ઊભેલા દેસાઈસાહેબ ખોંખારો ખાવા જાય છે પણ મોંમાંથી 'ક્રોં ક્રોં' એવો અવાજ નીકળે છે અને ઓસરીમાં બેઠેલાં બધાં કબૂતર ફર...ર...ર... કરતાં ઊડી ગયાં. આ તમામ વર્ણન વાર્તાકારે સૂચક રીતે નિરૂપ્યું છે. આચાર્યશ્રીનાં રંગરેલી મનાવવાનાં સપનાં જાણે કે રંજનબેનની યુક્તિથી ઊડી જાય છે. તેમના મોંમાંથી નીકળતો કાગડાનો કર્કશ અવાજ જાણે કે તેમના હીણા ચારિત્ર્યને પ્રદર્શિત કરે છે.

પ્રસ્તુત વાર્તામાં વાર્તાકારે ભાષા પાસેથી અદભુત કામ લીધું છે. સરળ, સહજ ભાષાના લયમાં આગળ વધતી વાર્તામાં ચોપડીઓનું ટેબલ પર ગોઠવવું, શિક્ષિકાઓ સાથેની વાતચીત, દેસાઈસાહેબનું 'રંજનબેન... રંજનબેન...' બબડવું, તેની સામે રંજનબેનને 'કાગડાભાઈ, કાગડાભાઈ...' બોલવાનું મન થવું, સ્ટાફ રૂમની શિક્ષિકાઓ માટે કાબરો, ચીબરી, ઘુવડ, ઢેલડીઓ જેવા શબ્દપ્રયોગો પાત્રોના સ્વભાવ-લક્ષણને ઉપસાવવામાં મદદરૂપ બને છે.

'પારેવડાં' વાર્તા શિક્ષણજગતમાં સત્તા પર બેઠેલા પુરુષવર્ગ દ્વારા પોતાની કર્મચારી બહેનોના થતા શોષણને નિરૂપે છે. પ્રસ્તુત વાર્તાની નાયિકા નોકરી ગુમાવવા માગતી નથી. પોતાને નોકરી અપાવવામાં શાળાના આચાર્યના સહકારને પણ નજરઅંદાજ કરી શકે તેમ નથી. તેથી તે વચલો માર્ગ કાઢી પોતાની સાથે થનારા શોષણને ટાળી પોતાને ચલિત થતી અટકાવી, સ્વપ્રયત્ને પોતાની જાતને ઉગારી લે છે.

**માય ડિયર જયુ (27-05-1940)**

**'પ્રવેશ'**

અસ્પૃશ્યતા, અસમાનતા જેના પાયામાં છે એવી પ્રસ્તુત વાર્તામાં ગામડાની શાળામાં દલિત બાળકોના પ્રવેશોત્સવની ઘટના કેન્દ્રસ્થાને છે. સમગ્ર વાર્તા શાળાના સવર્ણ વર્ગના વડા નિશાળિયાના કથનકેન્દ્ર દ્વારા રજૂ થઈ છે. ગામડામાં દલિતો પ્રત્યેની આભડછેટની રૂઢિના ભાગરૂપે દલિતો માટે શાળાપ્રવેશબંધીનો સળગતો પ્રશ્ન વાર્તામાં ચર્ચાયો છે. વાર્તામાંથી પરિસ્થિતિજન્ય કરુણતા નીતરી રહે છે.

વાર્તાના આરંભે સરકારશ્રીના આદેશ અનુસાર ગામનાં દલિત બાળકોના પ્રવેશોત્સવની ઘટના નિરૂપાઈ છે. શાળામાં ઇન્સ્પેક્ટર સાહેબ આવવાના છે જેવા વાક્યથી શાળાના શિક્ષકો અને બાળકોમાં એક પ્રકારની મૂંઝવણ જોવા મળે છે. સરકારશ્રીના આદેશ મુજબ હરિજનોને પણ શિક્ષણ મેળવવાનો અધિકાર છે એ વાતને સમર્થન આપવાનું સરકારનું દબાણ અને બીજી તરફ ગામના સવર્ણોમાં થાણેદાર, મુખી, દરબાર જેવા કહેવાતા મોભીઓમાં તે માટેનો વિરોધ પ્રવર્તે છે.

શાળાના માસ્તર રામભાઈ પોતાનું રાજીનામું આપવાની વાત કરતાં કહે છે કે 'ગામમાં ઢેઢાને શાળા-પ્રવેશ કરાવવા માંડ્યા છે એ તમારાથી અજાણ્યું છે?'(124) 'હરિજન?... ઢેઢાં હરિજન?!, બ્રહ્મ ખોટો ને તમારો ગાંધી સાચો એમ? પૃથ્વીની ઉત્પત્તિથી આ વર્ણવ્યવસ્થા કરી છે એ અમસ્થી?'(125)

અહીં શાળાના શિક્ષક રામભાઈના દલિતો માટેના હીણપતભર્યા વિચારોને વાર્તાકારે વ્યક્ત કર્યા છે. વર્ણવ્યવસ્થાનો પોતાના સ્વાર્થ-હિત ખાતર ઉપયોગ કરી પોતાની સલામતી શોધતા વર્ગના પ્રતિનિધિ બની રહે છે.

'દલિતોના પ્રવેશોત્સવ'ની ચર્ચા-વિચારણા કરવા આવી પહોંચેલા દરબાર સમસ્યાનો તોડ કાઢતાં કહે છે કે - 'વિશુભાને મોકલ્યો છે ઢેઢવાડે. કીધું મે'તરને કહી આવ કે રાતોરાત ઢેઢવાડો ખાલી કરીને બધા વગડામાં ભાગી જાવ. ને બાર-પંદર દી દેખાણાં તો ખેર નથી.'(126)

થાણેદારે અને મોટા માસ્તરે દરબારને એવું કરતાં રોકતાં કહ્યું કે - 'આખા દેશમાં આ ક્રાંતિ થઈ રહી છે. હવે આપણે આવા રસ્તા નહીં લઈ શકીએ.'(127)

રામભાઈ સાહેબ સરકારની નીતિની ટીકા કરતાં કહે છે કે, 'એ લોકોને વગડામાં ધકેલાવાના બદલે હવે મારે જ વગડામાં રહેવા જવાનો વારો આવશે, શિવ... શિવ...'(128)

ઇન્સ્પેક્ટર પાસેથી થાણેદારને કાર્યક્રમની વિગત જાણવા મળ્યા મુજબ આપણે આ ચડ્ડી બાંડિયા અને પાટીપેન અત્યારે હરિજનવાસમાં પહોંચાડી દેવાનાં છે... ઢોલ-શરણાઈ સાથે સામૈયું કરવાનું.'(129) આ તમામ ઘટનામાં રામભાઈને દલિતોના છોકરાઓ આવું નાટક પત્યા પછી જો રોજ શાળાએ આવવા માંડશે તો શું થશે? એવો ભય સતાવે છે. વળી, કાર્યક્રમ પૂરો થયા પછી આખી નિશાળ ધોવરાવી નાખવાની યોજના પણ બનાવી.

ISBN-978-81-973071-8-8
First Edition

હરિજનવાસમાં જઈને દેવા મેતરને શાળાએ આવવાનો સંદેશ કહેવડાવે છે, 'તમારે નિશાળે આવવાનું છે.' સાંભળતાં જ બૈરાં-છોકરાંમાં ગણગણાટ અને રોકકળ ચાલુ થઈ જાય છે. 'અમારે ક્યાં ભણવું સ માબાપ! અમી ક્યાં કાંટા કઈઈ સઈ, માબાપ! ગામને અભડાવીને ક્યાં જાવાનાં, માબાપ!... અમી અટાણે જ શીમમાં વયાં જઈ...'(130) દલિતોની રોકકળ વચ્ચે ગામનો માથાભારે મેરાભાઈ તેમને દબડાવતાં કહે છે કે - 'કાંઈ ટણપાશ કરે તો રાતે આખા ઢેઢવાડાને ડૂંભાણું મેલી દઈ... વારતા પૂરી...'(131)

આયોજન પ્રમાણે હરિજનવાસનાં બધાંને શાળા-પ્રવેશના કાર્યક્રમમાં હાજર રખાય છે. ઢોલ-શરણાઈના અવાજ સાથે તેનું સામૈયું કરવામાં આવે છે. છોકરાઓને સૂતરની આંટી અને ચાંલ્લો કરવામાં આવે છે. મોટા માસ્તર હરિજન બાળકોને પાટીમાં કંઈક લખીને એને ઘૂંટવાનું કહે છે. પ્રવેશવિધિ સંપન્ન કરીને સૌએ ફરજિયાત ભણવાનું છે એવું કહેતાં જીવો કહે છે કે - 'અમી? અમી કિયાં જોડાઈ, માબાપ? અમી ક્યાં ઈને લાયક સંઈ, માબાપ? .... સાચ તો મારો, સાચ તો જીવાડો...'(132)

સવર્ણો દ્વારા યોજવામાં આવેલું નાટક પૂરું થયા બાદ પણ શિવો નામનો દલિત છોકરો નાટકને સમજી શકતો નથી. તે સવર્ણોના નાત-જાતના ભેદભાવ, કાવાદાવાથી અજાણ એવો નિર્દોષ બાળક છે. શાળાનો લાંબો બેલ પડવા છતાં તે પાટીમાં મોં ઘાલીને બેઠો છે અને પોતાની ભણવાની ઇચ્છા પ્રગટ કરતાં કહે છે કે - 'નીં.,.. માર નીં આવ્વું... માર ભણવું સ.'(133) અને 'કાલે કંઈ આવવાનું, સાયબ?'(134) દલિત બાળકનો સહજભાવથી પુછાયેલો આ પ્રશ્ન વણઉત્તર રહીને સહૃદય ભાવકના હૃદય સોંસરવો ઊતરી જાય છે. તંગ પરિસ્થિતિ વચ્ચે આચાર્ય શિવાને આવતીકાલે અગિયાર વાગ્યે ભણવા આવવા કહ્યું. શાળાપ્રવેશ માટેની શિવાની મક્કમતા જોવા મળે છે.

સમગ્ર વાર્તા શાળાના સવર્ણ એવા વડાવિદ્યાર્થીની નજરે દલિત બાળક એવા શિવાના સંવેદનને રજૂ કરવામાં આવ્યું છે. દલિત અને સવર્ણો વચ્ચેના ભેદથી અજાણ એવા વાર્તાકથકની શિવા માટેની સહાનુભૂતિ પ્રગટ થઈ છે. વિષયવસ્તુને અનુરૂપ ભાષાના જુદા જુદા સ્તરની માવજત જોવા મળે છે. વાર્તામાં દલિતોના મુખમાં મુકાયેલા સંવાદો પરથી સવર્ણોનો ડર અને તેમને હાંસિયામાં ધકેલી દેવાની વૃત્તિ જણાઈ આવે છે. શિક્ષણ મેળવવાના હક્કથી વંચિત રાખવાના સવર્ણોના પ્રયત્નોમાં દલિતશોષણની પરાકાષ્ઠા દેખા દે છે. દલિત સમાજની બોલીનો ભાષામાં સુપેરે વિનિયોગ થયો છે. તળપદી બોલીના માધ્યમથી સમાજજીવનને તેના વાસ્તવ સાથે નિરૂપવામાં વાર્તાકાર સફળ રહ્યા છે.

### 'દેપૂનો ટીંબો'

'દેપૂનો ટીંબો' વાર્તામાં ગામડાગામમાં દરબારો દ્વારા દેવીપૂજક કોમના થતા સૂક્ષ્મ શોષણની વાત કરવામાં આવી છે. દેવીપૂજક જ્ઞાતિનો વડીલ એવા મેપા દેપૂની એક નાની-સરખી મજબૂરીનો ગેરલાભ લેનાર જીબાપુ દ્વારા થતા શોષણની વાતને વાર્તાકારે અસરકારક રીતે પ્રસ્તુત કરી છે.

વાર્તાના આરંભે દેવીપૂજક એવા મેપા દેપૂના ટીંબાની વિશેષતા દીપસંગ દાજીના મુખે વર્ણવી છે. દેવીપૂજકમાંથી ટૂંકાવેલું નામ એટલે 'દેપૂ'. ગામની બહાર મેપો દેપૂ પોતાના મોટા પરિવાર સાથે રહે છે.

ગામના જીબાપુ દ્વારા કહેલો એક સંદેશો લઈને દીપસંગ દાજી દેપૂના ટીંબા તરફ જઈ રહ્યા છે. દેવીપૂજક જ્ઞાતિના મેપા દેપૂનો ઠાઠ તેમની આંખમાં ખટકે છે તે વાત વાર્તાકારે વાતાવરણને અનુરૂપ ભાષા પ્રયોજીને રજૂ કરી છે- 'હાંભળ્યું સ કે હવે તો હૂક્કો રાખે સ. રાખે જ ને. ઈનું સઃ સે ભૈ... સમો સમો બળવાન... એક જમાનામાં બોલાવ્યો હોય ને પાંચ મિલિટ મોડું થાતું તો અડબોથ ભેગું ડાચું ફરી જાતું... અટાણે સામે ચાલીને મળવા જાવું પડે સ! ઈનું રાજ સે અટાણે!'(135)

પંદર-વીસ પાકાં મકાન ઊભાં કરીને, સવાસો માણસોની વસ્તી વચ્ચે રહેતા મેપા દેપૂના ઠાઠને વર્ણવે છે. વળી ઉજળિયાતનાં છોકરાં ભેગાં દેવીપૂજકનાં ટાબરિયાં શાળાએ જાય છે. આ વાતનો અછડતો ઉલ્લેખ કરીને વાર્તાકારે સવર્ણોના અસમાનતાપૂર્ણ વિચારોને રજૂ કર્યા છે.

'પવન આવે ત્યારે મેપાના લીમડાના પાન હલે તથા હૂક્કા કરતાંય આ સાહ્યબીનો નશો મેપાને પોપચે બેહે!'(136) કહીને નિમ્નવર્ગી પ્રગતિ સવર્ણોની આંખમાં કેવી કાંટાની જેમ ખૂંચે છે તે બલિષ્ઠ ભાષાપ્રયોગના માધ્યમથી દર્શાવ્યું છે. વળી સરકારી હુકમ મુજબ નિમ્ન વર્ગ માટેનો દેવીપૂજક શબ્દ પ્રયોજવાની તાકીદ છેવાડાના માણસોની અનામત બેઠક રાખવાની વાતને પણ વાર્તાકારે સહજ રીતે વણી લીધી છે.

ગામમાં પંચાયતની ચૂંટણી સમયે એક તરફ જીબાપુ અને બીજી તરફ કાના નાજાનો પક્ષ મેપા દેપૂનું સંખ્યાબળ કોઈ એક પક્ષ માટે તારણહાર બનતું. આ વાતનો તાગ પામી ગયેલો મેપા દેપૂએ જીબાપુના પક્ષમાં પોતાનો સાથ આપવા એક શરત કરી કે ગામનો ઉતાર અને માથાભારે એવો ઈસો ટીંબાની બેન-દીકરીઓને રંજાડે નહિ. જીબાપુના હુકમે ઈસો છેલ્લાં પાંચ વરસથી મેપા દેપૂના ટીંબા તરફ દેખાયો નહિ. જીબાપુના આવા ઉપકાર નીચે દબાયેલા જીબાપુનાં વાડી-ખેતરમાં બાર મહિના સુધી મેપાનો પરિવાર ઢસરડા કરતો. મજૂરીના પૈસા ન ચૂકવવાની જીબાપુની ખારા ટોપરા જેવી દાનતને જાણીને મેપો દેપૂ મનોમન ધૂંધવાઈ ઊઠે છે. બે-ત્રણ વખત જીબાપુ સાથે મજૂરીના પૈસા આપવા બાબત મોઢામોઢ વાતચીત થવા છતાં પૈસા મળતા નથી.

પાંચ વર્ષે ફરીથી ચૂંટણીનો માહોલ સર્જાતાં જીબાપુને મેપા દેપૂની જરૂરિયાત ઊભી થાય છે. દીપસંગ દાજી નાછૂટકે જીબાપુનો સંદેશો લઈને મેપા દેપૂના ટીંબે પહોંચે છે. દીપસંગ તેને પૈસાનો હિસાબ પછી થશે એમ કહીને મેપા દેપૂને સમજાવવાનો પ્રયાસ કરે છે ત્યારે મેપાનો જવાબ, 'હવે મને રાતી પાઈનો વિશવા નથ્ય. ચોખ્ખીને ચટ વાત કે, મેં દેવી હામે પણ લીધું સ કે રૂપિયા વગર ડગલું નંઈ માંડું. તમારે મારો અંગૂઠો જોતો હોય તો થોડા-ઝાઝા રૂપિયા અટાણે ને અટાણે આપવા જોહે...'(137) મેપાના ફૂંફાડે દીપસંગ દાજી બીડીનો દમ લેવાનું ભૂલી જાય છે.

વાર્તાના અંતે મેપા દેપૂની દુખતી રગ દબાવવા અને તેનો ચૂંટણીમાં સાથ મળે તે માટેની જીબાપુની યોજનાના ભાગરૂપે મેપા દેપૂ અને દીપસંગની હાજરીમાં ઈસો આવીને ટીંબાની છોકરીઓ સાથે અણછાજતું વર્તન કરીને મેપાને સંદેશો આપે છે કે - 'મેપા દેપૂ! તમને કાના નાજા બોલાવે.. અત્યારે...

ચોરે... ગામ ભેગું થયું છે.' આ જોઈને 'મેપો જાણે પથ્થરનું પૂતળું જોઈ લ્યો!'(138) છતી લાઇટે મેપા દેપૂને આંખે અંધારાં આવે છે. તેનું દિલ ભયને કારણે થરથર ધ્રૂજવા માંડ્યું. દીપસંગ મેપાના જવાબની રાહ જોઈને ઊભા થતા મેપાને પૂછે છે કે - 'ઠીક ત્યારે હું જાઉં. જીબાપુને શું કવ?'(139) છેવટે જીબાપુની રમાયેલી રમત સામે પોતાનાં હથિયાર હેઠાં મૂકતો, સત્તા દ્વારા દબાણમાં આવેલા લાચાર મેપો દેપૂ 'ઊભા રો. હુંય તમારી હાર્યે જ આવું.'(140) કહીને જીબાપુની ડેલીએ જવા તૈયાર થાય છે.

વાર્તાકારે વાર્તાના અંતે મેપા દેપૂની મજબૂરી અને સત્તાધીશ દ્વારા કરાતા શોષણનો પરિચય વાચકોને હૃદયસ્પર્શી રીતે કરાવ્યો છે. વાર્તાકારનો ગ્રામજીવનનો અનુભવ વિષયવસ્તુના આલેખનમાં ઘણો ખપમાં આવ્યો છે. ગ્રામજીવનની બોલી, તેની લઢણો વાર્તાકારનું ભાષા પ્રભુત્વને દર્શાવે છે. વાર્તામાં હોખમણના મણીકા, હડિયાપાટી, કડદો, ફદિયા, ખાખીની જૂડી જેવા શબ્દો સોરઠી બોલીને ઉજાગર કરે છે. વાર્તાના પરિવેશને અનુરૂપ ભાષાનું સ્તર અનુભવાય છે.

જીબાપુ જેવા ગામના સત્તાધીશ મેપા દેપૂ જેવાને વેઠિયા ગણીને દિવસ-રાત મજૂરી કરાવી તેનું મહેનતાણું આપતા નથી. અહીં શોષણનું  નિરૂપણ સહજ રીતે આગળ વધતી વાર્તાના ઘટનાક્રમમાં એકરૂપ બનીને પ્રગટ થયું છે. ગ્રામજીવનનું તાદૃશ્ય નિરૂપણ કરવાની હથોટી જેને હસ્તગત છે એવા વાર્તાકાર માય ડિયર જયુની આ ઉત્તમ વાર્તા બની રહે છે.

**મફત ઓઝા (01-03-1944)**

**'ભૂતિયો આરો'**

મફત ઓઝાકૃત 'ભૂતિયો કૂવો' વાર્તામાં નાનજી ડોસાનો દીકરો દમજી ધરમિયા ગામના મુખીની દીકરી સમુને પરણવા માંગે છે. સમુના પિતા પ્રાગજી લગ્નનો વિરોધ કરે છે. વિરોધના ડરે સમુ દમજીની જિંદગી બચાવવા તેને ધરમનો ભાઈ બનાવે છે. દલિત પુરુષ અને સવર્ણ સ્ત્રીનો સંબંધ આલેખાયો છે.

તેમ છતાં વાર્તાના અંતે સમુની થયેલી બદનામીથી ઉશ્કેરાયેલા સમુના પિતા પ્રાગજી દમજીને ગોળી મારીને મારી નાંખે છે. વાર્તામાં ગામના મુખીપદે રહેલા પ્રાગજી પડોશી ગામના મુખીપદે રહેલા પ્રાગજી પડોશી ગામના દમજીને પોતાની વાતનો ખુલાસો કરવાની તક પણ આપતા નથી.

વાર્તામાં દીકરીનો બાપ પોતાના પરિવારની આબરૂ બચાવવા એક યુવાનની હત્યા કરે છે. વાર્તા કરુણાંત બને છે. વાર્તામાં સવર્ણ સ્ત્રી દ્વારા દલિત પુરુષનું થતું શોષણ નિરૂપ્યું છે.

**કિરીટ દૂધાત (01-01-1961)**

**'બાયું'**

સવજીઆતા, રામજી આતા, વાઘજી આતા અને ભગત એ ચાર ભાઈઓ વચ્ચે વાઘજીઆતાની છોકરી મંજુ એકમાત્ર છોકરી હતી. ચારે ભાઈઓને, એમની વહુઓને અને ચારે ભાઈઓની મા જકલમા સૌને મંજુ બહુ વહાલી હતી.

"મંજુનું સગપણ નાનપણથી મેડીના સરપંચ રતિભાઈ વિરાણીના છોકરા દિનેશ વેરે કરેલું. દિનેશ એના બાપાને એકનો એક હતો. તેની મા એને નાનો મેલીને ગુજરી ગયેલી. આટલાં વરસ બરાબર ચાલ્યું અને લગ્નને હવે બે-ત્રણ મહિના બાકી હતા ત્યારે તેને કોઈએ ઠસાવેલું કે મંજુને સાથળ પર કોઢ છે. પંથકમાં પહેલાં એક-બે છોકરીઓને આવા ડાઘ પહેલી રાતે પકડાઈ ગયેલા ત્યારે એમના ધણીઓએ એમને કાઢી મૂકેલી, એટલે દિનેશ ભવિષ્યમાં ભવાડો ન થાય એમ અગાઉથી ચકાસણી કરી લેવા માંગતો હતો. એણે કહેવરાવેલું કે તમે કહેતા હો તો હું આવીને ખાતરી કરી જાઉં, નહીંતર મંજુલાને અહીંયાં મોકલો."[141]

હવે વાર્તાનું વિષયવસ્તુ દિનેશની આ ખાતરી કરવાની જીદ ઉપર આધારિત છે. સર્જક જેમને 'બાયું'ના નામથી ઓળખાવે છે એ સ્ત્રીઓ દિનેશની આ માંગણી સામે વિરોધ નોંધાવી રહી છે અને પુરુષવર્ગ દિનેશની આ માંગણી પૂરી કરી મંજુનાં લગ્ન પતાવી દેવાની વેતરણમાં છે.

સ્ત્રીઓ એટલે કે 'બાયું'ઓનો વિરોધ એટલા માટે છે કે મંજુને આ કારણે કેટલું માનસિક શોષણ અનુભવાશે એનાથી એ લોકો સુપેરે પરિચિત છે. જ્યારે પુરુષવર્ગ એટલે કે 'ભાયું'ઓને 'બાયું'નું કહેવાનું માનવાથી લગ્ન તૂટી જવાથી ભવિષ્યમાં એ સંબંધ કેમ તૂટી ગયો એ પ્રશ્નનો જવાબ આપવાનો થશે એની પણ ચિંતા છે. "લ્યો બોલ્યાં, સંબંધ તોડી નાખો! અને બીજ્યે સંબંધ જોડવા જાઈ તંઈ ઓલ્યા પેલો પ્રશ્ન ઈ જ પૂછવાના ને કે અગાઉનો સંબંધ કેમ તૂટી ગયો?"[142] આમ પુરુષો માટે આ કેવળ ખરાઈનો ખેલ હતો અને એ નહિ કરવાથી મંજુનો સંબંધ તૂટી જવાનો ભય હતો. જ્યારે સ્ત્રીઓ માટે આ સન્માનનો અને મંજુએ ક્ષોભનો સામનો કરવો પડશે એની ચિંતા હતી. અંતે જ્યારે પુરુષવર્ગની અને દિનેશની જીદ સામે સ્ત્રીઓ (બાયું)નું કંઈ ચાલતું નથી અને દિનેશને ખાતરી કરાવવા માટે મંજુલાને મોકલવામાં આવે છે અને દિનેશ ખાતરી કરી લે છે તો પણ સ્ત્રી વર્ગનો ગુસ્સો ઓછો નથી થતો અને જ્યારે પુરુષવર્ગ પોતે કેવું અક્કલથી કામ લીધું એમ કહી સ્ત્રીવર્ગને ઠપકો આપે છે ત્યારે ચંચળબા એમનો ગુસ્સો વ્યક્ત કર્યા વગર નથી રહી શકતા. અહીં નારીશોષણ સામેનો પરિવારની સ્ત્રીઓનો સામૂહિક વિરોધ રજૂ થયો છે.

આમ, સમગ્ર વાર્તા દિનેશની અયોગ્ય માંગણી અને એ માંગણી પૂરી કરવામાં શ્રેય સમજતા પુરુષવર્ગનો આગ્રહ અને જીદ સ્ત્રીઓની લાગણીઓ સમજવામાં નિષ્ફળ જાય છે એનું સચોટ નિરૂપણ છે.

**ભી.ન. વણકર**

**'વંટોળ'**

અનેક અર્થ ઉપજાવતી ભી.ન. વણકરની વાર્તા 'વંટોળ' દલિત નારીના શોષણને નિરૂપે છે. ગામના શંકર અને ફતેસંગ જેવા સવર્ણ દ્વારા થતા શોષણનો વિરોધ કરતી દલિત જીવલીનું પાત્ર નિરૂપાયું છે. 'વંટોળ' શબ્દને વાર્તાકારે પ્રતીકાત્મક રીતે નિરૂપ્યો છે. પ્રકૃતિનો વંટોળ, જીવલીને જોઈને શંકર અને ફતેસંગના શરીરમાં ઊઠતો વાસનાનો વંટોળ, જીવલીમાં ઊઠતો પ્રતિકારનો વંટોળ - આવા ત્રિવિધ વંટોળને આલેખતી વાર્તામાં આગની જ્વાળામાં હોમાઈ જતી જીવલીના પાત્ર દ્વારા શોષણની પરાકાષ્ઠા નિરૂપાઈ છે.

વાર્તામાં વગડાના નાના નાના ઉલ્લેખો ભવિષ્યની ઘટનાઓનો સંકેત આપે છે. વાર્તાના અંતે જીવલીનું ચંડી સ્વરૂપ વાર્તાકારે આ રીતે પ્રગટ કર્યું છે. 'ગરીબ છું, અછૂત છું ને અબળા છું એટલે કોઈના પગ નીચે પિસાઈ નહીં જાઉં, હમજ્યા! તમતમારે જાઓ, જીવતર લાજે એવું જીવવા કરતાં તો હું લડી લઈશ.'(143)

વાર્તામાં જીવલીનું પાત્ર સચોટ રીતે ઉપસાવ્યું છે. વનવગડામાં આંબાવાડિયું સાચવતી નારીની કથા બને છે. દલિત નારી હોવાને કારણે તેને હવસખોર સવર્ણોથી પોતાની જાતને બચાવવા એકલે હાથે ઝઝૂમવું પડે છે. વાર્તામાં દલિતો ગામના અત્યાચાર અને શોષણનો ભોગ બનતા દર્શાવ્યા છે.

**પ્રવીણ ગઢવી (13-05-1951)**

**'દરૂપદી'**

પ્રસ્તુત વાર્તામાં ઉપેક્ષિત જાતિઓમાં સ્ત્રી પર થતા અત્યાચારોની કોઈ સીમા નથી. વળી પુરુષના આક્રમણનો પ્રતિકાર કરવા જેટલું આત્મબળ ન ધરાવતી વાર્તાની નાયિકા દરૂપદીની સ્વગતોક્તિરૂપે રજૂ થઈ છે. દરેક સ્ત્રીના વિરોધ કરવાના જુદા જુદા રસ્તા હોય, કોઈ આત્મહત્યા કરે, કોઈ રણચંડી બની પુરુષવર્ગ સામે વિરોધ કરે તો કોઈ પોતાની જાતને અપરાધી માની ઈશ્વર સમક્ષ ફરિયાદ કરે.

પ્રસ્તુત વાર્તામાં વાર્તાકારે 'મિથ'નો સહારો લીધો છે. મહાભારતમાં દુર્યોધન દ્વારા દ્રૌપદીના વસ્ત્રાહરણના આલેખાયેલા પ્રસંગનો કથાનકમાં ઉપયોગ કર્યો છે.

વાર્તાની નાયિકા દરૂપદી અને અરજણ ગામના આધેડ એવા નરસી પટેલના ત્યાં દાડિયા તરીકે મજૂરી કરે છે. લંપટ એવા નરસીની નજર અરજણની વહુ દરૂપદી પર છે. સામે દરૂપદી શેર માટીની લાલચે નરસીના હાથે લૂંટાય છે. બદલામાં ગામના નરસી પટેલના હરીફ જીવુભાના માણસો દરૂપદીને આંતરીને 'રાંડ છેનાળવી' કહીને નિર્વસ્ત્ર કરી બજારમાં ફેરવે છે. ડો. કાન્તિ માલસતર નોંધે છે કે, 'મહાભારતની દરૂપદી અને આ વાર્તાની દરૂપદીમાં ફરક એ છે કે મહાભારતની દરૂપદી સાથે કૃષ્ણ હતા

ISBN-978-81-973071-8-8
First Edition

જ્યારે આ દરૂપદીનું વસ્ત્રાહરણ થાય છે ત્યારે કાળો કાગડોય આવતો નથી.'(144) આબરૂ બચાવવા નરસી પટેલ જાત્રાએ જતા રહે છે પણ અભાગી દરૂપદી તો બદનામી વહોરીને ઝૂંપડામાં જ રહી જાય છે.

પ્રસ્તુત વાર્તામાં વાર્તાકારે ભાષા પાસેથી ઉત્તમ કામ લીધું છે. દરૂપદીની સ્વગતોક્તિમાં દલિત રીતિના શબ્દો તથા શિયાળ, કૂતરા, ગીધ, દુઃશાસનો જેવાં પ્રતીક અને પુરાકલ્પનો નિરૂપીને દરૂપદીની વેદનાને અસરકારક રજૂઆત આપી છે.

**'જી, સાહેબ'**

દલિતોના રાજકીય શોષણને આલેખતી વાર્તા 'જી, સાહેબ' પ્રથમ પુરુષના કથનકેન્દ્રમાં રજૂઆત પામી છે. વાર્તાનાયક શિક્ષિત દલિત છે. જી.પી.એસ.સી.ની પરીક્ષા પાસ કર્યા બાદ અમદાવાદથી દૂરના વિસ્તારમાં થયેલા પોસ્ટિંગથી વાર્તાની શરૂઆત થાય છે. અધિકારીપદ પર આવ્યા પછી તે સૌને ન્યાયિક દૃષ્ટિથી જોવાનો પ્રયાસ કરે છે.

પરંતુ વાર્તાનાયક બાળપણમાં ચાલીઓમાં, શાળામાં એક અછૂત હરિજન તરીકે તેને જે અસ્પૃશ્યતાનું અપમાન સહન કરવું પડ્યુ છે તેને ભૂલી શકતો નથી. વાર્તામાં અતીતને વર્તમાન સાથે જોડીને તેને દલિત હોવાને કારણે વેઠવી પડેલી મુશ્કેલીઓનું નિરૂપણ કરતા વાર્તાકાર જણાવે છે કે – 'ધર્મે હિંદુ ને જાતે હરિજન. શાળામાં પાટી લઈને દાખલ થયા ત્યારથી સતત - તું હરિજન - તું અછૂત - શાળામાં રોજ વૈષ્ણવજન તો તેને કહીએ ગવાય પણ શિક્ષક શિક્ષિકાઓ સહાધ્યાયીઓ – સૌને એની સૂગ.'(145)

હવ  કલાસવન અધિકારી બન્યા પછી વાર્તાનાયક વર્ગભેદમાંથી બહાર નીકળવા ઇચ્છે છે. તેને પોતાના સમાજ પ્રત્યે લાગણી છે. તે પોતાના નાત-બંધુઓ માટે કંઈક કરી છૂટવા માંગે છે. એક ટ્રેનિંગ દરમ્યાન તે 'અનામત પ્રથા હજારો વર્ષ ચાલુ રહેવી જોઈએ.' એ વાત પર ભાર મૂકે છે.

એક પ્રસંગમાં વાર્તાનાયકની સત્તા સામેની લાચારી પ્રગટ થાય છે. ગામના હરિજનોને જમીન આપવાના મામલે અનિચ્છાએ તે 'હરિજનો માટે દૂરનું ગામતળ સારું રહેશે...'(146) એવો હુકમ કરે છે.

આમ, વાર્તાના અંતે પોતે સત્તા ઉપર હોવા છતાં પોતાના હરિજનભાઈઓને કાયદેસરની જમીન પણ અપાવી શકતો નથી. ઉચ્ચ હોદ્દા પરનો અધિકારી હોવા છતાં, તેનું માનસ તો ગુલામ જ રહે છે. 'નવનિર્માણ' અને 'અનામત'નો ઉલ્લેખ આયાસપૂર્વક કરવામાં આવ્યો છે.

**'સપાટુ પેરવાનું મન'**

દલિત નારીના જાતીય શોષણની વાર્તા છે. વાર્તામાં દલિત વાર્તાનાયિકા ગગીના થયેલા શારીરિક શોષણની વાત કરવામાં આવી છે. 'ભરત ભરેલી સપાટું પેરી બજાર વચ્ચે હેંડવાનું' સ્વપ્ન સેવતી ગગી વાસના છોકરાઓ સાથે વગડામાં ભૂંભરા વીણવા જતી, તળાવમાં નહાવા પડતી. ભોળી અને નિર્દોષ ગંગી પર ગામનો પ્રહ્લાદ સુથાર નજર બગાડે છે. ભોળી ગગી પ્રહ્લાદને ટકોરતાં કહે પણ છે કે, 'હાથ પકડતાં અભડાતાય નથી!'(147) 'જાવ રે, કોઈ જોઈ જાય ત્યારે તો અભડાવાની બીક લાગે છે, તમને!'(148) સવર્ણ સમાજ ખપ પડે ત્યારે દલિતોનો ઉપયોગ કરવામાં પણ અચકાતો નથી.

ISBN-978-81-973071-8-8
First Edition

પ્રહ્લાદ ગગીના બધા જ કોડ પૂરા કરશે એવી ખાતરી આપી એક દિવસ તે ગગીનું શિયળ લૂંટવાનો પ્રયાસ કરે છે. તે દિવસ ગગી 'પોતે અભડાઈ ગઈ' હોવાનો અહેસાસ થાય છે. જો કે વાર્તામાં તેનો આક્રોશ કલાત્મકતા ધારણ કરી શક્યો નથી. જો કે વાર્તાકારે સવર્ણો પોતાના સ્વાર્થની પરિપૂર્તિ માટે દલિતોનો ઉપભોગ કરી જાહેરમાં તેમની સાથે આભડછેટ પાળવાની દોહરી નીતિ આલેખાઈ છે. વાર્તાકારે ગગીના મનોભાવને ભાષાના ઉચિત માધ્યમ વડે ઉપસાવ્યા છે. સવર્ણોના દંભ અને ગગીની નિર્દોષતા, લાચારીને વાર્તામાં સુપેરે પ્રગટ કરવામાં આવી છે.

પ્રવીણ ગઢવીની અન્ય એક વાર્તા 'ઘર'માં દલિતોની દયનીય સ્થિતિનો ચિતાર આલેખાયો છે. વાર્તાના આરંભે દલિતોના મોલ્લામાં તેમને શિયાળો, ઉનાળો અને ચોમાસામાં વેઠવી પડતી હાલાકીનું નિરૂપણ કર્યું છે. 'ગોવાને તો ઘર અને બાર રેલમછેલ હતી. લોકને લખમીની હોય, ગોવાને વરસાદના પાણીની... આ મોલ્લામાં જલમ્યા એટલે લખમી હારે વિદ્યા હારે આડવેર ને અન્ન હારે ય આડવેર?', 'ના ખાવા રોટલો, ન રહેવા હરખું ઘર, ન ખેડવા ટુકડો જમી...' આખા મોલ્લા પર દુકાળનો, વરસાદનો શરાપ...'[(149)] અહીં ઘટના અને ક્રિયાનું સમાયોજન સધાયું છે. સરકાર દ્વારા આવતી આર્થિક મદદ દરબારો, પટેલો જેવા સવર્ણો વચ્ચેથી જ ગપચાવી જાય. દલિતો માટે મંજૂર કરેલા જમીનના પ્લોટ સવર્ણો પોતાના સ્વાર્થ માટે વચ્ચેથી જ પચાવી પાડે છે. પરિણામે દલિતોની પરિસ્થિતિમાં કોઈ પણ પ્રકારનો સુધારો આવતો નથી. તેમની જિંદગી નરકથી પણ બદતર બનાવવામાં સવર્ણોનો સિંહફાળો છે.

સરકારે દાડિયાઓ માટે વીસ રૂપિયાની મજૂરી નક્કી કરી હોવા છતાં પટેલો તેમને દસ રૂપિયાથી વધારે મજૂરી ન આપીને તેમનું આર્થિક રીતે પણ શોષણ કરે છે. ગામમાં હરિજનોની સીટ પર ચૂંટાઈ આવેલા માવજીભાઈ પોતાના ભાષણમાં હરિજનો માટે ગામેગામ ઇંદિરાનગર બંધાવવાની યોજનાની વાત કરે છે. ભાવાજી સરપંચ દલિતોને ઘર બાંધવા જમીન આપવાની વાતમાં પોતાનો સૂર પુરાવે છે. પટેલના વાડા પાસે ગામતળ આપવાનો ભાવાજીની પંચાયત ઠરાવ કરે છે. પરંતુ ગામના પટેલોએ હોબાળો મચાવી 'અમારાં ઢોર ચ્યાં બાંધવા?' જેવા બહાના હેઠળ દલિતોને અપાયેલી જમીન પર પોતાની વાડ તાણી બાંધી. પ્લોટની જમીનનું ઠેકાણું પડતું નથી. વાર્તાનાયક ગોવાનું ઘર વરસાદનો માર ઝીલી ન શકતાં તૂટી પડે છે.

સમગ્ર વાર્તામાં સવર્ણો દ્વારા થતા દલિતો પરના અત્યાચાર અને શોષણની વાત નિરૂપવામાં આવી છે. સવર્ણોની જોહુકમી સહન કરતી દલિત પ્રજા તેમની કૃપા ઊતરવાની રાહ જોવામાં આખી જિંદગી હાડમારી સહન કરે છે. દુઃખ અને અપમાન સહન કરવાની દલિતોની માનસિકતા વાર્તાકારે નિરૂપી છે. દલિતો સવર્ણો સામે પોતાનો વિરોધ નોંધાવવાની હામ ભીડી શકતા નથી. દલિતવર્ગની બોલીનો ઉચિત વિનિયોગ થયો છે.

**'એકલવ્ય' અને 'મત્સ્યગંધા'**

પ્રવીણ ગઢવીની 'એકલવ્ય' અને 'મત્સ્યગંધા' જેવી વાર્તાઓમાં પુરાકલ્પનનો વિનિયોગ સુપેરે થયો છે. વાર્તાઓમાં સદીઓથી અન્યાયને સહન કરનાર દલિતવર્ગની વેદના, સંવેદના અને પીડા તારસ્વરે રજૂ કરવામાં આવી છે.

એક અલગ દૃષ્ટિકોણથી રજૂ કરવામાં આવેલા આ બંને કૃતિઓમાં આર્યોનો અનાર્યો પ્રતિનો પક્ષપાતી વ્યવહાર રજૂ કરવાનો સર્જકે પ્રયાસ કર્યો છે. અલગ દૃષ્ટિકોણથી કોઈ ઘટના અથવા ઘટનાઓને જોવી એ સ્વાભાવિક છે. અડધો ગ્લાસ પાણીથી ભરેલો છે અને અડધો ગ્લાસ ખાલી છે એ બંને વાત સાચી છે, પણ અડધા પાણીથી ભરેલા ગ્લાસને સંપૂર્ણ ખાલી અથવા સંપૂર્ણ ભરેલો બતાવવો એ તાર્કિક રીતે અસ્વીકાર્ય બને છે.

સર્જકે બંને કૃતિ અનાર્ય એવા 'એકલવ્ય' અને 'મત્સ્યગંધા'ની નજરે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. મનોભાવનું, ભૌગોલિક સ્થિતિનું અને ઇતિહાસનું એક અલગ દૃષ્ટિકોણથી કરવામાં આવેલું વર્ણન અદભુત છે, આવકાર્ય પણ છે. વર્ષોથી શાંતિપ્રિય એવી આ દેશની મૂળ પ્રજા જેને આર્યોએ પોતાના આયુધોથી એમના મૂળ રહેવાસોથી ખદેડી અને એમનું આધિપત્ય સ્વીકારવા મજબૂર કરી એ ઐતિહાસિક સત્ય સર્જકે ખૂબ સુંદર રીતે રજૂ કર્યું છે અને એ માટે ઇતિહાસનાં પાનાંનાં બે મજબૂત પાત્રો એટલે કે 'એકલવ્ય' અને 'મત્સ્યગંધા'ના મનોભાવો દ્વારા રજૂ કરીને વાચકને લખાયેલ, વંચાયેલ અને લોકજીભે ચઢી ગયેલ ઇતિહાસનાં તથ્યોને નવસેરથી જોવા-વિચારવા પ્રેર્યો છે. સર્જકનો આ પ્રયાસ ખરેખર સરાહનીય છે.

'દસ્યુઓની નવી પેઢી એકલવ્યને પૂછે છે: સા માટે ઊંડા ઊતરો છો એમના ઇતિહાસના લોહિયાળ કળણમાં? આપણે ભૂત નથી, ભવિષ્ય નથી. આપણે શુદ્ધ ગિરિજન. એકલવ્ય હસી પડે છે. ભાઈ, આપણે નહોતા ગિરિજન. હસ્તકલાઓથી ઊભરાતાં હતાં આપણા હાટ, નગરો હતાં સિંધુ તીરે. પણ કદાચ નગરોમાં રહી ગયા હોઈશું થોડા પ્રમાદી. ગાંધારની ગિરિમાળાઓ પાર કરી ચઢી આવ્યા આર્યો. ડગલે ડગલે લડતા-હારતા-ખસતા આપણે આવ્યા છીએ વિંધ્યાચળનાં આ અરણ્યોમાં. આપણો ભૂતકાળ હતો. આર્યોએ નવાણું ગઢ જીત્યા શંબર હસ્તેથી. આ ઈંટોમાં લખેલાં હતાં આપણાં પુસ્તકો આદિ. જળપ્રલય પછી થયો જેના માનવનો જન્મ. ત્યાંથી માંડીને શંબર સુધીની હતી આપણી કથાઓ. ભૂંસાઈ ગયું બધું. આર્યો કંઠાગ્રે રાખે છે એમના વેદો. એમની વિજય ગાથાઓના પડછાયા રૂપે છે. આપણી યશોગાથાઓ. અને એટલે જાણું છું એમની બધી વિદ્યા. દ્રોણે મને અવમાન્યો ત્યાં સુધી તો હું શૂદ્રમાંથી આર્ય થવા મથતો હતો. નહોતો ગમતો મને કાળો રંગ ચામડીનો. આ ચિબ્બુ નાક, ટૂંકા હાથ, ટૂંકા પગ અને આ કાળા વાંકડિયા વાળ. મારે તો વાલ્મીકિની જેમ એમના બની જવું હતું.'[150]

સર્જકે આ કૃતિમાં શૂદ્રો પ્રત્યેના સવર્ણોના વ્યવહારને આર્યો-અનાર્યોની પૃષ્ઠભૂમિથી રજૂ કર્યો છે. સાથે સાથે સવર્ણોની રહેણીકરણી, દેખાવ વગેરેથી પ્રભાવિત થઈ એમના જેવા બનવાનો, એમના બની જવાનો શૂદ્રોનો અથવા દલિતોનો પ્રયત્ન કેટલાક વશિષ્ટ જેવા સવર્ણો નિષ્ફળ બનાવી દેશે અને દલિતોના

આ પ્રયાસમાં સહાયરૂપ થનાર વિશ્વામિત્ર જેવા સવર્ણોનો એમના જ સમાજ દ્વારા બહિષ્કાર કરવામાં આવે છે એ તથ્ય ઉજાગર કર્યું છે.

'દેવયાની, શૂપર્ણખા જેવી શૂદ્ર કન્યાઓ આર્યોના કચ કે રામ જેવા પુરુષો પર મોહી પડી તો એમના કેવા હાલ થયા, તુલસી જેવી આર્યકન્યા શંખચૂડ જેવા અનાર્ય પર મોહી અને શંખચૂડને જ પરણી તો એને છેતરીને એના કેવા હાલ થયા. સુંદ-ઉપસુંદ જેવા શક્તિશાળી ભાઈઓ વચ્ચે તિલોત્તમા જેવી સુંદરી મોકલીને કપટ કરીને આજ સુધી એક પાત્રમાં હરણનું માંસ જમનારા સુંદ-ઉપસુંદ તિલોત્તમાના ગૌર મોહમાં આવી ગયા સામસામા.'(151)

આમ, ઇતિહાસના શૂદ્ર પાત્રો અને આર્યો દ્વારા છળ, કપટ કે ધર્મની દુહાઈ દ્વારા કરાયેલા અન્યાયોની વાત કરી સર્જક દલિતસમાજને ચેતવે છે કે આ એટલે કે સવર્ણ જાતિના લોકો આર્યો દ્વારા અનાર્યો સાથે થયેલા અન્યાય અને છળ-કપટ જેવું જ આજે પણ દલિતો સાથે કરે છે. એમને શૂદ્રોની કન્યા ઉપવસ્ત્રની જેમ ખપે છે, વાલ્મીકિ જેવા શૂદ્રને આર્યો સ્વીકારે છે પણ એ માટે એમણે ગુણગાન તો રામ જેવા આર્યનાં જ ગાવાં પડે, તો.

પછી 'આર્ય સંસ્કાર'ની વાત કરી આર્યોમાં થયેલા વ્યભિચાર, દુરાચાર અને અન્યાયપૂર્ણ દૃષ્ટાંતો દ્વારા આર્યોના અત્યાચારોની શોણિત ધારાનો ઉલ્લેખ કરી સર્જક સવર્ણો દ્વારા થતા અત્યાચાર-દુરાચારને ધર્મ-આસ્થા કે સંસ્કારના નામે ચઢાવી દેવાની રીતિ અને દલિતો-શૂદ્રોને એ જ પ્રકારનાં કામ માટે દોષિત, દુરાચારી ઘોષિત કરવાની નીતિ-રીતિથી વાચકને અવગત કરાવ્યો છે.

'મત્સ્યગંધા'માં પણ સત્યવતીના ઐતિહાસિક પાત્રનો ઉપયોગ કરી આર્યો દ્વારા એમની 'ચમકતી તલવારો' સામે 'માછલીનો શિકાર કરવાના ભાલાથી' ટકવું મુશ્કેલ હતું કહીને સવર્ણો અને દલિતો વચ્ચેની આર્થિક, સામાજિક અસમાનતાને ઉજાગર કરી છે અને એને પરિણામે શરણાગતિ સ્વીકારતાં 'સત્યવતીના પિતા દસરાજ જેવા ઘણા દલિતોનો આક્રોશ એમના પ્રલાપમાં છલકતો હશે પણ એ નિઃશસ્ત્ર હતા, અસ્પૃશ્ય હતા, બીજું કરી શું શકે?'(152) કહીને એમની વિવશતા, નિઃસહાયતા રજૂ કરી છે.

સવર્ણો દ્વારા દલિતો ઉપર થતા અત્યાચારો અને એમને રાતોરાત ભરવા પડતા ઉચાળાને સત્યવતી-મત્સ્યગંધાની મનોવેદનામાં સર્જકે કંઈક આવી રીતે મૂક્યા છે-

'સત્યવતી-મત્સ્યગંધા અત્યારે જર્જર વસ્ત્ર શા ઇન્દ્રપ્રસ્થના સામ્રાજ્યનો સુવર્ણભાર મસ્તકેથી ઉતારી મૂકી પાછાં અરણ્યમાં આવ્યાં છે. એ જ કદંબનાં વૃક્ષો, એ જ યમુનાનો કાંઠો. યમુનાનાં એ જ જળ, ધીરે ધીરે ભૂંસાઈ ગયા શૂદ્રો. ન જાણે ક્યાં ચાલ્યા ગયા - સરકી ગયા - ભૂંસાઈ ગયા. એ આપ્તજન શૂદ્રો, એ તો ભાગ્યબળે મહેલોમાં પુરાઈ ગયા ત્યારે કિલ્લાની બહાર ન જાણે શું બની ગયું? આ બધી જમીનો આર્યોએ પડાવી લીધી. કાંઠાના કોતરોમાં આર્ય ઋષિઓ આશ્રમો બનાવી બેસી ગયા. બિચ્ચારા મારા ભાઈભાંડુઓ અરધી રાતે ઉચાળા ભરીને ન જાણે ક્યાંય ચાલ્યા ગયા હશે. પેટની ભૂખને ઠારવા ન જાણે કેટલાય વ્યવસાય કર્યા હશે. ઢોરનાં ચામડાં ચીર્યાં હશે, વેચ્યાં હશે. મુડદાલ માંસનું ભક્ષણ કર્યું હશે.

આર્યાવર્તનો ધ્વજ તો હવે બંગદેશ સુધી ફરકે છે. અને આ ધ્વજની છાયામાં શૂદ્ર તો કેમ જીવે? સત્યવતીને પોતાનું જીવન નિરર્થક વહી ગયેલા જળ જેવું લાગ્યું. કુળદ્રોહી રાજમહેલમાં ભાગ્યબળે પેસી ગઈ અને જે લોકો વચ્ચે માછલીની જેમ જીવી હતી એ લોકોને જ ભૂલી ગઈ. શું કર્યું? એણે ઇચ્છયું હોત તો શૂદ્રોને અસ્પૃશ્યતાના પડળમાંથી બહાર કાઢ્યા હોત. બ્રાહ્મણ, ક્ષત્રિય જેવા અધિકારી બનાવ્યા હોત. કરના શોષણમાંથી છોડાવી શકી હોત, પણ કશું ન કરી શકે. એ તો શાંતનુ રાજાના ઉપભોગની મદિરા હતી. એની પાસે દેહનું સૌંદર્ય હતું. એ માછલીની જેમ ટુકડે ટુકડે વેચાતું હતું.[153]

સાથોસાથ જે દલિતોને મત્સ્યગંધાના સૌંદર્યની જેમ એમની કોઈ આવડત -પછી એ એમનો અભ્યાસ હોય કે નેતાગીરીની કોઈ આવડત હોય કે ધંધાની કોઈ સૂઝ હોય કે એમને મળેલી કોઈ ઊંચી પદવીની નોકરી હોય પણ એ લોકો સવર્ણો દ્વારા કરાતી એમની એ આવડતના ઉપભોગનું કારણ માત્ર સવર્ણો વચ્ચે રહેવાની એક તક સમજી એને ટુકડે ટુકડે એમના અંગત ઉત્થાન માટે વેચતા રહે છે. પણ એમના દલિત ભાઈઓની અવદશા દૂર કરવામાં એમનો હાથ ઝીલવામાં રસ દાખવી શકતા નથી અથવા એ તક ચૂકી જાય છે જે એમને મળી છે અને જેને કારણે એ દલિતોને એમની આ પરિસ્થિતિમાંથી બહાર કાઢી શકે એમ હોય છે. જો એવો દલિતો કે જેમને એવી તક મળે છે એ જો એમના દલિત ભાઈઓનો હાથ પકડવાની હિંમત કરે, એમને એમના હકનું અપાવવાની જહેમત ઉઠાવે તો એ લોકો એમને શોષણમુક્ત કરી શકે એમ હોય છે. એ વાત પણ સર્જકે અહીં ખૂબ સરસ રીતે નિરૂપી છે.

સમગ્રતયા જોઈએ તો બંને કૃતિમાં કથાનાયક તરીકે રજૂ થયેલાં બંને પાત્રો - એકલવ્ય અને મત્સ્યગંધા દ્વારા સર્જકે દલિતોને થયેલા અન્યાય, એમની ઉપર થયેલા અત્યાચાર, સવર્ણોની બે-તરફી માનસિકતા કે જે સવર્ણ દ્વારા થયેલા એ જ પ્રકારના વર્તન-અપરાધને યોગ્ય ઠેરવવા અને એ જ વર્તન, વ્યવહાર કે અપરાધ માટે દલિતોને નીંદવા, દંડિત કરવા વગેરે સુપેરે રજૂ થયાં છે.

**રવીન્દ્ર પારેખ (21-11-1946)**

**‘દીવાલ’**

રવીન્દ્ર પારેખની ‘દીવાલ’ વાર્તામાં વેશ્યાજીવનને સારું કહેવડાવતી ગૃહિણીની પીડા અભિવ્યક્તિ પામી છે. લગ્ન કરીને ગૃહિણી બની પતિનો શારીરિક અને માનસિક ત્રાસ સહેવો એના કરતાં સ્વતંત્ર જીવન જીવતી વેશ્યાનો ધંધો સારો એવો તર્ક સ્ત્રીની વેદનાને વ્યક્ત કરે છે.

વાર્તામાં પતિ અને પત્ની માટે ધણી અને બૈરી એવું નામાભિધાન કરવામાં આવ્યું છે. વેશ્યાવાડાની બાજુની ખોલીમાં ભાડે રહેતાં પતિ-પત્ની તેમની મજબૂરીમાં વેશ્યાઓનું જીવન સહન કરી રહ્યાં છે. વાર્તાની ગૃહિણી પતિને બીજે રહેવા જવા માટે ઘણીવાર દબાણ કરે છે પરંતુ તેનો પતિ અપમાનજનક શબ્દોમાં પત્નીને કહે છે કે-

‘તે આટલા ભાડામાં રાજમે’લ તારો બાપ આલવાનો છ હું?’[154]

આર્થિક સંકડામણનો સામનો કરતાં પતિ-પત્ની વચ્ચે નિયમિત બોલાચાલી થતી રહે છે. પોતાના બાપાના પૈસે તાગડધિન્ના કરતા પતિને ગૃહિણી રોકતાં કહે છે કે - 'કાલે તો દહની નોટ લઈ ગ્યો ને આજે પાછો પૈહા માંગે છ?', 'ફદિયું હો નથી આલવાની... તારથી થાય તે કરલે, જા!'(155) ગૃહિણીની વાતથી ગુસ્સે થયેલો પતિ તેના ઉપર હાથ ઉપાડી પૈસા લઈ ઘરમાંથી નીકળી જાય છે. પૈસાથી પોતાને રોજેરોજ લૂંટ્યા કરતા પતિને તે પ્રશ્ન કરે છે કે - 'તે તું આમ લૂંઈટા જ કરવાનો છ હું?' પતિનો જવાબ, 'તે એમ ને એમ નથી લૂંટતો હમજી!'(156)

પતિના અપમાનજનક શબ્દો સાંભળીને કાળઝાળ થયેલી ગૃહિણીને પતિના નામના છાજિયા લેવાનું મન થઈ આવે છે. લગ્ન બાદ દરેક પુરુષ પોતાની મર્દાનગીનો કડપ સ્ત્રીને બતાવીને તેનંજ શારીરિક, માનસિક અને આર્થિક રીતે શોષણ કરે છે.

વાર્તાના અંતભાગમાં ગૃહિણી બાજુની જ ખોલીમાં રહેતી વેશ્યાની ખુમારી માટે માન અનુભવતી કહે છે કે - 'બાજુમાં હો છે તો બૈરું જ કે'ની... પણ પૈહા લીધા વગર કોઈને દાદરો ચઢવા દેતી નહીં... તે આ લગન કઈરા એના કરતાં તો બાજુમાં ઓત કે'ની તો... ભડવાને લાત મારીને તગેડી મેઈલો ઓત!'(157)

ગૃહિણીની ખોલી અને વેશ્યાની ખોલી વચ્ચેની એક જ દીવાલ કૂદી જવાની ગૃહિણીની માનસિક તૈયારી છે, પરંતુ સમાજનાં, લગ્નજીવનનાં બંધનોને તોડીને જઈ શકાય તેમ નથી. અહીં ધંધો કરતી વેશ્યાને મરજી મુજબ જીવતી જોઈને ગૃહિણીને પોતાના પગમાં પડેલી બેડીઓ અકારી થઈ પડે છે. અહીં નારીમનના શોષણને વાર્તાકારે અસરકારક રીતે નિરૂપ્યું છે. વાર્તામાં આદિવાસી બોલીનો લહેકો સાંભળવા મળે છે.

**અમૃત મકવાણા**

**'રાત ગઈ ને વાત ગઈ'**

આલ્બેર કામુએ 'આઉટ સાઈડર'માં ખૂબ સુંદર રીતે વ્યક્ત કર્યું છે કે મનુષ્ય એ સંજોગોનો ગુલામ છે અને ના ઇચ્છતો હોવા છતાં ક્ષણિક આવેગ અને આવેશમાં ક્યારેક ગંભીર ભૂલનો ભોગ બને છે. 'રાત ગઈ ને વાત ગઈ'માં કંઈક આવી જ ભૂલ સંજોગવશાત્ મધલાથી થઈ ગઈ. અમૃત મકવાણાએ સવર્ણ વર્ગની માનસિકતા અને પછાત તેમજ દલિત વર્ગની દબાયેલી, કચડાયેલી ભાવનાઓને બ-ખૂબી વ્યક્ત કરી છે.

સર્જકે પછાત-દલિત વર્ગના લોકોની આર્થિક પરિસ્થિતિનું વર્ણન ફક્ત એક વાક્યમાં કરવા લખ્યું, 'હાથ-પગ ઉપરનું જીવન.' અર્થાત્ મહેનત કરીને પેટિયું રળે અને એ માટે પણ આધાર સવર્ણ એવા દરબારોનો. પણ સાથેસાથે માનવની સહજ લાગણીઓથી સભર આ દલિત સમાજને મન વિવાહ ટાણે ઉત્સાહ પણ ભારોભાર. પ્રસંગની ઉજવણીનો ઉમંગ દલિત સ્ત્રીઓને આછી-પાતળી આર્થિક સ્થિતિના રંજને પણ ભુલાવી મન ભરી માણવો છે. સર્જક ખૂબ સુંદર રીતે એમની ભાવનાઓને વ્યક્ત કરતાં લખે છે,

'લગનમાં રાતીજનો એટલે ભયો ભયો. મોટું માહતમય બૈરા સજેધજે. પૂઠમાં ધૂળ ભરાવતા મજૂરિયાને સજવા-ધજવાનું તો ઠીક મારા ભાઈ આ તો માયલો ઊલટમાં હોય એથી સૌ વાનાં રૂડાં રૂપાડાં. બે સારા સાડલા હોય તેની ધણિયાણીને જાણે દોમ દોમ સાયબી. બધા મનના કારણ. એટલે જ વખાનો કોઈ વલોપાત નહીં. ગોલીપણા તો લમણે લખેલા જ છે એટલે માણ્યું એટલું સાચું, બાકી ભોંમાં ભંડાર્યા પછી કોણ હું ને કોણ તું?'(158)

સામાજિક આભડછેટ, આર્થિક પાયમાલી અને સતત અપમાનના ઘૂંટ પીતા જીવન વચ્ચે વિવાહ પ્રસંગે મહાલવાની તાલાવેલી જેવી માનવસહજ લાગણીઓને પણ સવર્ણ સમાજના પ્રતીક સમા હરુભા બાપુ સહન નથી કરી શકતા અને હરિજન વાસમાં ઢબૂકતા ઢોલને પણ સામાજિક વિષમતાનું સાધન બનાવી બંધ કરાવી દે છે.

'અલ્યા તમને કોઈ કે'વા વાળું નહીં? આ તૈણ પૈસાની ઢેઢડિયું હમી હાંજની લૈ મંડી છઅ, કોઈને હખે સુવા દેતા નથી. બંધ કરો આ ફજેતો...'(159)

ત્યારે 'વિવા ટાણે ના ગઈએ તો ચ્યાણે કાણ-મોકાણે ગઈએ?'(160) એમ કહી હરુભા બાપુને વિવા ટાણું છે એમ સૂચવવા ગયેલી મધલાની વહુ રૂખીને વાંહામાં સોર ઊઠી જાય એટલા જોરથી બાપુએ પરોણો ઉગામી ઠપકારી. આ નીચ માનસિકતાને કેવી રીતે પહોંચવું એ બાબતથી અજાણ મધલાએ ગુસ્સા અને દાઝમાં હરુભાને ઉપાડી પછાડી પછાડીને ટાઢા બોળ કરી દીધા.

પણ પછી 'હલવાણા'ની ભાવના ઉત્પન્ન થઈ, સવારે સવર્ણ એવો દરબાર સમાજ એમની શી હાલત કરશે એ વિચારથી ફફડી ઊઠ્યા. પાછું અભણ અને પછાત એવી આ વૈણ અંદરોઅંદર બાઝશે અને એકબીજાના ટાંગા કાપશે. આખો વાસ ઉજ્જડ થશે. આવા વિચારો વચ્ચે વહતાએ પાલા ભગતને અને પાલા ભગતને સમગ્ર વાસને વિશ્વાસે લઈ હમ ખવડાવી રાત ગઈ ને વાત કરી મૈત ને ઠેકાણે પાડી જાણે કંઈ બન્યું જ નથી એમ ચાલવામાં જ સૌની ભલાઈ છે એમ સમજાવી વાતને ઠકાણે પાડી.

પરંતુ આ સમગ્ર વાર્તાક્રમમાં સર્જકે દલિત સમાજની આર્થિક પાયમાલી, સવર્ણ સમાજની સામાજિક અસહિષ્ણુતા અને દલિત સમાજની માનવ સહજ ઉત્સાહ-ઉમંગની ભાવનાઓ સાથે સાથે ભૂલને સગેવગે કરવાની કોઠાસૂઝ અને સમ ખવડાવવાની સામાજિક અંધશ્રદ્ધા બધું વણી લીધું છે.

પરંતુ સર્જકનો મૂળ હેતુ સવર્ણ સમાજના ત્યાં ગોલા અથવા ગુલામની જેમ કામ કરતા આ દલિત સમાજને વિવા ટાણે પણ પોતાના ઉત્સાહ-ઉમંગની અભિવ્યક્તિ પોતાના વાસમાં કરતાં પણ સવર્ણ સમાજના પ્રતીક સમા હરુભા બાપુ દ્વારા જોરજુલમથી રોકવામાં આવે છે એ એમનું કેટલી હદે સામાજિક શોષણ છે તેનો તાદૃશ્ય દાખલો પૂરો પાડવાનો છે.

આ ઉપરાંત, જયંતિ દાફડાની 'બે વીઘા જમીન', પ્રવીણ સરવૈયાની 'ફળિયું', અભય પરમારની 'જેઠો ભણ્યો' જેવી ટૂંકી વાર્તાઓમાં દલિત વાર્તાકારની કલમે દલિતોના શોષણનું ચિત્ર આલેખાયું છે.

ISBN-978-81-973071-8-8
First Edition

**સંદર્ભ-સૂચિ**

*(1) 'એ લોકો', પ્રથમ આવૃત્તિ 1997, પૃ.74*

*(2) એજન, પૃ.75*

*(3) એજન, પૃ.79*

*(4) એજન, પૃ.79*

*(5) એજન, પૃ.79*

*(6) એજન, પૃ.67*

*(7) 'કુંભી', મોહન પરમાર, પ્ર.આ. ઓગસ્ટ 1996, પૃ. 138*

*(8) એજન, પૃ.139*

*(9) એજન, પૃ.142*

*(10) એજન, પૃ.75*

*(11) એજન, પૃ.75)*

*(12) 'દલિતચેતનાકેન્દ્રી વાર્તાઓ', ગણપત સોઢા, પૃ.38*

*(13) 'નકલંક', મોહન પરમાર, રન્નાદે પ્રકાશન, પ્ર.આ. 2014, પૃ.41*

*(14) એજન, પૃ.164*

*(15) એજન, પૃ.164*

*(16) એજન, પૃ.164*

*(17) એજન, પૃ.164*

*(18) એજન, પૃ.166*

*(19) એજન, પૃ.169*

*(20) એજન, પૃ.171*

*(21) એજન, પૃ. 8*

*(22) એજન, પૃ. 8 અને 9*

*(23) 'મૂંઝારો', દલપત ચૌહાણ, હર્ષ પ્રકાશન, પ્ર.આ. 2002, પૃ.17*

*(24) એજન, પૃ.21*

*(25) એજન, પૃ.19*

*(26) એજન, પૃ.46*

*(27) એજન, પૃ.46*

*(28) એજન, પૃ.47*

*(29) એજન, પૃ.52*

*(30) એજન, પૃ.53*

*(31) એજન, પૃ.95*

*(32) એજન, પૃ.99*

*(33) એજન. પૃ.99*

*(34) એજન, પૃ.103*

*(35) એજન, પૃ.113*

*(36) એજન, પૃ.115*

*(37) એજન, પૃ.115*

*(38) એજન, પૃ.133*

*(39) એજન, પૃ.138*

*(40) એજન, પૃ.161*

*(41) એજન, પૃ.169*

*(42) એજન, પૃ.169*

*(43) એજન પૃ.185*

*(44) એજન, પૃ.185*

*(45) એજન, પૃ.191*

*(46) એજન, પૃ.178*

*(47) એજન, પૃ.182*

*(48) 'શતરૂપા', સંપા. શરીફા વીજળીવાળા, ગૂર્જર પ્રકાશન, પુનર્મુદ્રણ એપ્રિલ 2009, પૃ.230*

*(49) એજન, પૃ.230*

*(50) એજન, પૃ.230*

*(51) એજન, પૃ.228*

*(52) 'ગૂર્જર અદ્યતન નવલિકા સંચય', સંપા. રઘુવીર ચૌધરી, હરિકૃષ્ણ પાઠક, પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્ર.આ. 1998, પૃ.167*

*(53) 'ફરી આંબા મહોરે', જોસેફ મેકવાન, પ્રકાશક - આર.આર. શેઠની કંપની, પ્ર.આ. ઓક્ટોબર, 1998, પૃ.35*

*(54) એજન, પૃ.32*

*(55) એજન, પૃ.32*

*(56) એજન, પૃ.32*

*(57) એજન, પૃ.32*

*(58) એજન, પૃ.37*

*(59) એજન, પૃ. 42*

*(60) 'પન્નાભાભી', જોસેફ મેકવાન, પ્રકાશક – ડિવાઇન પબ્લિકેશન્સ, પુનર્મુદ્રણ એપ્રિલ 2009, પૃ.20*

*(61) 'ગુજરાતી દલિતવાર્તા', સંપા. મોહન પરમાર, હરીશ મંગલમ્, ડિવાઇન પબ્લિકેશન્સ, પ્ર.આ. 2010, પૃ.66*

*(62) એજન, પૃ.66, 67*

*(63) એજન, પૃ.67*

*(64) એજન, પૃ.70*

*(65) 'તલપ', હરીશ મંગલમ્, કુમકુમ પ્રકાશન, પ્ર.આ. એપ્રિલ 2001, પૃ.5-6*

*(66) 'તલપ', હરીશ મંગલમ્, કુમકુમ પ્રકાશન, પ્ર.આ. એપ્રિલ 2001, પૃ.60*

*(67) એજન, પૃ.63*

*(68) એજન, પૃ.64*

*(69) એજન, પૃ.64*

*(70) એજન, પૃ.64*

*(71) 'વાર્તાપર્વ', બાબુ દાવલપુરા, પાર્શ્વ પ્રકાશન, પૃ.161*

*(72) એજન, પૃ.60*

*(73) એજન, પૃ.109*

*(74) એજન, પૃ.112*

*(75) એજન, પૃ.112*

*(76) એજન, પૃ.115*

*(77) એજન, પૃ.119*

*(78) એજન, પૃ.120*

*(79) એજન, પૃ.127*

*(80) એજન, પૃ.128*

*(81) એજન, પૃ.128*

*(82) 'નરક', ધરમાભાઈ શ્રીમાળી, પ્રકાશક - ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, આવૃત્તિ 2003, પૃ.6*

*(83) એજન, પૃ.30*

*(84) 'સાંકળ', ધરમાભાઈ શ્રીમાળી, વિક્રેતાઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પૃ.44*

*(85) એજન, પૃ.36*

*(86) 'નારીચેતનાની નવલિકાઓ', સંપા. ડો. રૂપાલી જે. બર્ક, પ્રકાશક - વી. જે. પબ્લિકેશન, પ્ર.આ. 2003, પૃ.1*

*(87) એજન, પૃ.2*

*(88) એજન, પૃ.27*

*(89) એજન, પૃ.65*

*(90) એજન, પૃ.98*

*(91) એજન, પૃ.100*

*(92) 'બી. કેશરશિવમની નારીચેતનાની નવલિકાઓ', સંપા. ભાર્ગવ ઓમગુરૂ, પ્રકાશક - વી. જે. પબ્લિકેશન, પ્ર.આ. 2004, પૃ. 89*

*(93) એજન, પૃ.89*

*(94) એજન, પૃ.95*

*(95) 'હેલો સૂર્યા', હરીશ નાગ્રેચા, પ્રકાશક - રન્નાદે પ્રકાશન, પ્ર.આ. નવેમ્બર 2002, પૃ.80*

*(96) એજન, પૃ.81*

*(97) એજન, પૃ.85*

*(98) એજન, પૃ.85*

*(99) એજન, પૃ.87*

*(100) એજન, પૃ.123*

*(101) એજન, (પૃ.124*

*(102) એજન, પૃ.124*

*(103) એજન, પૃ.128*

*(104) એજન, પૃ.128*

*(105) એજન, પૃ.132*

*(106) 'ગૂર્જર અદ્યતન નવલિકા સંચય', સંપા. રઘુવીર ચૌધરી, હરિકૃષ્ણ પાઠક, પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્ર.આ. 1998, પૃ.72*

*(107) એજન, પૃ.73*

*(108) એજન, પૃ.75*

*(109) એજન, પૃ.76*

*(110) 'શતરૂપા', સંપા. શરીફા વીજળીવાળા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પુનર્મુદ્રણ એપ્રિલ 2009, પૃ.194*

*(111) એજન, પૃ.199*

*(112) એજન, પૃ.185*

(113) એજન, પૃ.187

(114) 'અદૃશ્ય દીવાલો', માવજી મહેશ્વરી, પ્રકાશક - આર.આર. શેઠની કંપની, પ્ર.આ. ડિસેમ્બર 2000, પૃ.124

(115) એજન, પૃ.124

(116) 'સુગંધિત પવન', પ્રવીણસિંહ ચાવડા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્ર.આ. 1998, પૃ.151

(117) એજન, પૃ.151

(118) એજન, પૃ.152

(119) એજન, પૃ.155

(120) એજન, પૃ.156

(121) એજન, પૃ.156

(122) એજન, પૃ.157

(123) એજન, પૃ.158

(124) 'જીવ', માય ડિયર જયુ, લટ્ટર પ્રકાશન, ભાવનગર, આવૃત્તિ 2009 પૃ.73

(125) એજન, પૃ.73

(126) એજન, પૃ.74

(127) એજન, પૃ.74

(128) એજન, પૃ.75

(129) એજન, પૃ.75

(130) એજન, પૃ.77

(131) એજન, પૃ.77

(132) એજન, પૃ.79

(133) એજન, પૃ.82

(134) એજન, પૃ.82

(135) 'મને ટાણા લઈ જાવ!', માય ડિયર જયુ, લટ્ટર પ્રકાશન, ભાવનગર, આવૃત્તિ 2009, પૃ.99

(136) એજન પૃ.100

(137) એજન, પૃ.105

(138) એજન, પૃ.106

(139) એજન, પૃ.106

(140) એજન, પૃ.106

(141) 'બાપાની પીંપર', નવભારત સાહિત્ય મંદિર, પ્ર.આ.૧૯૯૮, પૃ.45

*(142) એજન, પૃ.47*

*(143) 'વિલોપન', ભી. ન. વણકર, પૃ.22*

*(144) 'દલિત કથાવિમર્શ', ડો. કાન્તિ માલસતર, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, પ્ર.આ. ફેબ્રુઆરી 2010*

*(145) એજન, પૃ.43*

*(146) એજન, પૃ.57*

*(147) એજન, પૃ.59*

*(148) એજન, પૃ.59*

*(149) એજન, પૃ.66*

*(150) એજન, પૃ.130*

*(151) એજન, પૃ.141*

*(152) એજન, પૃ.123*

*(153) એજન, પૃ.124*

*(154) 'શતરૂપા', સંપા. શરીફા વીજળીવાળા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પુનર્મુદ્રણ એપ્રિલ 2009, પૃ.300*

*(155) એજન, પૃ.302*

*(156) એજન, પૃ.302*

*(157) એજન, પૃ.302*

*(158) 'વિસ્મય', સંપા. મોહન પરમાર, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્ર.આ. 2016, પૃ.12*

*(159) એજન, પૃ.13*

*(160) એજન, પૃ. 14*

*=*